કિં. ₹૨૦/-
પાના નં.૧

ઑગષ્ટ-સપ્ટેમ્બર
૨૦૨૧

સળંગ અંક: ૯૧
વર્ષ : ૧૭

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું પારિવારીક સામાયિક

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

gnyatisetu.com

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ
અમદાવાદ

જ્ઞાતિજનો દ્વારા • જ્ઞાતિજનો માટે
MED AID
સ્વ. કાન્તીલાલ નાગજીભાઈ બારમેડા
મેડિકલ સહાયતા ફંડ

અમદાવાદ જ્ઞાતિ દ્વારા સ્કોલરશીપ પ્રોગ્રામ
વિદ્યાસેતુ
श्रेष्ठानि विद्या दानानि सर्वदा



પાણી લા સકેવારે કચ્છ જો
પાણી સે પનારો પઈ વ્યો,
કાંટે ને કંઢે મેં રોળાય વારો
'ગુલાબ' જો ઈજારો થઈ વ્યો.

-કવિતા સોલંકી 'કવન'

પાલારધુના, નખત્રાણા - કચ્છ

સ્મરણાંજલિ - કાંતિલાલ મૈચા...૯ | આંતરરાષ્ટ્રીય શિક્ષણ-૨...૧૬ | સ્વયં સિદ્ધ મહિલા શક્તિ...૨૧ | આજના યુવાનો માટે પ્રેરણાદાયક...૩૩

VA

Vinod Soni
98254 28255

## M/s. Velji Anandji

**Dealers & Manufacturers of Gold Ornaments**

Prime Point Shop No.3, Opp. NCC Office,
Santoshi Mata Mandir Road,
Bhuj- Kutch 370 001
Ph. (02832) 220126, 221451
email:va220126@gmail.com, vco221451@gmail.com

---

925 Sterling Silver Jewellery | Silver Jewellery
All Type of Gold Nosepin | Bali | Ring & Gold - Silver Ornaments

## DISHITA ORNAMENTS

"Precious Ethnic Art"

Wholesaler of Gold & Silver Ornaments

Mausam Patadiya | +91 990 991 1093
Keyur Patadiya | +91 962 448 0916

Office | +079 2216 3040
dishitaornaments@gmail.com

88/86, Ghanchi Ni Pole,
Nr. Jain Derasar, M. G. Haveli Road,
Manek Chowk, Ahmedabad (Guj.) India

/dishitaornaments /dishita_ornaments

---

## PrabhuKrupa Jewellers

BIS Approved Hallmark Gold Jewellery
Dealers & Makers of Gold and Silver Ornaments

Symbol of Trust & Beauty

Atul Soni : 97250 38140
Anil S. Soni : 98242 85210
Kirtan A. Soni : 90336 28998

5, Srimadshikhar Complex,
M.P. Road, Anjar-Kutch.
02836-242347
asoni2910@gmail.com
prabhukrupajewellers
prabhukrupajewellers

---

## વૈશાલી જ્વેલર્સ

સોના-ચાંદી ના દાગીના બનાવનાર તથા વેચનાર

દિનેશ જે. સોની
(M) 9426448597
9601717555

જે. જે. કોમ્પ્લેક્ષ
બેંક ઓફ ઈન્ડિયા ની બાજુમાં, સુભાષ ચોક,
મુ. તલોદ, જી. સાબરકાંઠા

---

## Ketan Enterprise

**TYRE | BATTERY | ALLOY WHEEL**




MRF apollo BRIDGESTONE CEAT Continental GOODYEAR JK TYRE TOTAL CONTROL

કેતન સી. પરમાર | ૯૮૨૫૨ ૩૪૬૫૭
ઈમેલ: ketanparmar69@gmail.com
લક્ષ્મી ચેમ્બર્સ, રવિ સિનેમા પાસે, ભુજ-કચ્છ
ફોન: ૦૨૮૩૨ ૨૨૧૪૧૬, ૨૫૩૪૧૬ | ઘર: ૦૨૮૩૨ ૨૫૦૦૫૩

---

Prakashbhai Soni
Nikul Soni

94288 98444
97258 66886

## Narmada JEWELLERS

*Manufacturer of Gold & Silver Ornaments*



916

Shivaji road,
Nr. Custom chawk
circle, Anjar.

---



## કંસારા નવનીતલાલ જગજીવનદાસ

NJ

સોના ચાંદીના વહેપારી

૪૫૦/૧-૩, સાંકડી શેરીના નાકે,
માણેક ચોક, અમદાવાદ - ૦૧.
ફોન : (દુ) ૨૨૧૪૨૮૮૦, ૨૨૧૪૪૯૭૪
(ઘ) ૨૨૧૪૬૯૪૧
મો.: ૯૮૭૯૫૩૯૩૧૧

---

## GAYATRI JEWELLERS

GOLD & SILVER ORNAMENTS

Shop No. 4,
Plot No. 510, Sector 5,
Opp. Bhavnath Temple,
Gandhidham - Kutch
Ph. : 02836 -236644
Email: gayatrijewellers1988@gmail.com

KISHOR P. SONI
98255 33371

NIKUNJ K. SONI
85114 67588

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૧૭ ● સળંગ અંક : ૯૧

ઓગસ્ટ / સપ્ટેમ્બર – ૨૦૨૧

**ચેરમેન**

મનુભાઈ કોટડિયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**મુખ્ય તંત્રી**

હંસરાજ કંસારા ૯૫૫૮૩ ૭૬૩૬૬

**તંત્રી મંડળ**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯

**સંપાદક મંડળ**

**મહિલા અને બાળ વિભાગ :**

શ્રીમતી લતાબેન સોલંકી ૯૭૨૫૩ ૨૦૪૪૪

**શિક્ષણ અને વ્યવસાય વિભાગ :**

પ્રો. રસીક મહીચ્છા ૯૪૨૮૭ ૪૮૨૪૮

**કલા અને સાહિત્ય વિભાગ :**

પ્રો. જીનલ પરમાર ૯૯૧૩૩ ૩૯૯૦૧

**ડિઝાઇન / મુદ્રણ આયોજન**

જયેશ ઘડિયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨

**વેબસાઇટ**

ચિરાગ બુદ્ધભટ્ટી ૯૯૭૯૬ ૩૬૨૬૬

**જ્ઞાતિ પ્રમુખ**

ગીરીશભાઈ સોની ૯૮૨૪૦ ૬૩૯૭૦

**માનદ્ સહયોગી**

**અમદાવાદ** નીલેશભાઈ પોમલ

**ભુજ** સુરેશ બીજલાણી

સુધાબેન બુધ્ધભટ્ટી

**જુનાગઢ** ડૉ. શૈલેષ બારમેડા

**અંજાર** અનિલ એસ. સોની

**માધાપર** હિતેશ સોની

**સાબરકાંઠા** દિનેશભાઈ સોની

**નખત્રાણા** પ્રફુલભાઈ કંસારા

**આદિપુર** સુનીલ સોલંકી

**ગાંધીધામ** કિશોર સોલંકી

**માંડવી** વિનોદભાઈ હેડાઉ

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**

અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** ૧૫,સુપર મોલ, સી.જી. રોડ, અમદાવાદ. ફોન : ૦૭૯-૪૮૯૭૧૩૨૨

વેબ સાઈટ : www.gnyatisetu.com

ઈ-મેલ : gnyatisetu@gmail.com

છુટક કિંમત રૂા. ૨૦/-

ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

આજીવન (૧૫ વર્ષ) રૂા. ૧૫૦૦/-

**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**

## તંત્રી સ્થાનેથી



### મહા મંડળની મહેક

સમયના પ્રવાહ સાથે સમાજમાં પ્રગતિશીલ પરિવર્તનો થતા રહે છે. એક સમય હતો જ્યારે આપણી જ્ઞાતિના સમૃધ્ધ અને સમજુ વડીલો નાતના પટેલ બનતા અને એ પટેલ, જ્ઞાતિ હિતનાં દરેક કાર્યના નિર્ણયો લેવા સર્વેસર્વા હતા.

હવે સમય બદલાઈ ગયો છે. પરિવર્તન ઝડપી થયું છે. સમય અને સંયોગો અનુસાર જ્ઞાતિ સમાજનું નેતૃત્વ બદલાતું રહે છે. હવે કોઈ એકહથ્થુ નેતૃત્વ નથી રહ્યું. નિર્ણયો સામૂહિક થાય છે. એટલું જ નહીં, સમાજની ધૂરાને સંભાળનારાઓ જે નક્કી થાય છે, તે પણ એક બે કે વધુ આગેવાનોના અથવા કોઈ એક કે તેથી વધુ જુથોની મુનસફી આધારીત નહીં બલકે તટસ્થ અને ન્યાયોચિત રીતે વિચારોની આપ-લે અને વ્યાપક દષ્ટિકોણ સાથે નક્કી કરવામાં આવે છે. હવે કોઈ એક સ્થળનું નહીં પરંતુ વિવિધ સ્થળોએ વસતા આપણા પરિવારોનું યથોચિત પ્રતિનિધિત્વ રહે તે બાબત આપોઆપ વિચારાય છે અને તે મુજબ નેતૃત્વ અંગેના નિર્ણયો લેવાય છે.

આપણા સમાજની સર્વોચ્ચ સંસ્થા મહામંડળના ટ્રસ્ટીમંડળ - કારોબારીની મુદત પૂર્ણ થયેલ છે. મહામંડળના નવા સુકાનીની વરણીની કામગીરી કોરોના કાળને લીધે મુલત્વી રહેલ. સમગ્ર દેશમાં વ્યાપ્ત સંસ્થાના નેતૃત્વ પરિવર્તનની સ્વાભાવિક પ્રક્રિયા હાલમાં શરૂ કરવામાં આવેલ છે. વિવિધ સ્થળે વસતા સમાજના અગ્રણીઓએ નેતૃત્વ સંભાળવા તૈયારી દર્શાવેલ છે. આ અંગે તાજેતરમાં અંજાર ખાતે કારોબારીની અને ભુજ ખાતે હોદ્દેદારોની મિટીંગ ખૂબ એખલાસભર્યા વાતાવરણમાં યોજાયેલ. સમાજના મોવડીઓએ નેતૃત્વની સર્વાનુમતે વરણી થાય તેવો મત વ્યક્ત કરેલ અને તે દિશામાં સમિતિ નિમી, કામગીરી શરૂ કરવામાં આવેલ છે, જે સમાજની એકતાનો અહેસાસ કરાવે છે. આ કાર્ય સંપન્ન થયે આપણા દેશવ્યાપી ઐક્ય અને વિવિધતાનું ઉદાહરણ બની રહેશે.

કોરોનાના કપરા કાળથી ભુજ જ્ઞાતિની મેડિકલ સમિતિ દ્વારા ખૂબ સરસ સેવાકીય પ્રવૃત્તિઓ થઈ રહેલ છે. સમાજના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વધુને વધુ ક્ષેત્રોમાં પ્રવૃત્તિઓનો વિસ્તાર કરી રહેલ છે, જે સમયોચિત અને પ્રશંસનીય છે.

આજના ડિજીટલ સમયમાં સમાજના લોકોને જોડવા અને સમાજ ઉપયોગી માહિતીઓ જન જન સુધી પહોંચાડવા ડિજીટલ માધ્યમ ઉપયોગી છે. અંજાર સમાજે આ ક્ષેત્રે પહેલ કરી સમાજના ઈ-મેગેઝીન "અવસર"ની શરૂઆત કરેલ છે. "અવસર"ના પ્રથમ અંકનું તાજેતરમાં વિમોચન કરવામાં આવેલ છે. "અવસર"ની સમગ્ર ટીમને "જ્ઞાતિસેતુ"ની શુભકામના.

કંસારા સેવા સમાજ દ્વારા પણ સમયાંતરે ઈ-મુખપત્ર સામાજીક માધ્યમો દ્વારા પ્રકાશિત થાય છે, જે સમગ્ર મારૂ કંસારા સમાજને જોડવાનું કાર્ય કરે છે. "જ્ઞાતિસેતુ" આ સર્વે કાર્યોની સહર્ષ નોંધ લે છે અને આ સાથે સંકળાયેલા સર્વે મહાનુભાવોને શુભેચ્છા પાઠવે છે.

**– અતુલ સોની**

સત્સંગ

# ગીતા શ્લોકો સાથે સાર – (૨)

**પ્રેષક : તુલસીદાસ કંસારા**

*કેટલાક તેજસ્વી અને બુદ્ધિમાન લોકોએ ખગોળ શાસ્ત્રના સોફ્ટવેરની મદદથી ત્યારના ખગોળીય - તારા મંડળોની સ્થિતિ તપાસીને કહેલ છે કે શ્રીકૃષ્ણ ઈ.સ. ૩૨૨૭ વર્ષો પહેલાં ૨૩ જુનના દિવસે જન્મેલ. તે હિસાબે મહાભારતના યુદ્ધ વખતે તેમની વય ૮૯ વર્ષની હતી, જ્યારે અર્જુન જે ૭-૮ વર્ષ પછી જન્મેલ, તેની વય પણ તેટલી જ હોય. આ યોગને **અનાસક્તિયોગ** પણ કહેવાય છે, કારણકે મોહને વશ થઈ, મનુષ્ય અધર્મને માને છે. મોહને લીધે પોતીકા અને પારકા એવો ભેદ અર્જુને કર્યો. એ ભેદ મિથ્યા છે એમ સમજાવતાં શ્રીકૃષ્ણ પ્રથમ દેહ અને આત્માની ભિન્નતા બતાવે છે. દેહની અનિત્યતા અને પૃથકતા તથા આત્માની નિત્યતા અને તેની એકતા બતાવે છે. પછી સમજાવે છે કે મનુષ્ય કેવળ પુરુષાર્થનો અધિકારી છે, પરિણામોનો નથી. તેથી તેણે કર્તવ્યનો નિશ્ચય કરી, નિશ્ચિંત રહી તેને વિશે પરાયણ રહેવું જોઈએ. એવી પરાયણતાથી તે મોક્ષ સાધી શકે છે.*

## અધ્યાય-૨ : સાંખ્ય યોગ

***સંજય ઉવાચ :***

*તં તથા કૃપયાવિષ્ટમશ્રુપૂર્ણાકુલેક્ષણમ્ ।*
*વિષીદન્તમિદં વાક્યમુવાચ મધુસૂદનઃ ॥ ૧ ॥*

***શ્રી ભગવાન ઉવાચ :***

*કુતસ્ત્વા કશ્મલમિદં વિષમે સમુપસ્થિતમ્ ।*
*અનાર્યજુષ્ટમસ્વર્ગ્યમકીર્તિકરમર્જુન ॥ ૨ ॥*

*ક્લૈબ્યં મા સ્મ ગમઃ પાર્થ નૈતત્ત્વય્યુપપદ્યતે ।*
*ક્ષુદ્રં હૃદયદૌર્બલ્યં ત્યક્ત્વોત્તિષ્ઠ પરન્તપ ॥ ૩ ॥*

**સાર :**

***અધ્યાય બીજાના – શ્લોક ૧ થી ૩*** માં સંજય વર્ણવે છે કે આંખમાં આંસુ અને હૃદયમાં શોક તથા વિષાદ ભરેલ અર્જુનને, મધુસૂદને (કૃષ્ણે) કહ્યું કે આ પ્રસંગે તમારી કાયરતા બતાવવાથી સ્વર્ગ કે ખ્યાતિ પ્રાપ્ત નથી થતા, તે શ્રેષ્ઠ લોકોનું કાર્ય નથી. તેથી, હે અર્જુન, નપુંસકતાનો ત્યાગ કરો અને યુદ્ધ માટે તૈયાર થાઓ.

***અર્જુન ઉવાચ :***

*કથં ભીષ્મમહં સંખ્યે દ્રોણં ચ મધુસૂદન ।*
*ઈષુભિઃ પ્રતિ યોત્સ્યામિ પૂજાર્હાવરિસૂદન ॥ ૪ ॥*

*ગુરૂનહત્વા હિ મહાનુભાવાન્ શ્રેયો ભોક્તું ભૈક્ષ્યમપીહ લોકે ।*
*હત્વાર્થકામાંસ્તુ ગુરુનિહૈવ ભુઞ્જીય ભોગાન્ રુધિરપ્રદિગ્ધાન્ ॥ ૫ ॥*

*ન ચૈતદ્વિદ્મઃ કરતન્નો ગરીયો યદ્વા જયેમ યદિ વા નો જયેયુઃ ।*
*યાનેવ હત્વા ન જિજીવિષામ - સ્તેવસ્થિતાઃ પ્રમુખે ધાર્તરાષ્ટ્રાં ॥ ૬ ॥*

***શ્લોક ૪ થી ૬*** માં અર્જુન કહે છે કે, હે મધુસૂદન, પૂજ્ય વડીલો (દ્રોણાચાર્ય, ધૃતરાષ્ટ્ર) અને ભાઈઓની હત્યા કરીને, પાપનો સહભાગી થવું વધુ સારૂં છે, કે આપણે ભીક્ષાનું ભોજન કરવું અને આનંદ માણવો તે યોગ્ય છે. મને તો એ પણ ખબર નથી પડતી કે – યુદ્ધ કરવું જોઈએ નહીં. તેમાં જીત અમારી કે કૌરવોની?

*કાર્પણ્યદોષોપહતસ્વભાવઃ પૃચ્છામિ ત્વાં ધર્મસમ્મૂઢચેતાઃ ।*
*યચ્છ્રેયઃ સ્યાન્નિશ્ચિતં બ્રૂહિ તન્મે શિષ્યસ્તેઽહં શાધિ માં ત્વાં પ્રપન્નમ ॥ ૭ ॥*

*ન હિ પ્રપશ્યામિ મમાપનુદ્યાદ્ યચ્છોકમુચ્છોષણમિન્દ્રિયાણામ્ ।*
*અવાપ્ય ભૂમાવસપત્નમૃદ્ધં રાજ્યં સુરાણામપિ ચાધિપત્યમ્ ॥ ૮ ॥*

***સંજય ઉવાચ :***

*એવમુક્ત્વા હૃષીકેશં ગુડાકેશઃ પરન્તપ ।*
*ન યોત્સ્ય ઈતિ ગોવિન્દમુક્ત્વા તૂષ્ણીં બભૂવ હ ॥ ૯ ॥*

*તમુવાચ હૃષીકેશઃ પ્રહસન્નિવ ભારત ।*
*સેનયોરુભયોર્મધ્યે વિષીદન્તમિદં વચઃ ॥ ૧૦ ॥*

***શ્લોક ૭ થી ૮*** માં અર્જુન કહે છે કે હું તમારો શિષ્ય છું અને હું તમારા આશ્રયમાં છું. મારી બુદ્ધિએ કામ કરવાનું બંધ કરી દીધું છે. કૃપા કરીને મારા હિતમાં સલાહ આપો. જો કોઈ મને આખી પૃથ્વીનું રાજ્ય અને દેવતાઓના ભગવાન એટલે કે ઈન્દ્રનું શાસન આપે, તો પણ હું યુદ્ધ દ્વારા મારા પર પાપનો ભાર મૂકવા માંગતો નથી. એટલે કે કોઈ મને ગમે તેટલું લલચાવે છે, પરંતુ હું માનતો નથી કે તમારા કોઈપણ ઉપદેશો મને યુદ્ધ માટે તૈયાર કરે.

***શ્લોક ૯ થી ૧૦*** માં સંજય કહે છે – હે રાજન, શ્રીકૃષ્ણને અર્જુન 'હું યુદ્ધ નહીં કરું' એવું સ્પષ્ટ કહીને અર્જુન મૌન થઈ ગયો. ત્યારે બંને સેનાની મધ્યમાં ગ્લાનિ અને વિષાદમાં ડુબેલા અર્જુનને સ્મિત કરતાં હૃષિકેશે આમ કહ્યું.

*અશોચ્યાનન્વશોચસ્ત્વં પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષસે ।*
*ગતાસૂનગતાંસૂશ્ચ નાનુશોચન્તિ પણ્ડિતાઃ ॥ ૧૧ ॥*

*ન ત્વેવાહં જાતુ નાસં ન ત્વં નેમે જનાધિપાઃ ।*
*ન ચૈવ ન ભવિષ્યામઃ સર્વે વયમતઃ પરમ્ ॥ ૧૨ ॥*

*દેહિનોસ્મિન્યથા દેહે કૌમારં યૌવનં જરા ।*
*ન ચૈવ ન ભવિષ્યામઃ સર્વે વયમતઃ પરમ્ ॥ ૧૨ ॥*

*દેહિનોસ્મિન્યથા દેહે કૌમારં યૌવનં જરા ।*
*તથા દેહાન્તરપ્રાપ્તિર્ધીરસ્તત્ર ન મુહ્યતિ ॥ ૧૩ ॥*

*માત્રાસ્પર્શાસ્તુ કૌન્તેય શીતોષ્ણસુખદુઃખદાઃ ।*
*આગમાપાયિનોઽનિત્યાસ્તાંસ્તિતિક્ષસ્વ ભારત ॥ ૧૪ ॥*

*યં હિ ન વ્યથયન્ત્યેતે પુરુષં પુરુષર્ષભ ।*
*સમદુઃખસુખં ધીરં સોઽમૃતત્વાય કલ્પતે ॥ ૧૫ ॥*

*નાસતો વિદ્યતે ભાવો નાભાવો વિદ્યતે સતઃ ।*
*ઉભયોરપિ દૃષ્ટોઽન્તસ્ત્વનયોસ્તત્ત્વદર્શિભિઃ ॥ ૧૬ ॥*

**શ્લોક ૧૧ થી ૧૬**માં શ્રીકૃષ્ણના મુખે અર્જુનને ઉદ્દેશીને વર્ણવવામાં આવ્યું છે કે જેનો શોક કરવો યોગ્ય નથી. તેનો શોક કરે છે અને પંડિતોની જેમ બોલી રહ્યો છે. વિદ્વાનો મૃત્યુ અને જીવનની ચિંતા કરતા નથી. એવું નથી કે તમે અને આ બધા સૈનિકો ક્યારેય ન હતા અથવા આગળ ન હશો. તેથી દુઃખ અને સુખ સહન કરવાની હિંમત રાખો અને આપણે બધા હંમેશાં જન્મ અને મરણના ફેરામાં હોઈએ છીએ.

*અવિનાશિ તુ તદ્વિદ્ધિ યેન સર્વમિદં તતમ્ ।*
*વિનાશમવ્યયસ્યાસ્ય ન કશ્ચિત્કર્તુમર્હતિ ॥ ૧૭ ॥*

**શ્લોક ૧૭** માં કહે છે કે વાસ્તવિક્તામાં, ભગવાન (સંપૂર્ણ બ્રહ્મ) જે સર્વત્ર વ્યાપક છે તે તત્ત્વ તો અવિનાશી છે, જે આખા બ્રહ્માંડમાં ફેલાયેલું છે. આ અવિનાશી તત્ત્વનો નાશ કદાપિ થતો નથી. તેજ શક્તિ દરેક જીવમાં અને કણોમાં હાજર છે. આ અવિનાશી વ્યાપક તત્ત્વ એટલે કે વ્યાપ્ત વિશે વિનોબાજી ગીતાઈ - ચિંતનિકામાં લખે છે કે –

*તે કારણત્વ અને પ્રકૃતિત્વથી વ્યાપ્ત છે. એટલે કે, એક હોય છે નિમિત્ત કારણ અને એક ઉપાદાન કારણ. મતલબ પ્રકૃતિત્વનો જેમાં સમાવેશ થયેલ છે તે. માટીના ઘડાનું નિમિત્ત કારણ છે કુંભાર અને ઉપાદાન કારણ છે માટી. માટી એટલે પ્રકૃતિ જડ છે. ચેતનાના સ્પર્શ વગર માટીમાંથી ઘડો બનતો નથી. ઘડો દેખાય છે, કુંભાર નથી દેખાતો. તે રીતે સમસ્ત સૃષ્ટિમાં પ્રકૃતિ ભરેલી છે. તે દેખાય છે, પરંતુ તેનો નિમિત્ત પરમાત્મા દેખાતો નથી. એક અંતસ્તત્વ (વસ્તુમાં રહેલું ગૂઢ તત્ત્વ, રહસ્ય, સાર) જગતમાં વ્યાપ્ત છે, તે તત્ત્વ છે, બ્રહ્મ. બ્રહ્મ નિમિત્ત પણ અને ઉપાદાન પણ છે. અંતર્બાહ્ય વ્યાપ્ત બ્રહ્મતત્ત્વનો કોઈ નાથ નથી કરી શકતું. માટે તે અવિનાશી છે.*

*અન્તવન્ત ઈમે દેહા નિત્યસ્યોક્તાઃ શરીરિણઃ ।*
*અનાશિનોઽપ્રમેયસ્ય તસ્માદ્યુધ્યસ્વ ભારત ॥ ૧૮ ॥*

*ય એનં વેત્તિ હન્તારં યશ્ચૈનં મન્યતે હતમ્ ।*
*ઉભૌ તૌ ન વિજાનીતો નાયં હન્તિ ન હન્યતે ॥ ૧૯ ॥*

*ન જાયતે મ્રિયતે વા કદાચિ – ન્નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ ।*
*અજો નિત્યઃ શાશ્વતોઽયં પુરાણો ન હન્યતે હન્યમાને શરીરે ॥ ૨૦ ॥*

*વેદાવિનાશિનં નિત્યં ય એનમજમવ્યયમ્ ।*
*કથં સ પુરુષઃ પાર્થ કં ઘાતયતિ હન્તિ કમ્ ॥ ૨૧ ॥*

**શ્લોક ૧૮ – ૨૧નો સાર :**

આ પંચ મહાભૂત (પૃથ્વી, અગ્નિ, વાયુ, જલ અને આકાશ)થી બનેલ શરીર તો વિનાશશીલ છે પરંતુ તેમાં વ્યાપી રહેલ આત્મા શાશ્વત છે. તેને કોઈ મારી શકતું નથી. આત્મા ન તો કદી જન્મે છે કે ન તો કદી મરે છે. એથી હે ભારત, તું યુદ્ધ કર. આત્મા તો અજન્મા, અવિનાશી અને અમર છે. શરીરનો નાશ ભલે થાય પરંતુ આત્માનો નાશ કદાપિ થતો નથી. હે પાર્થ, જે વ્યક્તિ આત્માને અવિનાશી, નિત્ય અને અજન્મા માને છે તે કોઈનો નાશ કેવી રીતે કરી શકવાનો છે? અને તે પોતે પણ કેવી રીતે મરી શકવાનો છે?

*વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય નવાનિ ગૃહ્ણાતિ નરોપરાણિ ।*
*તથા શરીરાણિ વિહાય જીર્ણા ન્યન્યાનિ સંયાતિ નવાનિ દેહી ॥ ૨૨ ॥*

*નૈનં છિન્દાન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।*
*ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ॥ ૨૩ ॥*

*અચ્છેદ્યોઽયમદાહ્યોઽયમક્લેદ્યોઽશોષ્ય એવ ચ ।*
*નિત્યઃ સર્વગતઃ સ્થાણુરચલોઽયં સનાતનઃ ॥ ૨૪ ॥*

*અવ્યક્તોઽયમચિન્ત્યોઽયમવિકાર્યોઽયમુચ્યતે ।*
*તસ્માદેવં વિદિત્વૈનં નાનુશોચિતુમર્હસિ ॥ ૨૫ ॥*

**શ્લોક ૨૨ – ૨૫** માં, આત્માની સ્થિતિ વર્ણવવામાં આવી છે. જેમ કોઈ માણસ જૂના કપડાંને છોડી દે છે અને બીજા નવા કપડાં પહેરે છે, તે જ રીતે, આત્મા જૂના શરીરમાંથી જૂના કપડાંની જેમ નીકળી અને અન્ય નવા શરીરમાં પહોંચે છે. આત્માને ન તો શસ્ત્ર છેદી શકે છે, ન અગ્નિ બાળી શકે છે, ન પાણી ભીંજવી શકે છે કે ન તો પવન સૂકવી શકે છે. આત્મા તો નિત્ય છે, સર્વવ્યાપી છે, અંતહીન છે, શાશ્વત છે. આત્મા ન તો સ્થૂળ આંખે જોઈ શકાય છે કે ન તો બુદ્ધિ વડે સમજી શકાય છે. આત્મા અવિકારી છે, હંમેશ માટે એકસરખો રહેનાર છે. એથી હે પાર્થ, તારે શોક કરવાની કોઈ આવશ્યક્તા નથી.

*અથ ચૈનં નિત્યજાતં નિત્યં વા મન્યસે મૃતમ્ ।*
*તથાપિ ત્વં મહાબાહો નૈવં શોચિતુમર્હસિ ॥ ૨૬ ॥*

*જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુર્ધ્રુવં જન્મ મૃતસ્ય ચ ।*
*તસ્માદપરિહાર્યેઽર્થે ન ત્વં શોચિતુમર્હસિ ॥ ૨૭ ॥*

*અવ્યક્તાદીનિ ભૂતાનિ વ્યક્તમધ્યાનિ ભારત ।*
*અવ્યક્તનિધનાન્યેવ તત્ર કા પરિદેવના ॥ ૨૮ ॥*

*આશ્ચર્યવત્પશ્યતિ કશ્ચિદેન - માશ્ચર્યવદ્વદતિ તથૈવ ચાન્યઃ ।*
*આશ્ચર્યવચ્ચૈનમન્યઃ શૃણોતિ શ્રુત્વાપ્યેનં વેદ ન ચૈવ કશ્ચિત્ ॥ ૨૯ ॥*

*દેહી નિત્યમવધ્યોઽયં દેહે સર્વસ્ય ભારત ।*
*તસ્માત્સર્વાણિ ભૂતાનિ ન ત્વં શોચિતુમર્હસિ ॥ ૩૦ ॥*

***શ્લોક ૨૬ થી ૩૦*** માં ભગવાન કહે છેઃ હે મહાબાહો, જો તું આત્માને વારેવારે જન્મ લેનાર અથવા મૃત્યુ પામનાર માનતો હોય, તો તારે માટે શોક કરવાનું કોઈ કારણ નથી. હે અર્જુન, દરેક જીવાત્મા જન્મ પહેલા અને મૃત્યુ પછી દેખાતો નથી. આ તો વચ્ચેની અવસ્થામાં જ તું એને જોઈ શકે છે. તો પછી એના માટે તું કેમ શોક કરે છે? કોઈ આત્માને અચરજથી જુએ છે, કોઈ અચરજથી એના વિશે વર્ણન કરે છે. પરંતુ આત્મા વિશે સાંભળનાર અનેકોમાંથી કોઈક જ એને ખરેખર જાણી શકે છે. હે ભારત, આત્મા નિત્ય છે, અવિનાશી છે, એથી તારે કોઈના મૃત્યુ પામવા પર શોક કરવાની જરૂરત નથી.

*સ્વધર્મમપિ ચાવેક્ષ્ય ન વિકમ્પિતુમર્હસિ ।*
*ધર્મ્યાદ્ધિ યુદ્ધાચ્છ્રેયોઽન્યત્ક્ષત્રિયસ્ય ન વિદ્યતે ॥ ૩૧ ॥*

*યદૃચ્છયા ચોપપન્નં સ્વર્ગદ્વારમપાવૃતમ ।*
*સુખિનઃ ક્ષત્રિયાઃ પાર્થ લભન્તે યુદ્ધમીદૃશમ્ ॥ ૩૨ ॥*

*અથ ચેત્ત્વમિમં ધર્મ્યં સંગ્રામં ન કરિષ્યસિ ।*
*તતઃ સ્વધર્મં કીર્તિં ચ હિત્વા પાપમવાપ્સ્યસિ ॥ ૩૩ ॥*

*અકીર્તિં ચાપિ ભૂતાનિ કથયિષ્યન્તિ તેઽવ્યયામ્ ।*
*સમ્ભાવિતસ્ય ચાકીર્તિર્મરણાદતિરિચ્યતે ॥ ૩૪ ॥*

*ભયાદ્રણાદુપરતં મંસ્યન્તે ત્વાં મહારથાઃ ।*
*યેષાં ચ ત્વં બહુમતો ભૂત્વા યાસ્યસિ લાઘવમ્ ॥ ૩૫ ॥*

*અવાચ્યવાદાંશ્ચ બહૂન્વદિષ્યન્તિ તવાહિતાઃ ।*
*નિન્દન્તસ્તવ સામર્થ્યં તતો દુઃખતરં નુ કિમ્ ॥ ૩૬ ॥*

*હતો વા પ્રાપ્સ્યસિ સ્વર્ગં જિત્વા વા ભોક્ષ્યસે મહીમ્ ।*
*તસ્માદુત્તિષ્ઠ કૌન્તેય યુદ્ધાય કૃતનિશ્ચયઃ ॥ ૩૭ ॥*

*સુખદુઃખે સમે કૃત્વા લાભાલાભૌ જયાજયૌ ।*
*તતો યુદ્ધાય યુજ્યસ્વ નૈવં પાપમવાપ્સ્યસિ ॥ ૩૮ ॥*

***૩૧ થી ૩૮ શ્લોકો*** કહે છે કે યુદ્ધમાં ડરપોકપણું બતાવવું અને પછી મરી જવું તે ક્ષત્રિયનો ધર્મ નથી. જો તું યુદ્ધ કરતાં મૃત્યુ પામીશ તો તને સ્વર્ગ મળશે અને જો વિજય પ્રાપ્ત કરીશ તો વિશાળ સામ્રાજ્યનો અધિકારી બનીશ. એથી હે કૌન્તેય, ઉઠ. અર્જુન તારા બંને હાથમાં લાડુ છે. ક્ષત્રિય માટે બદનામી, મરી જવા કરતાં પણ ખરાબ છે. તેથી જ અર્જુન, તું યુદ્ધ કરશે તો તારું શું જવાનું છે? આમ સુખ-દુઃખ, લાભ-હાનિ, જય-પરાજ્ય બધાને સમાન ગણી યુદ્ધ માટે તત્પર બન. એમ કરવાથી તું પાપનો ભાગી નહીં થાય.

*એષા તેઽભિહિતા સાંખ્યે બુદ્ધિર્યોગે ત્વિમાં શૃણુ ।*
*બુદ્ધ્યા યુક્તો યયા પાર્થ કર્મબન્ધં પ્રહાસ્યસિ ॥ ૩૯ ॥*

*નેહાભિક્રમનાશોઽસ્તિ પ્રત્યવાયો ન વિદ્યતે ।*
*સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે ભયાત્ ॥ ૪૦ ॥*

*વ્યવસાયાત્મિકા બુદ્ધિરેકેહ કુરુનન્દન ।*
*બહુશાખા હ્યનન્તાશ્ચ બુદ્ધયોઽવ્યવસાયિનામ્ ॥ ૪૧ ॥*

*યામિમાં પુષ્પિતાં વાચં પ્રવદન્ત્યવિપશ્ચિતઃ ।*
*વેદવાદરતાઃ પાર્થે નાન્યદસ્તીતિ વાદિનઃ ॥ ૪૨ ॥*

*કામાત્મનઃ સ્વર્ગપરા જન્મકર્મફલપ્રદામ્ ।*
*ક્રિયાવિશેષબહુલાં ભૈગૈશ્વર્યગતિં પ્રતિ ॥ ૪૩ ॥*

*ભોગૈશ્વર્યપ્રસક્તાનાં તયાપહૃતચેતસામ્ ।*
*વ્યવસાયાત્મિકા બુદ્ધિઃ સમાધૌ ન વિધીયતે ॥ ૪૪ ॥*

*ત્રૈગુણ્યવિષયા વેદા નિસ્ત્રૈગુણ્યો ભવાર્જુન ।*
*નિર્દ્વન્દ્વો નિત્યસત્ત્વસ્થો નિર્યોગક્ષેમ આત્મવાન્ ॥ ૪૫ ॥*

***૩૯ થી ૪૫ના શ્લોકમાં*** શ્રીકૃષ્ણ કહે છે કે અત્યાર સુધી તો તેમણે માત્ર જ્ઞાનની વાત કરેલ છે, હવે કર્મની દૃષ્ટિએ સમજાવે છે. જેથી તારા કર્મોના ફળને લઇને કોઈ ભય ન રહે. કર્મયોગના હિસાબે કરેલું કોઇ પણ કર્મ વ્યર્થ નથી જતું. જે કર્મયોગને અનુસરે છે એની બુદ્ધિ એક લક્ષ્ય પર સ્થિર રહે છે. જ્યારે યોગથી વિહીન વ્યક્તિની બુદ્ધિ અનેક લક્ષ્યવાળી હોય છે (અર્થાત્ વિભાજીત હોય છે).

હે પાર્થ, એવા યોગહીન લોકો કેવળ કર્મકાંડને જ સર્વ કાંઈ માને છે (સ્વર્ગ અને સ્વર્ગનાં સુખોને જ પ્રાપ્ત કરવા યોગ્ય વસ્તુ માને છે અને બીજું કાંઈ ઉત્તમ નથી તેમ બોલે છે) તેથી તેઓ દુન્યવી ઇચ્છાઓમાં (વાસનાઓમાં) ફસાયેલ હોય છે. એવા લોકો જન્મ - મરણના ચક્રમાં ફર્યા કરે છે. એથી તેઓ કર્મયોગમાં કુશળતા પામીને પ્રભુની (સમાધિ દશાની) પ્રાપ્તિ કરી શકતા નથી. વેદમાં ત્રણ ગુણો (સત્વ, રજસ્ અને તમસ્)નું વર્ણન કરેલું છે. હે અર્જુન, તારે એ ત્રણે ગુણોથી પર - ગુણાતીત થઈ બધા જ દ્વંદ્વોથી મુક્તિ મેળવવાની છે. એથી તું (લડવાથી થતી) લાભ - હાનિની ચિંતા છોડ અને આત્મસ્થિત થા. ***(ક્રમશઃ)***

# શ્રી સુદર્શન કવચમ્

**પ્રેષક : મનુભાઇ કોટડિયા**

*વૈષ્ણવાનાં હિ રક્ષાર્થ શ્રીવલ્લભાનિરુપિતઃ ।*
*સુદર્શન મહામન્ત્રો વૈષ્ણવાનાં હિતાવહઃ ॥ ૧ ॥*

વૈષ્ણવોની રક્ષા માટે શ્રી વલ્લભાચાર્યે પ્રગટ કરેલો સુદર્શન કવચ નામનો મહામંત્ર ॥ ૧ ॥

*મન્ત્રા મધ્યે નિરુપ્યન્તે ચક્રાકારં ચ લિખ્યતે ।*
*ઉત્તરાગર્ભરક્ષાય પરિક્ષિતહિતેરતઃ ॥ ૨ ॥*

જેને ચક્રાકારે લખવાથી અને વાંચીને હૃદયમાં ધારણ કરવાથી સર્વ વ્યાધિઓનો નાશ થાય છે, જેમ ઉત્તરાના ગર્ભમાં પરીક્ષિત રાજાનો અશ્વત્થામાએ છોડેલા બ્રહ્માસ્ત્રથી બચાવ થયો. ॥ ૨ ॥

*બ્રાહ્માસ્ત્રવારણં ચૈવ ભક્તાનાં ભયભંજનઃ ।*
*વધં ચ દુષ્ટદૈત્યાનાં ખંડં ખંડં ચ કારયેત્ ॥ ૩ ॥*

તેવી રીતે દુષ્ટોનો નાશ થાય છે અને ભક્તોના ભય દૂર થાય છે. ॥ ૩ ॥

*વૈષ્ણવાનાં હિતાર્થાય ચક્ર ધારયતે હરિઃ ।*
*પીતામ્બરો પરબ્રહ્મ વનમાલી ગદાધરઃ ॥ ૪ ॥*

વૈષ્ણવોના લાભને માટે આ સુદર્શન ચક્ર પ્રભુ ધારણ કરે છે એ પરબ્રહ્મ પ્રભુ વનમાળા ધારી હાથમાં ગદા તથા સુદર્શન ચક્ર લઈને ભક્તોનું રક્ષણ કરે છે ॥ ૪ ॥

*કોટિકંદર્પલાવણ્યો ગોપિકાપ્રાણવલ્લભઃ ।*
*શ્રીવલ્લભઃ કૃપાનાથો ગિરિધરઃ શત્રુમર્દનઃ ॥ ૫ ॥*

પ્રભુ કેવા છે? કરોડ કામદેવ જેવા સુંદર અને ગોપીઓના પ્રાણાધાર પ્રાણ, વલ્લભ કૃપાળુ અને ભક્તોને માટે ગોવર્ધન ધારણ કરીને ઇન્દ્રના ગર્વનું ખંડન કરવાવાળા છે ॥ ૫ ॥

*દાવાગ્નિદર્પહર્તા ચ ગોપીનાં ભયનાશયઃ*
*ગોપાલો ગોપકન્યાભિઃ સમાવૃત્તોઽધિતિષ્ટતે ॥ ૬ ॥*

જે ગોવાળોને દાવાનળ અગ્નિથી બચાવી, ગોપીઓના ભયને નાશ કરવાવાળા ગોપાળ એટલે ઇન્દ્રિયોના સ્વામી અને ગાયોમાં પ્રેમ ભાવવાળા ગોપકન્યાઓથી પ્રસન્ન રહેવાવાળા ॥ ૬ ॥

*વ્રજમંડલ પ્રકાશીચ કાલિંદી વિરહાનલઃ*
*સ્વરૂપાનંદ દાનાર્થં તાપનોત્તરભાવનઃ ॥ ૭ ॥*

વ્રજમંડળને પ્રકાશ આપવાવાળા તથા જમનાજીના હૃદયમાં વસવાવાળા, ગોપીઓના આનંદ માટે દાણ માંગનાર અને તેનાં દુઃખ હરવાવાળા ॥ ૭ ॥




*નિકુંજવિહારભાવાગ્ને દેહિ મે નિજદર્શનં ।*
*ગોગોપિકાશ્રુતા કીર્ણો વેણુવાદનતત્પરઃ ॥ ૮ ॥*

વ્રજની કુંજોમાં વિહાર કરવાવાળા એવા પ્રભુ અમને દર્શન આપો. શ્રુતિરૂપી ગોપીકાઓને વેણુનાદથી મોહિત કરવાવાળા ॥ ૮ ॥

*કામારુપીકલાવાંશ્ચ કામિન્યાંકામદોવિભુઃ*
*મન્મથો મથુરાનાથો માધવો મકરધ્વજઃ ॥ ૯ ॥*

કામરૂપી એટલે કિશોર અવસ્થાવાળા સર્વ કળાઓના નિધિ, કામિનીઓને કામથી વિહવળ કરનાર એવા કામદેવ મધુરાનાથ માધવ ॥ ૯ ॥

*શ્રીધરઃ શ્રીકરશ્ચૈવ શ્રીનિવાસઃ સતાં ગતિઃ*
*મુક્તિદો મુક્તિદો વિષ્ણુઃ ભૂધરો ભૂતભાવનઃ ॥ ૧૦ ॥*

શ્રીધર લક્ષ્મીના હૃદયમાં રહેવાવાળા સદ્‌ગતિ આપવાવાળા એવા વિષ્ણુ ભગવાન પ્રસન્ન થાઓ ॥ ૧૦ ॥

*સર્વ દુઃખહરો વિરો દુષ્ટદાનવ નાશકઃ ।*
*શ્રીનૃસિંહોમહાવિષ્ણુઃ શ્રીનિવાસઃ સતાં ગતિઃ ॥ ૧૧ ॥*

સંસારના ભોગ અને મુક્તિને આપનાર, સંસારનાં દુઃખ હરવાવાળા, દુષ્ટ દાનવોનો નાશ કરવાવાળા, શ્રીનરસિંહ, મહાવિષ્ણુ કમળાના પતિ અમને સદ્‌ગતિ આપો ॥ ૧૧ ॥

*ચિદાનન્દમયો નિત્યઃ પૂર્ણબ્રહ્મ સનાતનઃ ।*
*કોટિભાનુપ્રકાશી ચ કોટિલીલાપ્રકાશવાન્ ॥ ૧૨ ॥*

નિત્ય સત્‌ચિત્ આનંદમય પૂર્ણ બ્રહ્મ, સનાતન એટલે સૌથી પહેલાં, કરોડો સૂર્યના પ્રકાશવાળા કરોડો લીલાઓના કરવાવાળા ॥ ૧૨ ॥

*ભક્તપ્રિયઃ પદ્મનેત્રો ભક્તાનાં વાંછિતપ્રદઃ ।*
*હૃદિ કૃષ્ણો મુખે કૃષ્ણો નેત્રે કૃષ્ણશ્ચ કર્ણયોઃ ॥ ૧૩ ॥*

ભક્તોના પ્યારા, કમળ જેવા નેત્રવાળા ભક્તોની ઈચ્છા પૂર્ણ કરવાવાળા હૃદયમાં કૃષ્ણ, મુખમાં કૃષ્ણ, નેત્રમાં કૃષ્ણ, કાનમાં કૃષ્ણ, કૃષ્ણધ્વનિ અહોનિશ સાંભળી રહું ॥ ૧૩ ॥

*ભક્તિપ્રિયશ્ચ શ્રીકૃષ્ણ સર્વં કૃષ્ણમયં જગત્ ।*
*કાલં મૃત્યં યમંદૂતં ભૂતં પ્રેતં ચ પ્રપૂયતે ॥ ૧૪ ॥*

આખાયે જગતને કૃષ્ણરૂપે દેખું, કાળ, મૃત્યુ, યમ, યમદૂત, ભૂત, પ્રેત જેના નામથી ડરે છે એવા ॥ ૧૪ ॥

*પિશાચાન્ રાક્ષસાન્ ચૈવ હૃદિરોગાંશ્ચ દારૂણાન્ ।*
*ભૂચરાન્ ખેચરાન્ સર્વં ડાકિની શાકિની તથા ॥ ૧૫ ॥*

પ્રભુ આપ મારા વિરોધી - પિશાચ, રાક્ષસ અને હૃદયરોગ, દારૂણ એવા રાજરોગ તથા પૃથ્વી ઉપર વિચરવાવાળા - ડાકણી શાકણી ॥ ૧૫ ॥

*નાટકં ચેટકં ચૈવ છલછિદ્રં ન દશ્યતે ।*
*અકાલે મરણં તસ્યશોકદોષો ન લભ્યતે ॥ ૧૬ ॥*

તથા નાટક, ચેટક, ખરાબ સ્વપ્નાં વગેરે ન જોઈ શકાય તેમજ અકાળ મરણ અને શોક ન પ્રાપ્ત થાય તેમ કરો ॥ ૧૬ ॥

*સર્વ વિઘ્ન ક્ષયં યાન્તિ રક્ષ મે ગોપિકાપ્રિયઃ ।*
*ભયંદાવાગ્નિ ચૌરાણાં વિગ્રહે રાજસંકટે ॥ ૧૭ ॥*

મારા તમામ વિઘ્નોનો નાશ કરો અને દાવાનળ, ચોર આદિ તેમજ યુદ્ધ અને રાજ સંકટના ભયથી હે ગોપીજનોના પ્રિય એવા શ્રીકૃષ્ણ ભગવાન મારૂં રક્ષણ કરો ॥ ૧૭ ॥

*વ્યાલવ્યાઘ્ર મહાશત્રુ વૈરિબંધો ન લભ્યતે ।*
*આધિવ્યાધિહરશ્ચવ ગ્રહપીડા વિનાશને ॥ ૧૮ ॥*

સર્પ, વાઘ આદિ ભયંકર પ્રાણીઓ તેમજ શત્રુઓ તેમજ ગ્રહપીડા તથા સંસારની વ્યાધિઓનો નાશ કરો ॥ ૧૮ ॥

*સંગ્રામ જયદસ્ત સ્માદ્ધયાયેદેવં સુદર્શનમ્ ।*
*સપ્તાદશ ઈમે શ્લોકા યંત્ર મધ્યે ચ લિખ્યતે ॥*

સંગ્રામમાં તેમજ રાજ દરબારમાં વિજય આપવાવાળા આ સુદર્શન કવચના ૧૭ શ્લોકો ચક્રાકાર યંત્રમાં લખીને પોતાની પાસે રાખવાથી – તમામ પ્રકારના ભયથી મુક્ત થવાય છે.

*વૈષ્ણવાનાં ઈદં યંત્ર અન્યેભ્યશ્ચનદીયતે ।*
*વંશવૃદ્ધિર્ભવેત્તસ્ય શ્રોતા ચ ફલમાપ્નુયાત્ ॥*

વૈષ્ણવ એટલે વિષ્ણુના ભક્તોએ આ યંત્રનો શ્રદ્ધાપૂર્વક હંમેશાં પાઠ કરવાથી વંશની વૃદ્ધિ થાય છે તેમજ સાંભળનારને પણ ફળ દેનાર છે.

*સુદર્શન મહામંત્રો લભતે જય મઙ્ગલમ્ ।*

જય મંગળ કરવાવાળા આ સુદર્શન કવચનો હંમેશાં પાઠ કરવો.

*વૈષ્ણવાર્થં કૃતં યત્ર શ્રી વલ્લભ નિરૂપિતમ્ ॥*

આ સુદર્શન કવચ વૈષ્ણવજનોના હિત માટે શ્રી વલ્લભાચાર્યે બનાવેલું છે.

**॥ ઈતિ શ્રી વલ્લભાચાર્ય કૃતં સુદર્શન કવચ સંપૂર્ણમ્ ॥**

## જ્ઞાતિ ગૌરવ

**વિશ્વેશ્રી નીતેશભાઈ સોની (કટ્ટા) (નખત્રાણા)એ ડ્રામા કોમ્પિટીશનમાં પ્રથમ ક્રમ મેળવ્યો**



ઓલ ઈન્ડિયા કંસારા સેવા સમાજ દ્વારા યોજાયેલી ડ્રામા કોમ્પિટીશનમાં ભારતભરમાંથી બાળકો, યુવાનો અને વૃદ્ધોએ ભાગ લીધો હતો.


ત્રણ સ્ટેપમાં યોજાયેલી સ્પર્ધાની ગ્રુપ-એ કેટેગરીમાં નખત્રાણાની વિશ્વેશ્રી સોનીએ ફાઈનલ રાઉન્ડમાં વિજેતા બની નખત્રાણા સોની સમાજ અને પરિવારનું નામ રોશન કર્યું હતું. ઓલ ઈન્ડિયા લેવલે સમાજની સ્પર્ધામાં વિજેતાઓને પ્રમાણપત્ર તેમજ ટ્રોફીથી નવાજવામાં આવ્યા હતા.

સુબી ફિલ્મ્સ તેમજ સુંદરમ પિક્ચર્સના સહયોગથી આ સ્પર્ધા યોજવામાં આવી હતી અને તેઓ વિજેતાને તેમની આગામી ફિલ્મમાં કલાકાર તરીકે કામ કરવાનો અવસર આપશે તેવું કહ્યું હતું.

*(ઉપરોક્ત વીડિયો જોવા **QR Code** સ્કેન કરો)*

# આપણાં પરિવારો – (૩૦)

પ્રેષક : તુલસીદાસ કંસારા - અમદાવાદ



વડ, વડવા અને વડવાઈઓની વાતો

મૈચા પરિવારના વર્ષોથી અમદાવાદમાં સ્થાયી થયેલ, મારા બોર્ડિંગના સમય (૧૯૫૭-૫૮)થી મિત્ર કાંતિલાલ વેલજીભાઈ સોની, મૂળ વતન અંજાર (કચ્છ) ૨૭ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ આ લોકની યાત્રા સમાપ્ત કરી, પર-લોક તરફની લાંબી યાત્રાએ ઉપડી ગયા. તેમના તેમજ તેમના પરિવાર વિશેનો વિગતવાર લેખ 'જ્ઞાતિસેતુ'ના ફેબ્રુઆરી-માર્ચ ૨૦૧૮ના અંકમાં પેજ ૧૭-૧૮-૧૯ ઉપર લખેલ છે, જેમાંથી થોડા અંશો અને જૂની યાદો અહીં તેમને શ્રદ્ધાંજલિ રૂપે પ્રસ્તુત કરેલ છે.

## સ્મરણાંજલિ






**સ્વ. કાંતિલાલ મૈચા તેમના એક ચિત્ર સાથે**

આપણા સમાજે એક ઉત્તમ કલાકાર અને ઉમદા વ્યક્તિ સ્વ. કાંતિલાલ મૈચા ને તા.**27.8.2021** શ્રાવણ વદ પાંચ અને શુક્રવારના પવિત્ર દિવસે ગુમાવ્યા. ઈશ્વર તેમના આત્માને મોટું કેનવાસ આપી શાંતિ એજ જ્ઞાતિસેતુ પરિવારની પ્રભુ પ્રાથના

***અગાઉના લેખના કેટલાક અંશો :***

*"..... બોર્ડિંગમાં મેટ્રીકના વરસ દરમિયાન દાખલ થયેલ, ત્યારે તે બોર્ડિંગ ભુજના પીપળા ફળીયામાં નવી શરૂ કરવામાં આવેલ. વહેલા ઉઠીને કૂવામાંથી પાણી સીંચીને નહાવાનું, સરપટના નાકા બહાર ખાસડાના મેદાનમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ તરફ ફરવા જવાનું, ત્યાં પોલીસ માટે બનાવવામાં આવેલ કસરત માટેના સાધનોનો ઉપયોગ કરવો, દંડબેઠક વિ. કરવાનું (અમારી સાથે અંજારના અન્ય સહ-અધ્યાયીઓમાં મગનલાલ, અમૃતલાલ તેમજ શાંતિલાલ પણ હતા). આમ, કસરત તેનો પ્રથમ શોખ અને તે અમને બંનેને જ ફાવે, તેથી અમે પહેલાં પ્રહરમાં જ બોર્ડિંગમાંથી નીકળીને આવું કરતા.*

*હિમાલયમાં ટ્રેકિંગ કરવાનું હોય કે તરવાની હરીફાઈમાં ભાગ લેવાનો હોય, કાંતિલાલ ત્યાં હોય જ. ૧૦૦ મીટર, ૨૦૦ મીટરની હરીફાઈ કે ગોળા ફેંકમાં ગુજરાત ચેમ્પિયન! એમના ઘરમાં હરીફાઈમાં મેળવેલ અસંખ્ય કપનો ઢગલો મળે. પીરપંજાલ રેન્જમાં માર્ગન પાસ અને કુલુ મનાલીનો ચંદ્રખાની પાસ અમે સાથે યુથ હોસ્ટેલ તરફથી ૧૯૮૦ અને ૧૯૮૬માં દસ દસ દિવસોના કેમ્પમાં ટ્રેક કરેલ તેની યાદો તાજી કરી...'*

- **મર્યાદા પુરૂષોત્તમ :**

ઉપરના પેરાના અનુસંધાને આજે તેમને યાદ કરૂં, તો ૧૯૮૦ના ટ્રેકમાં અમારો બેઝ કેમ્પ કિસ્તવર જીલ્લાના મુખ્ય મથક તેજ નામના સ્થળે હતો જ્યાં અમે જમ્મુથી બસમાં પહોંચેલ અને ટેન્ટ ઊભા કરી તેમાં ચાર કે છ જણે રહેવાનું હતું. અહીંથી બે-ત્રણ દિવસની ટ્રેઇનિંગ કરીને ટ્રેક શરૂ કરવાનો હતો. આમ તો આ સ્થળ ૨૩૫ કિ.મી. દૂર અને દરિયાની સપાટીથી ૩૦૦૦ કરતાં પણ વધારે ફીટની ઊંચાઈએ આવેલ છે. આ કિસ્તવરનું બીજું નામ જ લેન્ડ ઓફ સફાયર અને સેફ્રોન કહેવાય છે. અમે ત્યાંથી કશ્મીરના પંડિત શિક્ષકના ઘેરથી નમૂનારૂપ કેસર પણ ખરીદેલ. તે આજકાલ આતંકવાદીઓને કારણે સમાચારોમાં રહેતું અને કારગીલની નજદીક આવેલ સ્થળ તેના ગાઢ જંગલો અને વાઇલ્ડ લાઇફને કારણે પણ જાણીતું છે.

કાંતિ (હું તેને માત્ર 'કાંતિ' જ કહેતો) પોતાની સાથે કલર,



પીંછીઓ અને ડ્રોઇંગ પેપર્સ વગેરે સરંજામનો થેલો લાવેલ. કેમ્પના બીજા દિવસે સવારના દોડવાની તેમજ અન્ય વોર્મિંગ-અપની કસરતો કર્યા પછીનો દસેક વાગ્યાનો સમય હતો, ત્યારે તે અમારા ટેન્ટમાં જ બેસીને પેઇન્ટીંગ બનાવી રહ્યો હતો. સામે જ દેખાતા એક નયનરમ્ય દૃશ્યને તે પોતાની પીંછી વડે કેનવાસ પર કંડારી રહ્યો હતો, ત્યારે આજુબાજુના અન્ય ટેન્ટના છોકરા-છોકરીઓ તે જોવા અમને (હું બાજુમાં જ બેઠો હતો) ફરી વળ્યા. જેમાં મુંબઇના ગ્રુપમાંથી આવેલ છોકરીઓ પણ હતી. આ વખતે મારી સાથે બેંકમાં કામ કરતા ગૌતમના મિત્રે છોકરીઓ સામે જોઇને રમૂજમાં કોમેન્ટ કરેલ કે હવે અમારો ચાન્સ ગયો! પરંતુ ગૌતમે વાતને વાળતાં હસતાં હસતાં કહેલ કે, “ના, ના, એમ તો કાંતિભાઈ રામ જેવા છે” મતલબ મર્યાદા પુરૂષોત્તમ છે. તેથી આપણો ચાન્સ જવાની શક્યતા નથી!

તે ચિત્ર આવ્યા પછી, કાંતિએ મને ભેટ આપેલ, જે મારા બેડરૂમની દીવાલ પર આજે પણ મોજૂદ છે. તેની કોપી અહીં મૂકતા મને આ વાત યાદ આવી ગઈ કે આવી હતી તેમની ચિત્રકળા - પેઇન્ટીંગ પર માસ્ટરી! તેણે નેવુંના દસકામાં ૧૯૯૪-૯૫ના અરસામાં મારૂં પોસ્ટીંગ ભુજમાં હતું ત્યારે અમદાવાદની રવિશંકર રાવળની આર્ટ ગેલેરીમાં એક એક્ઝીબિશન પણ રાખેલ, જેની મુલાકાત મેં ત્યાંથી આવીને લીધેલ હતી.

- **આમ તેને આ ટ્રેક અધૂરો છોડવો પડેલ :**

અમારા આ પ્રથમ ટ્રેકિંગ દરમ્યાન તા. ૧૦-૬-૧૯૮૦ના રોજ અમે જ્યારે નવમે દિવસે ઇન્શાન નામના સ્થળે પહોંચ્યા, ત્યારે કાંતિએ ખાવાનું ન ભાવતું હોવાની ફરિયાદ કરી. તેને એનર્જી માટે લીંબુ પીવાની આદત હતી, જેને કારણે તે દિવસે તેના ઘુંટણમાં તકલીફ થયેલ અને ચાલવામાં ધીમો પડી જતો હતો. તેથી અડધે રસ્તે ટીમ લીડરને કહીને તે કોઈ ખચ્ચરવાળા સાથે ગોઠવણ કરીને જુદો પડી ગયો અને મને કહે કે, તું ચાલુ રાખ, હવે આપણે જમ્મુમાં મળીશું. આમ તેનો આત્મવિશ્વાસ પણ ગજબનો હતો. કમનસીબે તેને આમ ટ્રેક અધૂરો છોડવો પડેલ. અમને મળેલ માહિતી મુજબ આ ઇન્શાન નામનું સ્થળ એવી જગ્યાએ હતું કે જ્યાંથી પહાડ ઉતરતાં પાછળના ભાગે ચીનનું કોઈ ગામ આવતું હતું.

- **છોકરી કાંતિલાલને કારણે ભાનમાં આવી :**

આ સિવાય અમે મોટેભાગે ૧૯૮૬માં હિમાચલ પ્રદેશના કુલુ-મનાલીમાં આવેલ ચંદ્રખાની પાસનું ટ્રેકિંગ કરેલ, ત્યારનો એક યાદગાર અનુભવ કાંતિલાલની ઓળખ આપી જાય છે. અમારા આ બીજા ટ્રેકના રૂટમાં જારીથી નજદીક આવેલ માનીકરન નામે એક પવિત્ર સ્થળ છે, જ્યાં શીખોનું ગુરૂદ્વારા અને હિંદુ મંદિર આવેલા છે. અમે ત્યાં જોયું કે એક સાધુ એક કપડામાં ચોખાની પોટલી લઇને ત્યાંના ગરમ પાણીના કુંડ પાસે આવ્યો અને તેણે તે પોટલી પાણીમાં બોળી. બે-ચાર મિનિટ રહેવા દઇને કાઢી તો ભાત બની ગયેલ. અમે કુતુહલવશ એને પૂછ્યું, તો કહે કે, હમ ચાવલ ઐસે હી પકાતે હૈં. યે પાની ઉબલતા હુઆ ગરમ હૈ. અને તેમણે ઉમેર્યું કે યહાં મંદરમેં લંગર લગતા હય, આપભી ખાના યહીં લિજીયે! અમે સમયના અભાવે ત્યાંથી જારી પરત ફર્યા. ત્યારબાદ આગળ વધતાં કશોલથી રસોલના રસ્તે ચઢાણનો ટ્રેક કરી રહ્યા હતા ત્યારે થોડો વરસાદ થયેલ અને અમારાથી આગળ તામિલનાડુના ચાર-પાંચ છોકરા અને ચંદ્રા નામની એક છોકરી ચાલ્યા જતા હતા. પવન સાથે ઠંડી પણ સારી એવી હતી. થોડો સમય ચાલ્યા ત્યાં તો એ આશરે પોણા છ ફુટની ઊંચાઇ અને સંપૂર્ણ પાકા રંગની તંદુરસ્ત છોકરી ડી-હાઇડ્રેશનને લીધે રસ્તામાં બેભાન થઇને પડી ગયેલ. કાંતિનો અનુભવ ત્યારે કામ લાગ્યો કારણકે તે ગ્રુપના છોકરાઓને તો શું કરવું તેનો અંદાજ જ નો'તો. કાંતિલાલે તુરત જ બામ વગેરે કાઢી તેણીને પગે ઘસવાનું કહ્યું. બાજુની ગુફામાં થોડા ડાળખા - પાંદડા, રસ્તે જતા ભરવાડ જેવા માણસ પાસેથી માચીસ લઇને સળગાવ્યા અને તેને શેક આપ્યો. આમ છતાં મૂર્છા ન વળી. તેથી તેણે સાથેના છોકરાઓમાંથી એકને પોતાની બોડી-હીટ આપવાનું કહ્યું (શરીરથી શરીર ચીપકાવી, મોઢેથી તેણીના મુખમાં ગરમી આપવી). આમ પંદર-વીસ મિનિટ પછી તે છોકરી કાંતિલાલને કારણે ભાનમાં આવી એટલે તેને ઇલેક્ટોરલ પાવડર મિશ્રિત પાણી પીવડાવ્યું અને અમે અમારે રસ્તે ચાલ્યા.

- **રશિયાના પ્રખ્યાત પેઇન્ટર નિકોલાસ રોરીકનું ઘર :**

આ સિવાય આ ટ્રેકમાં ૧૮૦૦ મીટરની ઊંચાઈએ બીયાસ નદીની ડાબી બાજુએ આવેલું, “નગ્ગર” એ કુલ્લુ જિલ્લાનું એક પ્રાચીન શહેર છે. તે એક સમયે કુલ્લુ રાજ્યની રાજધાની હતી. રશિયાના પ્રખ્યાત પેઇન્ટર નિકોલાસ રોરીકે ત્યાં વસવાટ કરેલ. તેમનું ઘર, જે મ્યુઝીયમમાં ફેરવવામાં આવેલ, તે જોયું. તેણે

તે સમયની ખ્યાતનામ એક્ટ્રેસ દેવીકા રાણી સાથે લગ્ન કરેલ. તેમના તે બે માળના મકાનમાં તેમના પેઈન્ટીંગોનું કાયમી પ્રદર્શન રાખવામાં આવેલ છે. ત્યાં રોરીકે વહેલી સવારે, સાંજે – અલગ અલગ સમયે સ્થળ પર જ બનાવેલ, દરેક ઋતુ અને સમયના, હિમાલયમાં દેખાતા વિવિધ રંગો દર્શાવતા અનેક નયનરમ્ય પેઈન્ટીંગો હતા, જેમાં કાંતિના કલાકાર જીવને મજા આવી ગઈ અને તેણે મને અમુક પિક્ચરોની સમજ આપી.

- **ફોટોગ્રાફી અને સંગીતનો શોખ :**

કાંતિલાલને ફોટોગ્રાફીનો પણ તેટલો જ શોખ હતો. શ્યામભાઈના સ્ટુડિયોમાં થોડો સમય અનુભવ મેળવી, તેણે આ દિશામાં પગરણ માંડેલ અને ત્યારબાદ તો તે ન માત્ર ફોટા પાડવાનું કામ કરતો પરંતુ કેમેરા રીપેર કરવા, નવા કેમેરા જાતે બનાવવા વિ. બાબતો પર પણ તેણે પોતાની કલાકાર અને કારીગરીના કસબની છાપ છોડેલ. લગભગ ૪૪ વરસ પહેલાં જ્યારે ૧૯૭૭ની સાલમાં મારૂં પોસ્ટીંગ સ્ટેટ બેંકની મહેસાણા બ્રાંચમાં ૮-૧૦ મહિના ખેતીવાડી અને અન્ય ટ્રેનિંગ માટે થયેલ,



તે દરમ્યાનમાં મારે બે દિવસ માટે અમદાવાદ આવવાનું થયેલ. ત્યારે કાંતિલાલે મારો સેપીયા કલરનો ફોટો પોતાના ડાર્કરૂમમાં પ્રોસેસ કરી મને આપેલ. આ ફોટો તેણે જાતે જ બનાવેલ બાકસ જેટલા કેમેરાથી પાડેલ! આ જૂની યાદોને તાજી કરતો ફોટો અહીં કોપી-પેસ્ટ કરેલ છે.

આવી જ રીતે સંગીતમાં વાંસળી વાદન તેનું પહેલી પસંદનું વાજીંત્ર હતું અને તેણે ઈલેક્ટ્રીક હારમોનિયમ જેવું સાધન પણ જાતે બનાવેલું! સાથે તેણે ગોકળ આઠમના દિવસે મારા પ્રગતિ નગરના ઘરમાં ૧૯૭૮ના અરસામાં બાળકોને કૃષ્ણ બનાવીને વિવિધ પોઝમાં જેવા કે માખણ ચોરતા, માખણ ખાતા, ઝાડ પર બેસાડીને વાંસળી વગાડતા, એવા કેટલાયે ફોટોગ્રાફ મારા રશિયન કેમેરાથી લીધેલ. જેમાંથી બે ફોટા અહીં, તેમને શ્રદ્ધાંજલી રૂપે મૂકેલ છે. કાંતિલાલ, કંચનભાભી અને તેમને બે બાળકો પપ્પુ (પ્રશાંત) અને તેની નાની બેન શીતલ, મોટેભાગે રવિવારની સાંજે અમારે ત્યાં હોય અથવા અમે ત્યાં હોઈએ અને અમે ત્યાં હોઈએ ત્યારે તેના ખાસ ભજીયાવાળા મિત્ર, જેમની દુકાન દિલ્હી દરવાજા બહાર સામેના ખૂણે આવેલ છે, તેના ખમણ, સમોસા, કચોરી, ભજીયા, બટાટા વડા વિ. આઈટમો પણ હોય!



ટૂંકમાં લખું તો કાંતિલાલ આપણા સમાજની કળા, કારીગરી, કસરત, મેદાની હરીફાઈઓ તેમજ સંગીત જેવા અનેક પાસાઓના ધની અને દરેક ફિલ્ડમાં આગળ રહેવાની ધગશ જેવી લાક્ષણિકતાઓનું પ્રતિબિંબ હતા!

***"Every artist writes his own autobiography."***

**– T. S. Eliot**

***ટી.એસ. ઈલીયટ નામનો કવિ અને નાટ્યકાર કહી ગયેલ છે કે, "દરેક કલાકાર જાતે પોતાની આત્મકથા લખતો હોય છે." (જે તેની કળામાં પ્રદર્શિત થતી હોય છે.)***

## ગરબો

*(રાગ : સોનલ ગરબો શીરે...)*

ઘુમ્મરથી લેતી જાઉં ગરબો અંબે માં
ચાલો ધીરે... ધીરે...

સંગને રંગ કેવા ઘૂમે છે હે મા... (૨)
વીણેલા મોતી ફળે...
અંબેમાં ચાલો ધીરે ધીરે...

શક્તિ નવદુર્ગાની કેવી ફળે છે
જેની આસ્થાથી દિવ્ય ઝંખે છે
હાલો હાલો જઈએ અંબે મા...
હે મા... હે મા...

પગની પેનીએ સાંકડી બાંધે છે
ઝીણા ઝીણા તારલીયા ચમકે
અંબે મા અંબે મા...

ઘુમ્મરથી લેતી જાઉં ગરબો
ચાલો ધીરે ધીરે...

***જાનકી તરૂણ સોની - ભુજ, કચ્છ***

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

મહેશભાઈ કંસારા

## મેડિકલ કાયમી ફંડ સમિતિ સંચાલિત સાર્વજનિક પ્રાથમિક નિદાન કેન્દ્ર




શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મેડિકલ કાયમી ફંડ સમિતિ - ભુજ, સિનિયર સિટીઝન કાઉન્સિલ - કચ્છ તથા ભુજ પેન્શનર્સ એસોસિએશનના સહયોગથી ભુજ મધ્યે સાર્વજનિક પ્રાથમિક નિદાન કેન્દ્ર રાહતદરના દવાખાના કંસારા બજાર મધ્યે ડૉ. શ્રી જયસુખભાઈ મકવાણા (દંત ચિકિત્સક)ની ઉપસ્થિતિમાં દંત ચિકિત્સા - જાલંધર બંધ પદ્ધતિથી કેમ્પ રાખવામાં આવેલ. જ્ઞાતિ પ્રમુખ શ્રી હિતેશભાઈ પ્રભુદાસ સોની, હર્ષદભાઈ ઝવેરીલાલ બુધ્ધભટ્ટી, ડૉ. નરેન્દ્રભાઈ વર્મા, ડૉ. મનાલી ભટ્ટ, વિજયભાઈ પુરોહિત, નગરપાલિકાના દંડક શ્રી અનિલભાઈ છત્રાળા, પ્રતાપભાઈ આસરની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી કેમ્પની શરૂઆત કરવામાં આવેલ. આ દીપ પ્રાગટ્ય બાદ ડૉ. જયેશભાઈ મકવાણા - જાલંધર બંધ નિષ્ણાત તથા દંત ચિકિત્સાના ગુરૂ દ્વારા જણાવવામાં આવ્યું કે આ દાંત કાઢવાની પદ્ધતિથી કોઈ પણ જાતની સાઇડ ઈફેક્ટ નથી. એલોપેથીમાં પ્રેશર, ડાયાબિટીસ પેશન્ટને દવા આપ્યા બાદ સારવાર આપવામાં આવે છે. પરંતુ આ પદ્ધતિ પ્રણાલીની છે, જેને જીવંત રાખવા માટે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સત્તા પર આવ્યા ત્યારબાદ આયુર્વેદ અને યોગ ચિકિત્સાને પ્રોત્સાહન મળેલ છે. અત્યારે આ આયુર્વેદ ચિકિત્સાને જાગૃત રાખવા રાષ્ટ્રીય આયુર્વેદ ચિકિત્સા અભ્યાસક્રમ શરૂ કરવામાં આવેલ છે અને આ રાષ્ટ્રીય ચિકિત્સાનાં અભ્યાસક્રમ મારા ગુરૂપદે ચાલે છે અને આ ચિકિત્સા શીખવા ઘણા વિદ્યાર્થી ગુજરાત તેમજ ગુજરાત બહારનાં જોડાયેલ છે.

આ પદ્ધતિથી દાંત માટેની સારવાર લેવા ભુજ ઉપરાંત અન્ય તાલુકામાંથી પણ ઘણા દર્દીઓ આવેલ. આ કેમ્પનો ૧૩૨ દર્દીઓએ લાભ લીધેલ જેમાં દાંતની બત્રીસી, દાંત કવર, દાંતના ચોકઠા વગેરે માટે પણ સારવાર અને માપ લઇ તા. ૦૩-૧૦-૨૦૨૧ના ફિટીંગ કરવા માટે તેમની ટીમ ભુજ મધ્યે આવશે. આ દાંતની સારવાર નિઃશુલ્ક કરવામાં આવેલ અને અન્ય સારવાર ડીવાઈન લાઈફ ટ્રસ્ટ દ્વારા રાહત દરે આપવામાં આવેલ.

ડૉ. જયેશભાઈ મકવાણાનો પરિચય મંત્રીશ્રી મહેશભાઈ એમ. કંસારાએ આપતા જણાવેલ કે ડૉક્ટરશ્રી દ્વારા કચ્છ સાથેનો સંપર્ક છેલ્લાં ૨૫ વર્ષથી છે અને તેઓ કચ્છના ગ્રામ્ય વિસ્તારમાં ખૂબ જ પ્રસિધ્ધ છે. ડૉ.શ્રીએ અત્યાર સુધીમાં ૩ લાખથી વધુ દાંત કાઢેલ છે. ઉપરાંત કચ્છ સિવાય ગુજરાત, રાજસ્થાન, ચિત્રકુટ, ઋષિકેશ, કોઈમ્બતુર, બેંગ્લોર જેવા સ્થાને પણ કેમ્પના આયોજન સંસ્થાઓ દ્વારા યોજવામાં આવે છે.

ગુજરાતનાં ૨૩ વૃદ્ધાશ્રમમાં દાતાનાં સહયોગથી રાહતદરે વૃદ્ધોને બત્રીસી બનાવી આપેલ. પવિત્ર હિંદુઓના યાત્રાધામ મધ્યે મંદિરના ટ્રસ્ટ દ્વારા પણ કેમ્પનું આયોજન કરીને બત્રીસી બનાવવા માટે દર માસે કેમ્પનું આયોજન થાય છે.

આ કેમ્પ દરમ્યાન લાભ લેનાર દર્દીઓ દ્વારા પણ ખૂબ જ સારો પ્રતિભાવ મળેલ.

આ પ્રસંગે સિનિયર સિટીઝન કાઉન્સિલનાં પ્રમુખશ્રી વિજયભાઈ પુરોહિતે આ કેમ્પ વડીલોને ખૂબ જ ઉપયોગી નીવડશે તેવી આશા વ્યક્ત કરેલ. અત્રેની હોસ્પિટલમાં આયુર્વેદની સેવા આપતા ડૉ. અમિતભાઈ ત્રિપાઠી (નિવૃત્ત જીલ્લા આયુર્વેદ અધિકારીશ્રી) દ્વારા ડૉક્ટર બાબતે તેમના કાર્યનો ખૂબ અનુભવ છે અને તેમની દાંત કાઢવાની પદ્ધતિથી કોઈ સાઇડ ઈફેક્ટ નથી થતી તેવું જણાવેલ. જ્ઞાતિ પ્રમુખશ્રી હિતેશભાઈ દ્વારા અમારી આ હોસ્પિટલ મધ્યે દરેક દર્દીની સારવાર કરવામાં આવે છે અને આવા કેમ્પો કરવામાં આવે છે. આમ સમાજ દ્વારા નાતજાતના કોઈપમ જાતના ભેદભાવ વગર કેમ્પો યોજવામાં આવેલ છે, તો તેનો લાભ લેવા જણાવેલ. મારા પિતાશ્રી દ્વારા પણ સદ્‌વિચાર પરિવાર દ્વારા વર્ષો પહેલાં આ દંત ચિકિત્સાના કેમ્પો યોજાયેલ છે તેવું જણાવેલ. આ કેમ્પમાં સમાજનાં ઉપપ્રમુખ શ્રી ધર્મેન્દ્રભાઈ બારમેડા, યુવક મંડળના પ્રમુખશ્રી ભાવેશભાઈ બગ્ગા, મહિલા મંડળના પ્રમુખશ્રી સુધાબેન બુધ્ધભટ્ટી, જાયન્ટ્સના શ્રી ગોગારી, સદ્‌વિચાર પરિવારનાં પીયુષભાઈ પટ્ટણી, આરોગ્ય વિભાગના નિવૃત્ત કર્મચારી અને આ સંસ્થાના માર્ગદર્શક શ્રી ભવાનભાઈ ઠક્કર, સમાજનાં અમૃતલાલભાઈ સોલંકી હાજર રહેલ.

આ કેમ્પને સફળ બનાવવા હોસ્પિટલ પ્રોજેક્ટ ચેરમેન જે.કે. કંસારા, હમીરભાઈ રબારી, રાજુ બુધ્ધભટ્ટી, રાજુભાઇ પુરોહિત, સુમન પરમારે જહેમત ઉઠાવેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન - સંચાલન મંત્રીશ્રી મહેશભાઈ એમ. કંસારા દ્વારા કરવામાં આવેલ.

# શ્રી મારૂ કંસારા યુવા પ્રગતિ મંડળ - જુનાગઢ

**પ્રેષક : શૈલેષ બારમેડા**

## YPM – PICNIC
## સ્નેહીઓ સંગાથે અદ્‌ભુત આનંદ!

જુનાગઢ, કેશોદ, માણાવદર, જેતપુર વગેરે શહેરના લગભગ ૬૦થી વધુ જ્ઞાતિજનો.... બાળકો, યુવક-યુવતીઓ અને વડીલો સાથે ૧૫ ઓગસ્ટ – સ્વતંત્રતા દિવસ અને રવિવારે ખૂબ જ સુંદર સ્થળો મધુવંતી ડેમ અને ખોખી હનુમાનજી મંદિરની પીકનીક ખૂબ જ આનંદદાયક રહી.






સાઈટ સીઈંગ, ફોટોગ્રાફી, ધમાલ-મસ્તી, સમૂહ ભોજન... પછી નાગરવેલના પાન...!!! સ્વતંત્રતા પર્વ નિમિત્તે હાજર રહેલા દરેક જ્ઞાતિજનોએ ત્રિરંગો લહેરાવી તથા રાષ્ટ્રગાન 'જન ગણ મન'નું સમૂહગાન કરી અનોખી ઉજવણી કરેલ.

બધા સ્વ-પરિચય વિધિ, યુવક-યુવતીઓનું વિશેષ સન્માન, ડાન્સ, ગાયન, શીતળા સાતમની વાર્તા, ગરમાગરમ ચા, ડેમના પાણીનું સાંનિધ્ય – આ બધી અદ્‌ભુત અનુભૂતિનું વર્ણન કરવું મુશ્કેલ છે!

આખો દિવસ કુદરતના સાંનિધ્યમાં સાથે રહેતા જ્ઞાતિજનોમાં સ્નેહભાવ વધે છે, એકબીજાથી સુપરીચિત થવાય છે, એક અનેરી તાજગીનો અનુભવ થાય છે.

કોરોના મહામારી દરમ્યાન લગભગ આપણે સૌ દરેક રીતે હેરાન પરેશાન થયા છીએ. આ દુઃખ દર્દમાંથી બહાર નીકળવા, શરીર અને મનમાં શક્તિનો નવો સંચાર કરવા માટે આ એક નમ્ર પ્રયાસ કરવામાં આવેલ.

આપણા અનેક આપ્તજનો કોરોના મહામારીનો ભોગ બની હવે આપણી વચ્ચે નથી રહ્યા. એ દરેક સ્વર્ગસ્થ જ્ઞાતિજનોના આત્માની શાંતિ માટે બે મિનિટ મૌન પાળી પ્રભુ પ્રાર્થના કરવામાં આવેલ.

આ સમગ્ર આયોજમાં તુષાર છત્રાળા, જશ મેવચા, ભાવેશ મેવચા, રામજીભાઈ બારમેડા, પ્રકાશ બારમેડા, ભૂમિ મેવચા, શીલા બારમેડા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

જુનાગઢમાં અભ્યાસ કરતા જ્ઞાતિના વિદ્યાર્થીઓને પ્રોત્સાહક પુરસ્કારનું વિતરણ કરાયું

જુનાગઢમાં રહેતા જ્ઞાતિના એક સદ્‌ગૃહસ્થ તરફથી એમના પૂજ્ય બહેનની યાદમાં જ્ઞાતિના ધોરણ-૧ થી ૧૨માં અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીઓને શુભેચ્છા પુરસ્કાર રૂા. ૧૦૦૦/- આપવા માટે એમનું / દાતાશ્રીનું નામ જાહેર ન કરી વિતરણ વ્યવસ્થા કરવા માટે સંસ્થા સમક્ષ દરખાસ્ત રજૂ કરવામાં આવેલ. જે સંસ્થા દ્વારા સહર્ષ સ્વીકારી લેવામાં આવેલ. આ માટે કારોબારી મિટીંગ કરી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ.

આ અનુસંધાને જુનાગઢના દરેક વિદ્યાર્થી પરિવાર સુધી મેસેજ અને રૂબરૂ પત્ર આપી માહિતી પહોંચાડવામાં આવેલ. વિદ્યાર્થીઓના આધાર કાર્ડ અને માર્કશીટની કોપી મેળવી, ખરાઈ કરી, દરેક વિદ્યાર્થીઓને શુભેચ્છા પુરસ્કાર તેમના ઘરે જઈ રૂબરૂ આપવામાં આવેલ. કુલ ૨૬ વિદ્યાર્થીઓની માહિતી મળતાં દરેકને રૂા. ૧,૦૦૦/- (કુલ રૂા. ૨૬,૦૦૦/-) વિતરણ કરવામાં આવ્યા હતા.

જુનાગઢ મારૂ કંસારા જ્ઞાતિ ઈતિહાસમાં વિદ્યાર્થીઓને એક જ વ્યક્તિ દ્વારા અપાયેલી આ કદાચ સૌથી મોટી રકમ છે. આ માટે શ્રી મારૂ કંસારા યુવા પ્રગતિ મંડળ - જુનાગઢ સંસ્થાને નિમિત્ત બનાવવા બદલ સંસ્થા, દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર માને છે અને ગૌરવની લાગણી અનુભવે છે.

આ સદ્‌કાર્યમાં મદદરૂપ થનાર અને સહકાર આપનાર સૌનો ખૂબ ખૂબ આભાર.

# અંજાર મહિલા મંડળ

અંજના પોમલ

## શ્રાવણ માસ નિમિત્તે અંજાર મહિલા મંડળ દ્વારા ધાર્મિક કાર્યક્રમો





તા. ૧૯-૮-૨૦૨૧ શ્રાવણ સુદ બારસના શ્રી કાલિકા માતાજી મંદિર મધ્યે સમૂહ હિંડોળા તથા બાળકો માટે વેશભૂષા કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ધાર્મિક માસમાં આ ધાર્મિક કાર્યક્રમ હોવાથી વેશભૂષામાં બાળકોને દેવી દેવતાની થીમ આપવામાં આવી હતી. તે મુજબ બાળકો દેવી-દેવતાના સ્વરૂપમાં આવ્યા હતા.

સ્વામિનારાયણ મંદિર તથા વૈષ્ણવોની હવેલીમાં અષાઢ વદ બીજથી શ્રાવણ વદ બીજ સુધી એક માસ હિંડોળા ઉત્સવ ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવે છે. તો અહીં મંડળ દ્વારા એક દિવસનું શ્રી કાલિકા માતાજીના મંદિરમાં સમૂહ હિંડોળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહેનોએ પોતાની આગવા કલાસુઝથી હિંડોળાને સજાવટ કરી બાળકૃષ્ણ લાલને ઝુલાવવામાં આવ્યા હતા. સાથે વેશભૂષાનું પણ આયોજન હોવાથી બાળકો પણ દેવી દેવતાઓના સ્વરૂપમાં આવ્યા હોવાથી મંદિરમાં ભક્તિમય માહોલ બની રહ્યો હતો.

વેશભૂષામાં તથા હિંડોળામાં સ્પર્ધા નહોતી તો પણ બહેનોએ તથા બાળકોએ બહુ જ સરસ કલા પ્રદર્શિત કરી હતી. હિંડોળા તથા વેશભૂષામાં ભાગ લેનાર દરેકને મહિલા મંડળ તરફથી કોરોના મહામારીને ધ્યાનમાં રાખતા માસ્ક તથા રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

શ્રી કાલિકા માતાજી મંદિર મધ્યે તા. ૩૧-૮-૨૦૨૧ શ્રાવણ વદ નોમના અન્નકુટ દર્શન તથા નંદ મહોત્સવ કાર્યક્રમનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં અન્નકુટ માટે બહેનો ઘરેથી જ સામગ્રી લઈ આવ્યા હતા. નંદ મહોત્સવ કાર્યક્રમમાં રાસ ગરબાની રમઝટ જામી હતી અને ત્યારબાદ મટકી ફોડનું સુંદર આયોજન કરાયું હતું. જેમાં મેલ્વીન બારમેડા કાનુડો બની આવ્યો અને તેમના હાથે મટકી ફોડવામાં આવી હતી.

કાર્યક્રમમાં ખાસ આકર્ષણ યશોદા, દેવકી, ગોપી ને કાન્હાનો રાસ રહ્યો હતો. જે દેવાંશી વીસા પરમાર, જુહી બારમેડા, એલીન બારમેડા તથા મેલ્વીન બારમેડાએ રજૂ કર્યો હતો.

શ્રાવણ વદ એકાદશીના સમાજવાડી મધ્યે શ્રી માનકેશ્વર મહાદેવ મંદિરમાં શિવ મંડપ તથા રૂદ્રીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જ્ઞાતિના ગોર પૂજ્ય દેવેનભાઈએ વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજા કરાવી હતી. ઉપસ્થિત જ્ઞાતિની તમામ



બહેનોએ સાથે મળીને પૂજાવિધિ કરી હતી.

મહિલા મંડળમાં બહેનોનો હંમેશાં સહયોગ રહેતો હોય છે. તેમના સહયોગ દ્વારા જ બધા કાર્યક્રમો થતા રહે છે.

## શ્રદ્ધાંજલિ



અમદાવાદ જ્ઞાતિ મંડળના પૂર્વ પ્રમુખ **સ્વ. રમેશભાઇ વેલજીભાઇ પોમલ**નું તા. ૨૭-૦૮-૨૦૨૧ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમનો સેવાભાવી અને ઉમદા વ્યક્તિત્વ સદાય યાદ રહેશે. પ્રભુ સદ્‌ગતશ્રીના આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

***શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ***
***તથા 'જ્ઞાતિસેતુ' પરિવાર***

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ આયોજીત "વન મિનિટ ગેમ શો" કાર્યક્રમ



શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ દ્વારા તા. ૧૭-૮-૨૦૨૧ના રોજ લગ્નવાડી (કંસારા બજાર) મધ્યે સમાજની બહેનો માટે "વન મિનિટ ગેમ શો"નું આયોજન કરવામાં આવ્યું. જેમાં નાની ઉંમરની બાલિકાઓથી માંડી સિનિયર સિટીઝન બહેનોએ ભાગ લઈ વિશેષ આનંદ વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં મંડળના પ્રમુખ સુધા બુધ્ધભટ્ટીએ જણાવ્યું હતું કે કોરોના જેવા સંક્રમિત રોગને નાથવા અથવા કાબૂમાં લેવા સરકારને ફરજીયાત લોકડાઉન કરવાની ફરજ પડી તે દરમ્યાન અનેક લોકો હતાશાનો ભોગ બન્યા હતા. આવી પરિસ્થિતિમાં સૌથી વિશેષ જવાબદારી બહેનો પર આવી. ઘણા સમય બાદ નિજાનંદ માટે બહેનોના મુખ પર સ્મિત લાવવા "વન મિનિટ ગેમ શો"નું આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમના પ્રોજેક્ટ ચેર પર્સન નીલાબેન પોમલે ગેમ અંગેની વિશેષ માહિતી સાથે ગેમ અંગેના રૂલ્સની છણાવટ કરી હતી. બે ગેમ્સની સાથે એક સરપ્રાઇઝ ગેમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક બહેનોએ હર્ષોલ્લાસ સાથે ભાગ લીધો હતો. આ સાથે ભાવનાબેન ચનાણી તેમજ ઇંદીરાબેન સોલંકીએ પ્રોજેક્ટ ચેરપર્સન માટે વિશેષ સહયોગ આપ્યો હતો.

કાર્યક્રમના સંચાલનકર્તા શ્રીમતી રોહિણીબેન બુધ્ધભટ્ટીએ બહેનો માટેની સરકારી યોજનાઓ તેમજ લોન અંગેની વિશેષ માહિતી પૂરી પાડી હતી.

ઉપરોક્ત કાર્યક્રમમાં પ્રથમ ગેમમાં – (૧) ગીતાબેન નીતિનભાઈ હેડાઉ તેમજ હેમાબેન વસંતભાઈ છત્રાળા વિજેતા જાહેર થયેલ. જ્યારે દ્વિતીય ગેમમાં – (૧) દિવ્યા સમીરભાઈ સોની તેમજ (૨) કવિતા ભૌતિકભાઈ બારમેડા વિજેતા જાહેર થયેલ. જ્યારે સરપ્રાઇઝ ગેમમાં સપનાબેન સંજયભાઈ સોલંકી વિજેતા જાહેર થયા હતા.

વિજેતાઓને હોદ્દેદારોના હસ્તે પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. અંતે હાઉસી ગેમ પણ રમાડવામાં આવી હતી. જેમાં સમગ્ર બહેનોએ ભાગ લીધેલ. કાર્યક્રમનું સંચાલન રોહિણીબેન બુધ્ધભટ્ટીએ કર્યું હતું. જ્યારે આભારવિધિ લતાબેન સોલંકીએ કરી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા અરૂણાબેન બુધ્ધભટ્ટી, રીટાબેન બુધ્ધભટ્ટી, કીમ છત્રાળા, રીના બુધ્ધભટ્ટી, ભાવિની પરમાર, જયશ્રી બુધ્ધભટ્ટી તેમજ રાજેશ્રી બુધ્ધભટ્ટી, કવિતાબેન બારમેડાએ જહેમત ઉઠાવી હતી.

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ
### માધાપર





શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - માધાપર દ્વારા તા. ૧૫-૮-૨૦૨૧, રવિવારના રોજ સમૂહ સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માધાપર જ્ઞાતિ મંડળના પ્રમુખ શ્રી રામજીભાઈ સોલંકી, મંત્રી શ્રી કિરણભાઈ બુધ્ધભટ્ટી તેમજ કારોબારી સભ્યો, યુવતી મંડળ, ફ્રેન્ડ્સ ગ્રુપ હાજર રહ્યા હતા તેમજ અગ્રણીઓ મનસુખભાઈ પરમાર, જયંતીભાઈ વૈદ્ય અને માધાપર જ્ઞાતિના સભ્યો સારી સંખ્યામાં હાજર રહ્યા હતા. આયોજનને સફળ બનાવનાર મહિલા મંડળના પ્રમુખ શ્રી વર્ષાબેન કટ્ટા, મંત્રી શ્રી આશાબેન મૈચા તેમજ સમગ્ર મહિલા મંડળની બહેનો હતી.

વિદ્યાસેતુ

# આંતરરાષ્ટ્રીય શિક્ષણ-૨ : વિદેશ યુનિવર્સિટીઓ માટે પ્રવેશ પરીક્ષાઓ

**પ્રો. રસિકભાઈ મહિચ્છા**

પ્રતિ વર્ષ હજારો વિદ્યાર્થીઓ વિશ્વની વિવિધ યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવવા એક દેશથી બીજા દેશમાં સ્થળાંતર થતા હોય છે. દરેક ખ્યાતનામ કોલેજો અને વિદ્યાલયો પોતાના સ્ટાન્ડર્ડ જાળવી રાખે છે અને વિદ્યાર્થીઓને સમાન ધોરણે મૂલ્યાંકન કરીને પ્રવેશ આપે છે. પરંતુ પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓના સ્ટાન્ડર્ડ અને તેની પૃષ્ઠભૂમિ અલગ અલગ હોય છે. તેથી પ્રવેશ માટે પૂર્વનિર્ધારીત ધોરણે વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરી પ્રવેશ પરીક્ષા આપવી જરૂરી બને છે. આ પ્રકારની પ્રવેશ પરીક્ષા લેનારી એજન્સીઓ અલગ હોય છે પરંતુ તેઓ પ્રવેશ માટે ઘણી કોલેજો અને યુનિવર્સિટીઓ માટે અધિકૃત ગણાતી હોય છે. આવી પ્રવેશ પરીક્ષાઓમાં જો સારો સ્કોર આવે તો સારી કોલેજમાં પ્રવેશ મળી શકે અને સ્કોલરશીપ અથવા ફી માફી પણ આપવામાં આવતી હોય છે. ફોરેન યુનિવર્સિટીને માન્ય હોય તેવી પ્રવેશ પરીક્ષાઓમાં TOEFL, IELTS, SAT, MCAT, GMAT, GRE જેવી પ્રવેશ પરીક્ષાઓ મુખ્ય છે.

■ **TOEFL (Test of English as Foreign Language) :**

ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, ઇંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા જેવા દેશોમાં અભ્યાસ કરવા જવા માટે અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ હોવું જરૂરી અને તે યુનિવર્સિટીમાં પ્રવેશ માટેની એક અગત્યની જરૂરિયાત ગણાય છે અને ટોફેલનો તાજેતરનો મેળવેલ સ્કોર ફોરેન કન્ટ્રીના એડમિશન લેનારાઓ માટે ફરજીયાત આપવાનો હોય છે. ETS – એજ્યુકેશન ટેસ્ટીંગ સર્વિસ જેવી નોન પ્રોફિટ સંસ્થા દ્વારા લેવાતી ટોફેલની પરીક્ષા દ્વારા પ્રવેશ લેનાર વિદ્યાર્થીની રીડિંગ, રાઇટીંગ, લીસનિંગ, સ્પીકિંગની પ્રોફિસીએન્સી ચકાસવામાં આવે છે. ટોફેલ PBT – પેપર બેઝ અને IBT – ઇન્ટરનેટ બેઝ એમ બંને રીતે લેવામાં આવે છે. તેનો સ્કોર બે વર્ષ માટે વેલીડ ગણાય છે અને વિશ્વની ૧૧૦૦૦ કોલેજોની માન્યતા ધરાવે છે. વર્ષમાં કુલ ૬૦ ટાઇમ્સ લેવામાં આવે છે. ભારતના દરેક મોટા શહેરોમાં તેના કેન્દ્રો આવેલા છે. તેની ફી ૧૮૫ ડોલર છે. જો વિદેશમાં સારી કોલેજમાં જવું હોય તો એડવાન્સમાં તૈયારી કરી, ટોફેલ ઊંચો સ્કોર મેળવી રાખવો જોઈએ.

■ **IELTS (International English Language Testing System) :**

IELTS બ્રિટીશ કાઉન્સિલ, આઈ.ડી.પી. અને કેમ્બ્રિજ દ્વારા વિકસિત અને સંચાલિત ઇન્ટરનેશનલ પરીક્ષા લેનારી સંસ્થા છે અને ઇંગ્લીશ લેંગ્વેજમાં પ્રોફિસિએન્સી કેટલી ધરાવે છે તે માટેની પરીક્ષા લે છે. જેમને વિદેશમાં નોકરી, ઉચ્ચ અભ્યાસ અથવા માઇગ્રેશન લેવાનું હોય તેમને આ પરીક્ષા આપવાની જરૂરિયાત પડે છે. ૧૪૦ દેશોમાં તેના ૧૧૦૦થી વધુ ટેસ્ટ સેન્ટર્સ આવેલા છે. આ પરીક્ષા હેતુ ઇંગ્લીશ લેંગ્વેજમાં રીડિંગ, રાઇટીંગ, લીસનિંગ અને સ્પીકિંગ આવડત કેટલી છે તે જાણવા માટે લેવામાં આવે છે. તેથી પરીક્ષાના પ્રશ્નો અઘરા નથી હોતા પરંતુ ભાષાકીય રીતે કેટલી સચ્ચાઈથી આપણે તેના જવાબો આપીએ છીએ તે જોવામાં આવે છે. આ પરીક્ષા માટે ઘણી માહિતી અને માર્ગદર્શન ઓનલાઇન તથા ઑફલાઇન - બુક્સ મેગેઝીન્સ સ્વરૂપમાં પ્રાપ્ય છે. મોટા શહેરોમાં તેના કોચિંગ ક્લાસ પણ ચાલતા હોય છે. થોડી મહેનત કરી તેમાં સારો સ્કોર મેળવી શકાય છે. એવરેજ સ્કોર ૫.૫થી ૬.૫ સરળતાથી લાવી શકાય છે પરંતુ ૭.૫થી ઉપર લાવનાર વ્યક્તિ વિશે એવું કહી શકાય કે જેની માતૃભાષા અંગ્રેજી છે, તેના કરતાં ૭૫% જેટલું કોમ્યુનિકેશન તે ઇંગ્લીશમાં કરી શકવા સક્ષમ છે. IELTS સ્કોર બે વર્ષ માટે વેલીડ ગણાય છે. તેથી જે વિદ્યાર્થીઓ વિદેશ જવાનો પ્લાન કરતા હોય તેમણે IELTS ની તૈયારી વહેલાસર કરી દેવી જોઈએ. જેથી તેમાં સારો સ્કોર લાવી શકાય.

■ **GRE (Graduate Record Examination) :**

ETS – એજ્યુકેશનલ ટેસ્ટીંગ સર્વિસીસ દ્વારા લેવાતી GRE જનરલ ટેસ્ટ અમેરિકા, ઇંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડની પ્રખ્યાત ૧૧૦૦ જેટલી યુનિવર્સિટીના પોસ્ટ ગ્રેજ્યુએટ, ડોક્ટરેટ અને લૉ માં પ્રવેશ મેળવવા માટે ૧૬૦ દેશોના ૫ લાખ જેટલા ઉમેદવારો ઉચ્ચ શિક્ષણ માટે વિદેશ જવા હેતુ પરીક્ષામાં બેસે છે. GRE ૧૯૩૬થી શરૂ થયેલો વિશ્વનો સૌથી મોટો અને સૌથી જૂનો પરીક્ષા પ્રોગ્રામ ગણાય છે. GRE વિષય - સ્પેસીફીક જેવી કે એન્જીનિયરીંગ, સાયન્સ, મેનેજમેન્ટ વિષયો માટે સાયન્સ, મેથ્સ, કેમેસ્ટ્રી, ફિઝીક્સ અને બાયોલોજીના માટે પણ લેવાય છે. પોસ્ટ ગ્રેજ્યુએટ અથવા ડોક્ટરેટ લેવલના જુદા જુદા વિષયોના કોર્સમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓમાં જે તે વિષયોનું બેઝીક નોલેજ એડવાન્સ સ્ટડી માટે પૂરતું છે કે નહીં તે GRE ના સ્કોરથી જાણી શકાય છે.

GRE જનરલ ટેસ્ટ આર્ટસ, લૉ અને બિઝનેસ સ્કુલ્સમાં પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસમાં પ્રવેશ મેળવવા માટે જરૂરી છે. તેમાં વર્બલ રીઝનિંગ, ક્વોન્ટીટેટીવ રીઝનિંગ, ક્રિટીકલ થીન્કિંગ અને એનાલીટીકલ રાઇટીંગ માટેની ટેસ્ટ લેવામાં આવે છે. એ બધી સ્કીલ ગ્રેજ્યુએટ કોર્સ દરમ્યાન વિદ્યાર્થી મેળવતો હોય છે અને તેના આધારે વિદેશમાં વિદ્યાર્થી એડવાન્સ કોર્સ કરવા સમર્થ થાય છે.

GRE ટેસ્ટ વર્ષમાં ત્રણ વખત લેવાય છે અને તેમાં www.ets.org પર ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવી શકાય છે. દરેક મોટા શહેરોમાં તેના ટેસ્ટ સેન્ટર આવેલા છે. તેના માટે ઓછામાં ઓછું એક વર્ષ તૈયારી કરવી જોઈએ. તેના ઓનલાઇન

તેમજ ઓફલાઇન કોચિંગ સેન્ટર્સ પણ હોય છે અને માર્ગદર્શિકાઓ પણ મળતી હોય છે. આ ટેસ્ટ સૌપ્રથમ અમેરિકા ચાર પ્રેસ્ટીજીયસ યુનિવર્સિટીઓ જેવી કે હાર્વર્ડ, યેલ, પ્રિસ્ટન અને વિસ્કોન્સીન યુનિવર્સિટીમાં પ્રવેશ માટે ૧૯૩૬માં શરૂ થયો હતો. છેલ્લી માહિતી મુજબ કોવિડ-૧૯ના કારણે જેમના પાસપોર્ટ નથી થયા તેમને આધારકાર્ડ પ્રમાણે રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

■ **GMAT (Graduate Management Admission Test) :**

ગ્રેજ્યુએટ મેનેજમેન્ટ એડમિશન કાઉન્સિલ - અમેરિકા દ્વારા લેવાતી જીમેટ ટેસ્ટ વિશ્વની ૭૦૦૦ જેટલી બી-સ્કૂલ્સમાં પ્રવેશ મેળવવા માટે લેવામાં આવે છે. આ પરીક્ષા લેવા પાછળ મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે પ્રવેશવાંચ્છુ મેનેજમેન્ટ વ્યવસાય માટે વલણ અને ક્ષમતા ધરાવે છે કે નહીં તે નક્કી કરવું. વિશ્વની ૯૦% મેનેજમેન્ટ કોલેજો GMAT સ્વીકારે છે. પ્રતિવર્ષ બે લાખ જેટલા ઉમેદવારો રજીસ્ટ્રેશન કરાવે છે. તેની ઓફિશિયલ વેબસાઇટ www.gmac.com પર તમામ માહિતી મળી શકશે. GMAT ટેસ્ટની ફી ૨૫૦ ડોલર છે. વિશ્વ ટોપ મેનેજમેન્ટ કોલેજ જેવી કે સ્ટેનફોર્ડ, હાર્વર્ડ, વ્હારટોન, લંડન બિઝનેસ સ્કુલ, MIT સ્લોન, પેન્સિલ્વેનિયા, પ્રિન્સ્ટન, કોલંબિયા વગેરેમાં પ્રવેશ મેળવવા માટે GMAT પરીક્ષા આપવી જરૂરી છે. વર્બલ રીઝનિંગ, ઇન્ટીગ્રેટેડ રીઝનિંગ, ક્વોન્ટીટેટીવ રીઝનિંગ, એનાલીટીકલ રાઈટીંગ વગેરે મળીને કુલ ચાર વિભાગ ધરાવતી GMAT પરીક્ષા કુલ ૩ કલાક ને ૧૦ મિનિટની હોય છે.

ઘણી મેનેજમેન્ટ કોલેજો જાહેરાત કરતી હોય છે કે તેઓ GMAT વિના પ્રવેશ આપે છે, તો તેવી કોલેજનું ધોરણ નીચું હોય છે. તેમાં પ્રવેશ મેળવવો જોખમી છે.

■ **LSAT (Law School Admission Test) :**

અમેરિકાની લૉ સ્કૂલ એડમિશન કાઉન્સિલ દ્વારા લેવાતી LSAT પરીક્ષા અમેરિકા, કેનેડા, બ્રિટન અને બીજા ઘણા દેશોની પ્રેસ્ટીજીયસ લૉ કોલેજમાં પ્રવેશ મેળવવા માટે લેવાય છે. લૉ ગ્રેજ્યુએટ થવા માટે જે સ્કીલ સેટ્સ જરૂરી છે જેવા કે રીડિંગ, રાઈટીંગ, એનાલીટીકલ રીઝનિંગ, લોજીકલ રીઝનિંગ, કોમ્પ્રિહેન્શન ટેસ્ટ કરવા માટે લેવાય છે. તેની ફી ૨૦૦ ડોલર છે. તેની ઓફિશિયલ વેબસાઈટ www.lsat.org છે.

આ સિવાય અન્ય પરીક્ષાઓ પણ લેવાતી હોય છે જેવી કે MCAT અને SAT વગેરે. MCAT એ ફોરેન યુનિવર્સિટીઓની મેડિકલ ફેકલ્ટીમાં પ્રવેશ મેળવવા માટેની કોમ્પ્યુટર બેઝ્ડ પરીક્ષા છે. તેની માહિતી તેની ઓફિશિયલ વેબસાઇટ https://mcat.co.in પર મેળવી શકાશે. જ્યારે SAT એ સ્કોલેસ્ટીક એચિવમેન્ટ ટેસ્ટ છે, જે વિદેશના અંડર ગ્રેજ્યુએટ પ્રોગ્રામમાં પ્રવેશ મેળવવા માટેની પરીક્ષા છે. તેની માહિતી આ વેબસાઈટ https://collegereadiness. collegeboard.org પર ઉપલબ્ધ છે. જો વિદેશ અભ્યાસનું આયોજન કરવાના હો, તો આવી પરીક્ષાઓની તૈયારી વહેલાસર શરૂ કરવી જોઈએ.

## જ્ઞાતિ ગૌરવ

### પાર્થ પ્રફુલભાઈ કંસારા (નખત્રાણા - કચ્છ)

ગુજરાત ટુરિઝમ દ્વારા યાજાયેલ "ગુજરાત ટ્રાવેલ એન્ડ ટુરિઝમ એક્સેલન્સ એવોર્ડ ૨૦૨૧"ના એવોર્ડ સેરેમનીમાં "બેસ્ટ વાઈલ્ડલાઈફ એન્ડ નેચરલ ફોટોગ્રાફર ઓફ ગુજરાત"માં પાર્થ પ્રફુલભાઈ કંસારા (નખત્રાણા - કચ્છ) સમગ્ર ગુજરાતમાં બીજો ક્રમાંક મેળવીને વિજેતા થયેલ છે. અગાઉ ૨૦૨૦ના ગુજરાત ટુરિઝમ એવોર્ડસમાં તેમનું પ્રથમ સ્થાન આવેલું હતું.




આ પ્રસંગે માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ટુરિઝમ વિભાગના કેબિટને મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીના વરદ્ હસ્તે પુરસ્કાર આપવામાં આવ્યો હતો. તે સાથોસાથ રાજ્યકક્ષાના મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, ગુજરાત પ્રવાસન વિભાગના સચિવ શ્રી હરિત શુક્લા, ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી જેનુ દેવન સહિતના અધિકારીઓ, ઉપરાંત કચ્છ કલેક્ટર પ્રવીણ ડી.કે. સહિત દેશના વિવિધ રાજ્યોના પ્રવાસન ઉદ્યોગ તેમજ હોસ્પિટાલિટી સેક્ટરના અગ્રણીઓ હાજર રહ્યા હતા. ફેમિલી રીલેશન એવા માનનીય ગુજરાતના વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણા (લીમડી) જેઓએ પણ શુભેચ્છા પાઠવી હતી. કચ્છના સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, પૂર્વ રાજ્યમંત્રી શ્રી તારાચંદભાઈ છેડા, કચ્છ ભાજપના પ્રમુખ શ્રી કેશુભાઈ પટેલ, અબડાસાના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાએ અભિનંદન પાઠવેલ હતા.

*'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી પાર્થને ખૂબ ખૂબ અભિનંદન.*

*(વધુ ફોટા અને વીડિયો જોવા QR Code સ્કેન કરો)*

# વિદેશમાં અભ્યાસ માટે IELTS


ભાવિ બારમેડા - રાયપુર (છત્તીસગઢ)

IELTS માટે Listening Skill પણ એકેડેમિક ટેસ્ટ અને જનરલ ટ્રેનિંગ ટેસ્ટમાં બદલાતું નથી. એક સમાન જ હોય છે. Listening Skill એટલા માટે તપાસવામાં આવે છે કે જેથી જાણવા મળે કે એક્ઝામિનર ફોરેનમાં કમ્યુનિકેટ કરવા સમર્થ થઈ શકશે કે નહીં અને ફોરેન ઉચ્ચારણને સમજી શકશે કે નહીં? Listening Skill ની ટેસ્ટ ૩૦ મિનિટની હોય છે અને દસ મિનિટ એક્સ્ટ્રા આપવામાં આવે છે. આ દસ મિનિટમાં પોતાના જવાબ આન્સર શીટમાં ટ્રાન્સફર કરવાના હોય છે. કુલ ૪૦ સવાલો હોય છે. પ્રત્યેક સવાલ માટે ૧ માર્ક મળે છે. પરીક્ષા આપનારને ચાર રેકોર્ડિંગ સંભળાવવામાં આવે છે. જેમાં મિક્સ વાર્તાલાપ હોય છે. શરૂઆતમાં Native Speaker પરસ્પર વાત કરતા હોય છે, જે ખૂબ સરળ હોય છે. પછી એક સ્પીકર થઈ જાય છે અને પછી ૩ થી ૪ સ્પીકર પણ થઈ જાય છે. ઘણીવાર એ સમયે સમજવામાં ઘણી મુશ્કેલી થાય છે. રેકોર્ડિંગ ફક્ત એક જ વાર સંભળાવવામાં આવે છે. બીજી વખત સંભળાવવામાં આવતું નથી તેનું ખાસ ધ્યાન રાખવાનું છે. આ સ્કેલમાં હાઈ સ્કોર ઘણાને થોડો મુશ્કેલ લાગે છે પણ થોડા પ્રયત્નો કરવામાં આવે તો અઘરૂં નથી. આજકાલ ઘણી સારી ઇંગ્લીશ મુવી, જે વિવિધ દેશોથી પ્રસારિત થાય છે, તેમાં ઇંગ્લીશ બોલવાની ઢબ અલગ અલગ હોય છે. એ સાંભળવામાં આવે તો ખૂબ જ મદદરૂપ બની શકે છે. એક બીજી મહત્ત્વની વાત યાદ રાખવાની છે અને તે છે કરેક્ટ સ્પેલીંગ. જે શબ્દ એક્ઝામિનેશન સાંભળે છે, તેણે તે શબ્દનો સ્પેલીંગ એકદમ સચોટ લખવાનો છે. ફક્ત સમજવાથી નહીં ચાલે, જે સાંભળીને સમજ્યા હોય તેને સાચી રીતે લખીને પણ બતાવવાનું રહેશે.

લિસનીંગ સ્કીલને સરસ રીતે કરવા માટે જ્યારે પેપર આપતા હો, ત્યારે બધી વસ્તુને રટવાની નહીં, પણ તેનો પૂર્ણ અર્થ સમજવાની કોશિશ કરવી. રેકોર્ડિંગમાં સ્પીકર શું કહે છે તેનો મતલબ સમજવો. સ્પીકરના કહેવાનો અર્થ સમજવો. પોતાના પૂર્વગ્રહોને જોડવા નહીં. સાંભળતી વખતે પૂરૂં ધ્યાન સાંભળવા પર રાખવું. ત્યારે એકસાથે ઘણી બધી પ્રવૃત્તિ ન કરવી. માહિતી એકઠી કરવા કરતા સમજવા પર વધારે ધ્યાન આપવું. પોતાના સમજ પ્રમાણેના નિર્ણયો પર પહોંચવું નહીં. હંમેશાં રેકોર્ડિંગની સ્પીચમાં રહેલા જવાબ જ આપવા. શાંત રહીને સાંભળવું ખૂબ જરૂરી છે. એટલે ફોકસ બિલકુલ પણ ખોવાનો નહીં.

Three A's જીવંત Listener માટે કહ્યા છે. તે છે : Attention, Attitude and Adjustment.

Listening Skill ને ચાર સ્તર પર કરવાનું હોય છે : (1) Receiving, (2) Understanding, (3) Evaluating, (4) Responding.




પહેલા શું સાંભળ્યું તેના પર ધ્યાન આપવાનું, પછી તેને સમજવાનો, પછી તેને મંથન કરવાનું અને પછી જવાબ તૈયાર કરવાનો.

You-Tube ઉપર લિસનીંગ સ્કીલની પ્રેક્ટીસ માટે ઘણી સરસ ચેનલો છે. એમાંથી બે ની લીંક હું અહિંયા આપી રહી છું :

The IELTS Listening Test

Crack IELTS with Rob

ઉપરની ચેનલો પર જવાબ સાથે પૂરૂં પેપર આપવામાં આવ્યું છે. પરીક્ષાર્થી જાતે જ પોતાની ટેસ્ટ લઇ શકે છે અને સમય સીમાની અંદર ટેસ્ટ પૂરી કરી શકે છે કે નહીં તે પણ ચકાસી શકે છે. જવાબો મમ્મી પણ આપવામાં આવ્યા છે. તો કેટલું સાચું અને ખોટું કર્યું તેનું પરિણામ પણ જાણી શકાય છે.

હું અહિંયા મારા લેખને વિરામ આપું છું. હવે નેક્સ્ટ આર્ટીકલમાં ત્રીજા સ્કીલની વાત કરીશું. આશા રાખું છું, મારો લેખ સૌ વિદ્યાર્થીઓને કામ આવે. જય શ્રીકૃષ્ણ.

(ક્રમશઃ)

## કાવ્ય

ખોવાયેલું શોધાયું છે
મારા સુધી પહોંચાયું છે

નભ વીંધીને રહેશે નક્કી
પક્ષીથી પાંજરૂં તોડાયું છે

લક્ષ્મણ રેખા દોરો પહેલા
મન કાંચન મૃગે મોહાયું છે

વિતેલી ક્ષણનો લ્યો હિસાબ
સમજણ શાખે સચવાયું છે

તેથી ઉતરતું નહીં હોય ગળે
નક્કી સાચું બોલાયું છે

હું તોલીશ 'સમય'ને પણ 'યાદ'
એની સામે જીવાયું છે

જીનલ જીગર "યાદ"

અનુભવનું ભાથું

# મારો અનુભવ મારી શૈલીમાં....

**હિંમતલાલ ભગવાનજી સોલંકી - આદિપુર**



હિંમતલાલ ભગવાનજી સોલંકી

જય શ્રીકૃષ્ણ સાથે જણાવવાનું કે વોટ્સએપ ગ્રુપમાં આવેલ કંસારા સેવા સમાજનાં મેસેજ સિનિયર સિટીઝન માટેની લેખન સ્પર્ધાના આયોજન અંગે જાણી, હું મારો નિબંધ અહીં મોકલું છું.

નિબંધની શરૂઆત કરતા પહેલાં મારો પરિચય આપી દઉં. મારૂં વતન ભુજ (કચ્છ) છે. મારા પિતાજી કંસારાનું કામ કરનાર કારીગર હતા. હું એક સરકારી કર્મચારી તરીકે સન ૧૯૬૮માં FCL (Food Corporation of India)માં જોડાયો. શરૂઆતમાં ક્લાર્કથી કરી મેનેજરની પદવી સુધીની ફરજ બજાવી અને હવે ૨૦૦૮માં રિટાયર્ડ થઈ નિવૃત્ત જીવન વિતાવું છું.

સ્પર્ધાના નિયમ મુજબ શબ્દોની મર્યાદા છે. પણ જોવા જાઓ તો પાંચેય વિષય માટે આ અવસ્થામાં વર્ણન કરવા શબ્દોની મર્યાદા ન હોય તો સારૂં. છતાં પ્રયત્ન કર્યો છે સીમિતમાં લખવા. તો હવે મારા વિષયના નિબંધની શરૂઆત કરૂં, જે છે.... "અનુભવ એટલે શું? આપણે જે અહેસાસ કરીએ તે? કે આપણે કરેલા કાર્યોનું પરિણામ?" અરે, ઘણું બધું... જેને 'હા' પણ કહ્યું અને 'ના' પણ. મારી શૈલીમાં કહું તો 'હા' એટલે કે જીવનની ગાડીમાં જે કોઈ સુખદ કે દુઃખદ વળાંક આવ્યા તેમ અન્ય તરફથી કેવો પ્રતિભાવ મળ્યો કે આપ્યો એનો અહેસાસ એટલે અનુભવ.

*"જન્મોજન્મ વીતે, વીતશે ભવનાં ભવ*
*છે અવસ્થા એવી સૌ ઝંખે શાંતિ નીરવ*
*શું આપ્યું? શું પામ્યું? રોળાય એ અવઢવ એ!*
*જિંદગી આનું નામ છે કદાચ અનુભવે!"*

'ના' કહું તો જો તમને કોઈ પાસેથી કોઈ અપેક્ષા જ નથી, આત્મીયતા જ નથી તો એ અહેસાસ તમને કદી થવાનો જ નથી. એનાથી તો તમે અલિપ્ત જ રહેવાના! ત્યારે તમારી પાસે ફક્ત કાર્ય કરવાનો જ અનુભવ રહે છે. હા, એ સાચું છે કે જિંદગી પાસેથી ઝાઝી અપેક્ષા ન રાખવી. જિંદગી એક પ્રકારની વાવણીનો સમય છે, લાગણીનો નહીં. પણ, લાગણી અને હૂંફ એ તો સિનિયર સિટીઝન માટેની લાકડી છે, જેના સહારે જ આ અવસ્થા ફૂલ સમી હળવી બને છે. જેમને જીવનની આ સંપત્તિ મળી તેમણે પોતાની આ દુનિયાને આબાદ કરી છે તે પણ એક હકીકત છે. એટલે જ કોઈ કવિએ પંક્તિમાં સરસ સમજાવ્યું છે :

*"હર પ્રભાતે ચેતવે છે કૂકડાઓની પુકાર,*
*જો ઉષાના દર્પણે તારા જીવન કેરો ચિતાર."*

આજે મારી ઉંમરને સિનિયર સિટીઝનની અવસ્થા કહે છે. આ સિનિયર સિટીઝન એટલે શું? સામાન્ય વ્યાખ્યા મુજબ વ્યાખ્યાયિત કરું તો ૬૦ વર્ષ પછીની ઉંમર જ્યારે વ્યક્તિએ બધી જવાબદારીઓ પૂર્ણ કરી દીધી હોય અને નિવૃત્ત થઈ ગઈ હોય. પણ, એક પ્રશ્ન ખેંચે છે મને કે શું ખરેખર વ્યક્તિ બધી જવાબદારીથી પૂર્ણ થઈ ગઈ કે નિવૃત્તતા મેળવી? મારા મતે તો આ પ્રશ્ન કદાચ પ્રશ્ન જ રહેશે. મારા માટે, તમારા માટે અને આવનારી દરેક પેઢી માટે.

ખરેખર તો સિનિયર સિટીઝનની ત્રણ અવસ્થા છે : (૧) દાંપત્ય જીવન, (૨) વિધુર જીવન, (૩) વિધવા જીવન.

મારા અનુભવ મુજબ તો આ ત્રણેય અવસ્થા કપરી જ હોય છે પણતેમાં દાંપત્ય અવસ્થાનો કાળ એ જીવનનો કદાચ સુખમય કાળ છે. ભગવાનની કૃપાથી મારા જીવનની આ સુખમય અવસ્થા છે. જીવનકાળ દરમિયાન લગભગ જવાબદારીઓ નિભાવ્યા પછી અત્યારે હું મારી પત્ની સાથે સુખમય નિવૃત્ત જીવન પસાર કરૂં છું.

આ સુખમય અવસ્થાને સુખમ બનાવવાની તૈયારી દરેક દંપતીએ પોતાના કાર્યકાળ સમયમાં જ કરી લેવી જોઈએ. દરેકને રામ જેવા પુત્ર જ જન્મે તેવું તો શક્ય નથી! તેથી કાર્યકાળ દરમિયાન જ અમુક મૂડી જો આ અવસ્થા માટે રોકીએ તો સ્વ-આધારિત રહી શકાય છે. ભગવાનની કૃપાથી મારે પુત્ર-પુત્રવધૂ-પૌત્ર બધા જ હેતભરેલા છે, અમારી ચિંતા કરનારા છે અને હર શ્વાસ પર સાથ આપે તેવા છે. પણ છતાં દરેક વ્યક્તિને એક સ્વમાન અને સ્વાભિમાન જાળવવા પણ આ અવસ્થાના સ્વાવલંબન માટે પૂર્વકાળથી તૈયારી કરવી, એવું હું માનું છું.

મારૂં માનવું છે કે આ અવસ્થાના બે પાસા છે : સુખદ અને દુઃખદ. બંને સિક્કાની બે બાજુ જેવા છે. તમે કઈ બાજુ પસંદ કરો છો, તે તમારા પર છે.

સંતાનો-પત્ની દ્વારા પ્રેમ, હૂંફ અને લાગણીથી ભરેલો હસતો-હમતો પરિવાર એ સુખદ અવસ્થાની નિશાની છે. ઘણા કુટુંબોમાં જનરેશન ગેપને લઈ થતી ગેરસમજને લીધે સંતાનો દૂર જતા રહે છે અને બોલવા-ચાલવાનો સંબંધ પણ હોતો નથી. આવી અવસ્થા સુખદને દુઃખદમાં ફેરવે છે. પણ આવું ન થાય માટે એડજસ્ટમેન્ટ, એ કપરો પણ સૌથી સરળ અને યોગ્ય વિકલ્પ છે.

સંતાનો - પૌત્રપૌત્રાદિની જીવનશૈલીમાં થોડું એડજસ્ટ કરી, તેમના વિચારો સાથે સુમેળ સાધવામાં આવે તો તેઓ પણ એ

જ શૈલી આપણી સાથે અપનાવશે અને લાગણી, હૂંફ, અરસપરસ છલકાતા રહેશે જે સુખદ અવસ્થાની એક સુંદર અને સુરક્ષિત ચાવી છે.

આજકાલ દરેકને પોતાની પ્રાઈવસી જોઈએ છે ત્યારે કદાચ નાનાં ઘરના લીધે એ શક્ય ન બને, તો સહસંમતિથી, પ્રેમ અને લાગણીથી ફક્ત જગ્યાને લઈ અલગ રહીને પણ આજ મીઠાશ અને લાગણીનો છલકાવ કાયમ રાખી શકાય છે.

**ખોજ બીજાની કરીશું ક્યાં સુધી?**

***આપણે ખોવાઈએ ના ત્યાં સુધી. જો તમે નવી પેઢીમાં ખામી જ શોધશો તો એ એડજસ્ટમેન્ટ કદી થશે જ નહીં. તેથી આપણે એમાંથી ખોવાઈ જઈએ ત્યાં સુધી બીજાનાં દોષની ખોજ ન કરવી. પછી એ સંતાન હોય, પૌત્ર હોય કે પત્ની. પણ હા, નાનીમોટી જીભાજોડી, એ તો દાંપત્ય જીવનનું એક સુંદર - મીઠું નજરાણું છે. એ પણ ખોવાય નહીં તે ખૂબ જરૂરી છે.***

જીવનમાં આવેલી દુઃખદ ઘટનાને વાગોળી, જો રડ્યા કરીએ તો જીવન નર્ક સમાન બની જાય છે. તમે એમાંથી ઊગરી જ ન શકો, કે તમે પરિવારને સુખની લાગણી આપો. મારા જીવનમાં પણ પુત્રને ખોવાની, મા-બાપને ખોવાની ઘટનાઓ બની છે પણ તેને પ્રકૃતિનો વસંત-પાનખર-વસંતનો ક્રમ સમજી તે ઘટનામાંથી બોધ લઈ, તેમાં સકારાત્મક્તાના બીજ વાવી એક સંતોષ અને વિશ્વાસનું વૃક્ષ ઉગાડવું જોઈએ. તો જ તેમાં ધર્મનાં પુષ્પ ખીલે છે અને તેનાં મૂળિયા મોક્ષ સુધી પહોંચાડે છે.

આ અવસ્થામાં એકલતા ખૂબ જ કપરી હોય છે. પતિ-પત્ની એકબીજાના પૂર્ણ હમદર્દ બની જાય છે, મિત્ર બની જાય છે. હૃદયની વાતો, દર્દ એ આંખોથી જ સમજાઈ જાય છે છતાં તમને પત્નીની સાથે એક મિત્રવર્તુળ અને સમાજનાં અમુક સંબંધોની પણ જરૂર હોય છે, જે હમઉમ્ર હોય, જેમની સાથે વિતાવેલ સંસ્મરણો તમને સંતોષભાવની સ્મૃતિ કરાવે.

આ અવસ્થા ગ્રહો જેવી છે. જેમ ગ્રહો પોતાનાં પરિઘમાં સતત ફર્યા કરે છે, દિશા બદલી શકતા નથી, ધીમા કે ઉતાવળા થઈ શકતા નથી, લયબદ્ધ ગતિ કરે છે કારણકે તેઓ સ્વતંત્ર નથી - પરતંત્ર છે. તેમજ આ અવસ્થા પણ પ્રકૃતિનો સત્યાર્થ છે. તો શા માટે કોઈ આ અવસ્થાને અભિશાપ માની કંટાળે? પરંતુ આપણે કૈંક એવું કરવું જોઈએ કે આપણાં અનુભવ આપણાં માટે અને આપણી પેઢી માટે આશીર્વાદરૂપ બની જાય.

માન્યું, કે આ અવસ્થા દરિયાના કિનારા જેવી છે. એક શાયરે સરસ કહ્યું છે : ***"तमसा ए साहिल डूबने का अफसोस तो करता है पर इमदाद नहीं करता."***

કિનારો ડૂબનાર માટે અફસોસ વ્યક્ત કરે છે પણ કદી મદદ નથી કરતો પણ કિનારા પર પહોંચેલાને થામીને આશરો જરૂર આપે છે તેમજ મારા મતે આપણે પણ વિચારોના કિનારાથી સહુને આશરો આપી ઉગારી તો શકીએ જ.

મારા અનુભવ મુજબ તો આનંદમય તથા શાંતિપૂર્ણ નિવૃત્ત જીવન પસાર કરવા માટે આર્થિક સદ્ધરતાની પૂર્વતૈયારી, કરકસરયુક્ત અને સાદગીમય જીવનશૈલી, વેળાસર ભોજન, સંતાનો સાથે મિત્રતાભર્યા સંબંધ અને પત્ની સાથે ગૃહકાર્યમાં નાની-મોટી બનતી મદદ એ ખૂબ જ સરળ અને યોગ્ય પગથિયાં છે. જો સમર્પણની ભાવના હશે તો આપોઆપ તર્પણ મળશે જ. એક નાની પંક્તિઓમાં ઘણું બધું સમજાઈ જાય છે કે,

*"અડગ નવ ડોલવું, અધિક નવ બોલવું*
*ખોળવી ગૂજ તે પાત્ર ખોળી;*
*દીનવચન દાખવું, ગંભીર મતું રાખવું*
*વિવેકીને વાત કરવી ન પહોળી."*

તો જ જીવનની આ ગાડી ક્યારેય પાટા પરથી ઊતરશે નહીં અને તમારા સાંનિધ્યમાં બાળકે મેળવેલ સ્નેહ, સંતોષ અને સલામતી તમને જ આ અવસ્થામાં એમનાં સાંનિધ્યમાં ચોક્કસ મળી રહેશે.

આપણે સૌ રાખના પંખી છીએ. ખુદખુદના કર્મ-ફળે બળીને રાખ થઈએ છીએ અને ફરી કર્મફળથી રાખમાંથી બેઠા થઈએ છીએ. એક જન્મમાં કોણ જાણે કેટલાય જન્મ થઈ જાય છે. જેટલાં જન્મ એટલાં મરણ, જેટલાં મરણ એટલાં જન્મ. હું આવું રાખનું પંખી છું – નામરૂપ વગરનું, પણ છું. આ અવસ્થામાં જ્યારે વ્યક્તિ પત્નીનો સંગાથ અને સંતાનનો સાથ ઈચ્છે ત્યારે મારા આ બંને સંબંધો ખૂબ જ સુંદર અને મજબૂત છે. તે માટે હું 'ઈશ'નો આભારી છું કે અમે બધા એકબીજા માટે હરપળ તત્પર રહીએ છીએ અને રહીશું. તે માટે હું કવિ શ્રી રાજેન્દ્ર શુક્લની અમુક પંક્તિઓ કહેવા માગું છું :

*"પુકારો ગમે તે સ્વરે હું મળીશ જ*
*સમયનાં કોઈ પણ ઘરે હું મળીશ જ*
*કોઈ પણ ટૂંકે જરા સાદ દેજો*
*સુસવાતા પવનના સ્તરે હું મળીશ જ*
*શમે મૌનમાં શબ્દ મારા પછી પણ*
*કોઈ જગતનાં દોહરે હું મળીશ જ."*

મારા આ સમયને મેં અભિશાપ નહીં પણ આશીર્વાદ બનાવી ઉજાળ્યો છે એ અનુભવ સાથે હું મારા નિબંધને વિરામ આપું છું.

***કંસારા સેવા સમાજ - કેશોદ દ્વારા આયોજીત***
***નિબંધ સ્પર્ધાની આ કૃતિ સાભાર પ્રકાશિત.***

# સ્વયંસિદ્ધ મહિલા શક્તિ

લતાબેન સોલંકી - ભુજ

*આપણા સમાજના મુખપત્ર "જ્ઞાતિસેતુ"માં "સ્વયંસિદ્ધ મહિલા" કોલમની માળાના વધુ એક મહેનતુ, ફરજનિષ્ઠ મહિલાને મળીએ. જયશ્રીબેન ભૂપતભાઈ પરમાર - ભુજ. જેઓ પોતાની મહેનત અને આવડતથી પોતાના પરિવારજનોની ખુશીઓને બમણી કરતા રહ્યા છે. વેફર, પાપડ, સૂકો નાસ્તો બનાવવાની સાથે સાથે ફાસ્ટફુડના ઓર્ડર લઈ ઝોમેટોની જેમ પોતે જ હોમ ડિલીવરી કરે છે. તો ચાલો, આજે એમને મળીએ... એમના શબ્દોમાં એમની સાફલ્ય ગાથા સાંભળીએ...*

**જયશ્રીબેન પરમાર સાથે લતાબેન સોલંકીએ કરેલ વાર્તાલાપ....**

## જયશ્રીબેન ભૂપેશભાઈ પરમાર - ભુજ

*નામ* : જયશ્રીબેન ભૂપેશભાઈ પરમાર (ભુજ, કચ્છ)

*માતા-પિતા* : પ્રભાવતીબેન બેચરલાલ બારમેડા

*સાસુ-સસરા* : સરલાબેન વિનોદરાય પરમાર

**પ્રશ્ન : *નમસ્કાર જયશ્રીબેન, કેમ છો?***

**જવાબ :** નમસ્કાર લતાબેન. હું એકદમ મજામાં. તમે કેમ છો?

**પ્રશ્ન : *મેં સાંભળ્યું છે કે તમે ઘરે બેઠા વ્યવસાય કરો છો? તો તમે કયો વ્યવસાય કરો છો?***

**જવાબ :** હા, હું ઘરે બેઠા વ્યવસાય કરું છું. હું ઘરે વેફર, અથાણા, પાપડ, થેપલા, સૂકા નાસ્તા અને ફાસ્ટ ફુડ બનાવું છું.

**પ્રશ્ન : *વેફરનો વ્યવસાય કેટલા વર્ષથી કરો છો?***

**જવાબ :** વેફરનો વ્યવસાય હું છેલ્લા દસેક વર્ષથી કરૂં છું.

**પ્રશ્ન : *તમે ઘરમાં કેટલા જણા છો?***

**જવાબ :** અમે ઘરમાં ચાર જણા છીએ.

**પ્રશ્ન : *તમને વેફરના ઓર્ડર કેવી રીતે મળતા?***

**જવાબ :** વેફરનો ધંધો મેં મારા સાસુ પાસેથી શીખ્યો. એ શરૂઆતમાં દુકાને આપતા. ત્યારબાદ ઘરે ઘરેથી ઓર્ડર મળવા લાગ્યા. આજુબાજુમાં રહેતા લોકોને જાણ થઈ, કે ઘરે બનાવે છે.

**પ્રશ્ન : *તમારા સાસુ અત્યારે પણ તમને મદદ કરે છે?***

**જવાબ :** હા. મારા સાસુથી થાય ત્યાં સુધી અમને મદદ કરાવે છે અને સાથે મેં બીજા એક બહેનને પણ હેલ્પ માટે રાખ્યા છે.

**પ્રશ્ન : *તમે જે વેફર બનાવો, એની આવકમાંથી તમને સંતોષ થતો?***

**જવાબ :** વેફર બનાવી, એમાંથી જે આવક થતી, એમાંથી ઘરખર્ચ નીકળતો અને થોડી બચત થતી. પણ મોંઘવારીના સમયે એમ થાય કે થોડી વધારે આવક થાય તો સારું.



**પ્રશ્ન : *તમારી પાસેથી જે બહેનો વેફર લેતા, એ બહેનોને તમે કહેતા કે તમે બીજાને પણ અમારી પાસેથી વેફર લેવાનું કહેજો?***

**જવાબ :** મારી પાસે જે બહેનો વેફર લેતા, મારે એમને કાંઈ જ કહેવું ન પડતું કેમકે એ લોકોને વસ્તુ વ્યાજબી ભાવે અને સારી ક્વોલિટીની મળી હોય એટલે પોતે જ પોતાના સગા સંબંધીઓને મારી પાસેથી લેવા માટે કહેતા.

**પ્રશ્ન : *તમે વેફરની સીઝન પૂરી થાય પછી શું કરો છો?***

**જવાબ :** વેફરની સીઝન પૂરી થાય પછી અથાણાની સીઝન શરૂ થાય. એટલે અથાણા બનાવીએ છીએ.

**પ્રશ્ન : *અથાણાનું કામ પહેલીવાર કર્યું? અથવા કેટલા વર્ષથી કરો છો અને કયા કયા અથાણા બનાવો છો?***

**જવાબ :** ના. અથાણાનું કામ હું છેલ્લા છ-સાત વર્ષથી કરૂં છું. હું ગુંદા કેરી, ગોળ કેરી, મેથિયા ગુંદા, ચણા મેથી, ખાટી કેરી, છુંદો, મુરબ્બો વગેરે અથાણા બનાવું છું.

**પ્રશ્ન :** ***દર વર્ષે કેટલી વેફર ને કેટલા અથાણા બનાવી લ્યો છો?***

**જવાબ :** હું દર વર્ષે અંદાજે ૧ મણ બટેટાની વેફર અને ૬૦થી ૭૦ કિલો કેરીના અથાણા બનાવી લઉં છું.

**પ્રશ્ન :** ***બહેનો વેફર અને અથાણા બજારમાંથી અથવા તો તમારી પાસેથી લે, તો એમને શું બેનીફીટ થાય?***

**જવાબ :** જો બજારમાંથી અથાણા કે વેફર લે તો એમને જે મળે અને જે ભાવે મળે એ લેવું પડે. જ્યારે મારી પાસેથી લે તો એમને ભાવ અને ક્વોલિટીમાં કોઈપણ જાતનું કોમ્પ્રોમાઇઝ ન કરવું પડે.

**પ્રશ્ન :** ***અથાણા અને વેફરની સીઝન પૂરી થયા પછી, લોકડાઉનમાં તમે શું વિશેષ કામ કર્યું?***

**જવાબ :** અથાણા અને વેફરની સીઝન પૂરી થયા પછી મેં સૂકા નાસ્તા જેવા કે પૂરી, ચકરી, કેળા વેફર, ચેવડો વગેરે ફરસાણ, થેપલા અને ખાસ કરીને ફાસ્ટ ફૂડનું કામ ચાલુ કર્યું.

**પ્રશ્ન :** ***આ બધા નાસ્તાના ઓર્ડર તમે કેવી રીતે લ્યો છો?***

**જવાબ :** મેં ઇન્સ્ટાગ્રામમાં એક "ધી ફૂડ સ્પોટ"નું પેજ બનાવ્યું છે. જેમાં દરેક વસ્તુનું મેનુ નાખ્યું છે અને ઓર્ડર માટે સમય આપેલો છે. જેમકે આથાવાળી વસ્તુ હોય તો આગલા દિવસે ઓર્ડર આપવો અને જો બીજી કોઈપણ આઈટમ બનાવવાની હોય તો સવારે ૧૦ થી ૨ નો સમય આપ્યો છે.

**પ્રશ્ન :** ***તમને જે ઓર્ડર આવ્યો હોય, એના સપ્લાયનો સમય શું છે?***

**જવાબ :** મારા સપ્લાયનો ટાઇમ, જે મુજબ ઓર્ડર હોય સાંજે ૫ થી કરીને ૭.૩૦ સુધી આપી દેવાનો.

**પ્રશ્ન :** ***અલગ અલગ એરીયામાં આપવાનું હોય તો કેવી રીતે મેનેજ કરો છો?***

**જવાબ :** સૌથી પહેલા હું ઓર્ડર મુજબ બધું બનાવીને પેકિંગ કરી લઉં છું અને જાતે જ ડોર ટુ ડોર, જેમનો ઓર્ડર હોય એમને પહોંચાડી આવું છું.

**પ્રશ્ન :** ***તમારી પાસે કેવા કેવા કસ્ટમર આવે છે?***

**જવાબ :** મારી પાસે ડૉક્ટર્સ, વેપારી વર્ગના લોકો, જોબ કરતી બહેનો, હાલના કોરોનાકાળ દરમ્યાન ઘરે જ નોકરીનું કામ કરતા હોય એવા લોકો અને જેમને ફ્રેશ અને હેલ્ધી ફૂડ જોઈએ એવા કસ્ટમર આવે છે.

**પ્રશ્ન :** ***તમે કઈ કઈ વસ્તુઓ બનાવો છો? કઈ કઈ વસ્તુ બનાવવામાં તમને આનંદ આવે છે અને કસ્ટમરને પણ મજા આવે છે?***

**જવાબ :** હું ગુજરાતી, પંજાબી, ચાઈનીઝ, ઇટાલીયન, સાઉથ ઇન્ડિયન ડિશ બનાવું છું. મને દરેક વસ્તુ બનાવવામાં આનંદ આવે છે. ખાસ કરીને પંજાબી, સાઉથ ઇન્ડિયન અને ચાઈનીઝ બનાવવામાં વધારે મજા આવે છે કેમકે આજના આવા સમયમાં કસ્ટમરની આજ માંગ હોય છે અને એના કહેવા મુજબ જો મળ્યું હોય તો ખૂબ જ મજા આવે છે.

**પ્રશ્ન :** ***ચાઈનીઝ બનાવવાનું હોય તો કેવી રીતે મેનેજ કરો છો? કેમકે એ તો ગરમ જ સારું લાગે.***

**જવાબ :** ચાઈનીઝ બનાવવાનું થાય તો એના માટે મેં ફોઈલ પેપર અને પ્લાસ્ટીકના કન્ટેનર (બાઉલ) લીધા છે. ધારો કે ફ્રાઇડ રાઇસ આવ્યા, તો હું એ ગરમા ગરમ કન્ટેનરમાં ભરી ઉપર ફોઈલ પેપરથી લોક કરી અને સાઇડમાં ફોઈલ પેપરનું કવર કરી નાખું, કે જેનાથી અંદર વસ્તુ ગરમ જ પડી રહે.

**પ્રશ્ન :** ***કોરોના વિદાય લે, તો તમે તમારો વ્યવસાય કઈ રીતે મેનેજ કરવા માંગો છો?***

**જવાબ :** જો કોરોના વિદાય લે, તો મારી પાસે જે પ્રમાણેની વ્યવસ્થા થાય એ મુજબ હું નાની એવી હોટલ ખોલવા માગું છું.

**પ્રશ્ન :** ***તમે નાસ્તાને બધું બનાવો છો, તો ઘરના કામ કેવી રીતે મેનેજ કરો છો?***

**જવાબ :** જો મને નાસ્તાના ઓર્ડર હોય તો હું સૌથી પહેલા સવારમાં જ ઘરના દરેક કામો કરી લઉં છું.

**પ્રશ્ન :** ***તમારી પાસે ઘરના કામ માટે બીજા કોઈ બહેન છે?***

**જવાબ :** ના. મારી પાસે ઘરના કામ માટે બીજા કોઈ બહેન નહીં પણ મારી દીકરી જ દરેક કામમાં મદદ કરે છે.

**પ્રશ્ન :** ***તમે સમાજની બહેનો, દીકરીઓ અને વહુઓને શું સંદેશો આપવા માંગો છો?***

**જવાબ :** હું સમાજની બહેનો, દીકરીઓ અને વહુઓને એટલો

જ સંદેશો આપવા માગું છું કે જો તમારી પાસે પણ કાંઈ ને કાંઈ હુન્નર હોય તો તમે પણ તમારો હુન્નર બહાર લાવો. આગળ આવો, સમાજ તમારી સાથે છે.

**પ્રશ્ન : *સમાજની બહેનોએ સફળતા મેળવવા માટે શું કરવું જોઈએ?***

**જવાબ :** સમાજની બહેનોએ સફળતા મેળવવા માટે સૌથી પહેલા એમનું હુન્નર બહાર લાવવું જોઈએ. કોઈથી પણ ડર્યા વિના હિંમતભેર બહાર નીકળવું જોઈએ.

**પ્રશ્ન : *ધારો કે તમે કોઈ મોટો ઓર્ડર લીધો હોય અને એવા જ સમયે દુઃખદ બનાવ બન્યો હોય તો કેવી રીતે મેનેજ કરશો?***

**જવાબ :** જ્યારે આવું કાંઈ બને ત્યારે, મેં જે ઓર્ડર લીધો હોય એ પૂરો તો કરવો જ પડે. તો એવા સમયે હું આગોતરી થોડી ઘણી તૈયારી કરીને જ્યાં બનાવ બન્યો હોય ત્યાં હાજરી આપી આવું અને ત્યાંથી આવી ગયા બાદ સામી વ્યક્તિને ઓર્ડર થોડો મોડો આપીશ એમ હું કન્વિન્સ કરીશ, કે આવો બનાવ બની ગયો તેથી મારે ત્યાં જવું પડ્યું. અને એમને સોરી પણ કહીશ કે જેથી જેણે મને ઓર્ડર આપ્યો, એ મારા પર વિશ્વાસ રાખી મને પૂરતો સમય આપે અને એમનો ઓર્ડર પણ પૂરો કરી આપું.

**પ્રશ્ન : *જ્યારે તમને અલગ અલગ વસ્તુઓ બનાવવાનો ઓર્ડર આવે તો કઈ કઈ તકલીફ પડે છે?***

**જવાબ :** હા, જ્યારે જુદી જુદી વસ્તુઓ બનાવવાનો ઓર્ડર મળે ત્યારે વસ્તુઓ એકબીજામાં, કે એકની વસ્તુ બીજાના ઓર્ડરમાં ના જાય એનો પૂરેપૂરો ખ્યાલ રાખવો પડે.

---

વિચાર મંચ

# સંપ – સંગઠન – સમાજ

***આનંદી બારમેડા - કેશોદ***

આપણે આજે જે વિષય પર વાત કરવા જઈ રહ્યા છીએ તે આજના સમયમાં ખૂબ જ જરૂરી છે. તેના પર આવનારી પેઢીનું ભવિષ્ય છે.

આજની ફાસ્ટ લાઇફમાં કોઈ પાસે ટાઈમ નથી. તેના લીધે કુટુંબ, પરિવાર, મિત્ર, સગા-સંબંધી સાથેનો સમય ટૂંકો, ને જરૂર પૂરતો થઈ ગયો છે. જેના લીધે સંબંધમાં ઘણી દૂરી પેદા થાય છે, ને આપસમાં સંપ ઓછો થતો જાય છે. જે આગળ જઇને આપણા માટે ને આપણા સમાજ માટે મોટું નુકસાનકારક નીવડશે.

આ વાત અત્યારના સમયમાં સામાન્ય લાગે છે પણ ભવિષ્યમાં આવનારી પેઢી માટે મહત્ત્વની રહેશે. આજે ઘરમાં દસ-બાર વ્યક્તિની ફેમિલીમાં જ્યારે સંપ ઓછો થાય છે, ને તો ઘર તૂટે છે. એ ઘર નથી તૂટતું પરંતુ બાપ-દાદાના સંગઠનનો પાયો હલી જાય છે. પહેલાના જમાનામાં પરિવારમાં બધા સાથે જ રહેતા. દરેક સુખ-દુઃખમાં સાથ આપતા. આજના સમયમાં દરેકે એકલા રહેવાની વિચારસરણી અપનાવી લીધી છે.

જો ઘરમાં સંપ નહીં હોય તો આપણે સંગઠિત કેવી રીતે રહી શકીએ? સંપ હોય તો સંગઠન બને, સંગઠિત હોય તો એક મજબુત સમાજની રચના થાય.

સમય ના હોય તો સંગઠન ના થાય, ને સંગઠન ના હોય તો સમાજ ના બને. આજનો સમય સંગઠિત રહી, સમાજને આગળ લાવવાનો છે. જે રીતે સુતરના એક તાંતણાને તોડી શકીએ પણ એ જ સુતરના ઘણા બધા તાંતણાઓ ભેગા થઈ જાય તો દોરી બની જાય. તેને તોડવું અઘરૂં થઇ જાય.

આપણે જે સમાજમાં જન્મ લીધો છે, એ સમાજનું માન-સન્માન જળવાય ને તેની પ્રગતિ થાય એ વિચારવું આપણી ફરજ છે. પણ આપણે આપણી ફરજ નથી નિભાવતા. આજે એજ્યુકેશનનું મહત્ત્વ ઘણું બધું વધી ગયું છે. આપણે આપણા બાળકોને ભણવા માટે આપણા પરિવાર અને સમાજથી દૂર મોકલીએ છીએ. તેમને ભણાવવા જ જોઈએ, મોકલવા પણ જોઈએ પણ જે રીતે દૂર હોવા છતાં તેમને આપણાથી દૂર નથી થવા દેતા, તે જ રીતે તેમને સમાજથી પણ દૂર ના થવા દો.



**આનંદી બારમેડા**

જો બાળકો સમાજથી દૂર થશે તો તેમને આપણા સમાજ, આપણી સંસ્કૃતિનો ખ્યાલ નહીં આવે. આપણા બાળકો આપણા સમાજનું ભવિષ્ય છે. જો તેઓ સમાજથી દૂર રહેશે તો તે આપણી સંસ્કૃતિ અને આપણા રીવાજોથી દૂર થઈ જશે. આજના આધુનિક યુગમાં પશ્ચિમી કલ્ચરની વિચારધારા સામે સમાજનું જ્ઞાન અને ઘડતર જરૂરી છે.

ઘણીવાર આપણે જ વિચારતા હોઈએ છીએ કે આજની નવી પેઢી, નવી જનરેશન સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવતી નથી કે સમાજના કોઈ કામમાં યુવાનોનો સાથ ઓછો હોય છે. તેનું કારણ આપણે જાણીએ છીએ. આપણે તેમને સંપ અને સંગઠન વિશેનું મહત્ત્વ સમજાવ્યું નથી. સમાજ થકી આપણી ઓળખ છે. આપણે સૌ સાથે મળી સમાજની પ્રગતિમાં યોગદાન આપીએ, આપણા સમાજને સફળતાના નવા શિખર સર કરાવીએ, સમાજને આગળ લાવવા આપણું પૂરતું યોગદાન આપીએ. અસ્તુ.

# સ્વયંસિદ્ધ મહિલા શક્તિ

લતાબેન સોલંકી - ભુજ

*આપણી જ્ઞાતિના મુખપત્ર "જ્ઞાતિસેતુ"માં "સ્વયંસિદ્ધ મહિલા" કોલમની માળામાં વધુ એક પાણીદાર મોતી ઉમેરાઈ રહ્યું છે – જીજ્ઞાબેન આનંદભાઈ બુધ્ધભટ્ટી. રહેવાસી છે માંડવીના. જીજ્ઞાબેને પોતાના શોખને પોતાનો વ્યવસાય બનાવી પરિવારને મદદરૂપ થઈ રહ્યા છે. તેઓ એક બ્યુટી પાર્લર ચલાવે છે અને લોકોના રૂપને નિખારવાની સાથે સાથે પોતાના પરિવારને પણ અજવાળી રહ્યા છે. તો ચાલો, આપણે એમની રસપ્રદ મુલાકાત માણીએ....*

### જીજ્ઞાબેન બુધ્ધભટ્ટી સાથે લતાબેન સોલંકીએ કરેલ વાર્તાલાપ....

## જીજ્ઞાબેન આનંદભાઈ બુધ્ધભટ્ટી – માંડવી

*નામ* : જીજ્ઞાબેન આનંદભાઈ બુધ્ધભટ્ટી (માંડવી)

*માતા-પિતા* : સરલાબેન વિનોદરાય પરમાર

*સાસુ-સસરા* : જયાબેન જેઠાલાલ બુધ્ધભટ્ટી

**પ્રશ્ન** : *જયશ્રી કૃષ્ણ. કેમ છો?*

**જવાબ** : જયશ્રી કૃષ્ણ. મજામા.

**પ્રશ્ન** : *તમારું નામ જણાવશો?*

**જવાબ** : મારું નામ જીજ્ઞાબેન છે. જીજ્ઞા આનંદભાઈ બુધ્ધભટ્ટી.

**પ્રશ્ન** : *તમારું પીયર ક્યાં છે? માતા-પિતા ક્યાંના છે?*

**જવાબ** : તેઓ મૂળ જામનગરના છે પણ હાલે ભુજમાં રહે છે.

**પ્રશ્ન** : *તેમનું નામ શું છે?*

**જવાબ** : વિનોદરાય પ્રભુલાલ પરમાર અને સરલાબેન વિનોદરાય પરમાર.

**પ્રશ્ન** : *તમને ખ્યાલ છે ને કે આ ઈન્ટરવ્યુ શેના ઉદ્દેશથી લેવામાં આવી રહ્યો છે?*

**જવાબ** : હા. આપણી અને દરેક જ્ઞાતિની મહિલાઓને પ્રેરણા આપવા માટે.

**પ્રશ્ન** : *તો શું તમે આ ઈન્ટરવ્યુ માટે તૈયાર છો?*

**જવાબ** : હા.

**પ્રશ્ન** : *તમે અત્યારે શેનો વ્યવસાય કરો છો?*

**જવાબ** : હું અત્યારે બ્યુટી પાર્લર ચલાવું છું.

**પ્રશ્ન** : *ખૂબ સરસ. તમે આ વ્યવસાય ક્યારથી કરો છો?*

**જવાબ** : હું આ વ્યવસાય ૧૫ વરસથી કરું છું.

**પ્રશ્ન** : *તમારા ફેમિલીમાં કોણ કોણ છે?*

**જવાબ** : મારી ફેમિલીમાં અત્યારે મારા સાસુ, મારા પતિ અને



મારા બે બાળકો જેમાં એક દીકરી અને એક દીકરો છે.

**પ્રશ્ન** : *તમે આ જે કાર્ય કરો છો, એની પ્રેરણા તમને ક્યાંથી મળી? અથવા તમને આ કાર્ય કરવાની જરૂરિયાત કેમ પડી?*

**જવાબ** : આમ તો આ શોખ મને બાળપણથી જ હતો અને સમય જતાં એ શોખ વધતો ગયો અને મેં એને વ્યવસાય બનાવવાનું નક્કી કર્યું અને એ મારી જરૂરિયાતો પણ પૂરી કરે છે.

**પ્રશ્ન** : *ખૂબ સરસ. તો તમે આની ટ્રેઈનિંગ લીધેલી છે કે જાતે જ શીખ્યા છો?*

**જવાબ** : હા. મેં આની ટ્રેઈનિંગ લીધેલી છે – ૨ મહિના માટે.

**પ્રશ્ન** : *તો તમે તમારો વ્યવસાય ૨ મહિના પછી શરૂ કરી દીધો હતો?*

**જવાબ** : હા. તરત જ મેં શરૂ કરી દીધું હતું.

**પ્રશ્ન** : *તમે જ્યારે શરૂઆત કરી તો કેવી રીતે કરી?*

**જવાબ** : મેં ખૂબ નાના પાયે શરૂઆત કરેલી હતી. મેં જ્યારે શરૂઆત કરી ત્યારે મારી પાસે પૂરતા સાધનો પણ

ન હતા. પછી જેમ જેમ આગળ વધી, એમ મેં પૂરતા સાધનો વસાવ્યા.

**પ્રશ્ન :** ***જ્યારે તમે શરૂઆતમાં કામ કરતા તો કોઈ ભૂલો થતી?***

**જવાબ :** હા. પણ જેમ પ્રેક્ટીસ થઈ, એમ ફાવટ આવતી ગઈ.

**પ્રશ્ન :** ***તમે બ્લીચ કરતી વખતે શેનું ખાસ ધ્યાન રાખો છો?***

**જવાબ :** બ્લીચ કરવાથી પહેલા ક્લાયન્ટની સ્કીન ચેક કરૂં છું. જે મુજબની સ્કીન હોય છે, એ મુજબ હું બ્લીચ કરી આપું છું.

**પ્રશ્ન :** ***કયા પ્રકારની સ્કીન પર બ્લીચ ન કરવું જોઈએ?***

**જવાબ :** જેમની સ્કીન પર ખીલ થતા હોય, સ્કીન પતલી હોય એમને ન કરવું જોઈએ.

**પ્રશ્ન :** ***તમે કેટલા પ્રકારના ફેસિયલ કરો છો?***

**જવાબ :** હું ૧૨થી ૧૫ પ્રકારના ફેસિયલ કરું છું.

**પ્રશ્ન :** ***જો કોઈની સ્કીન ઓઈલી હોય તો તમે કેવા પ્રકારના ફેસિયલનો સુજાવ આપશો?***

**જવાબ :** જો કોઈની સ્કીન ઓઈલી હોય તો હું એને Mud Facial કરાવવાની સલાહ આપીશ. જેના લીધે એમની સ્કીનમાં ઓઇલ જમા થતું હોય છે, તે ન થાય.

**પ્રશ્ન :** ***તમે કેવા પ્રકારના ફેસિયલ કરો છો? નેચરલ કે કેમિકલ યુક્ત અને કયા ફેસિયલ કરાવવા જોઈએ?***

**જવાબ :** હું બંને જાતના ફેસિયલ કરું છું. પણ જો તમને તરત પરિણામ જોઈતું હોય તો કેમિકલ યુક્ત કરાવવા જોઈએ. જેમાં કોઈ જાતનું નુકસાન નથી. અને જો તમને નેચરલ ફેસિયલ કરાવવું હોય તો તમને લાંબા સમયના પરિણામની રાહ જોવી પડે છે.

**પ્રશ્ન :** ***તમે વાળ માટે કઈ કઈ ટ્રીટમેન્ટ આપો છો?***

**જવાબ :** વાળ માટે હું નેચરલ હેર ઓઇલ મસાજ, હેર સ્પા, પરમેનન્ટ હેર સ્ટ્રેટનિંગ, સ્મુથનિંગ વગેરે ટ્રીટમેન્ટ આપું છું.

**પ્રશ્ન :** ***હેર સ્પા નો શું ફાયદો છે?***

**જવાબ :** હેર સ્પા થી નવા હેર ગ્રોથ થાય છે. હેર સ્પા માં સ્ટીમ અને મસાજ કરવામાં આવે છે. જેના લીધે બ્લડ સરક્યુલેશન થાય છે. જેના લીધે ખોડો પણ દૂર થાય છે.

**પ્રશ્ન :** ***આજના જાહેરાતના જમાનામાં કેટલીયે જાતના સાબુ આવે છે. તો સ્કીનને હેલ્ધી રાખવા માટે તમે શું સલાહ આપશો?***

**જવાબ :** દરરોજ નહાવામાં ચણાનો લોટ અને દૂધ મિક્સ કરીને એનાથી નહાવું જોઈએ. સાબુ કે કેમિકલ યુઝ ન કરવા જોઈએ.

**પ્રશ્ન :** ***આપણી બહેનોને તમે કયું હેર કલર વાપરવાની સલાહ આપશો?***

**જવાબ :** મારા મત મુજબ અત્યારે હેર કલરમાં સૌથી બેસ્ટ 'પતંજલી' છે.

**પ્રશ્ન :** ***ખૂબ સરસ માહિતી આપો છો તમે. અત્યારે કઈ હેર સ્ટાઈલ ડિમાન્ડમાં છે?***

**જવાબ :** અત્યારે હેર સ્ટાઇલમાં મેસ્સી લૂક ડિમાન્ડમાં છે.

**પ્રશ્ન :** ***હેર સ્ટ્રેટનિંગ શું છે?***

**જવાબ :** હેર સ્ટ્રેટનિંગના બે પ્રકાર છે. જેમાં પરમેનન્ટ અને ટેમ્પરરી છે. પરમેનન્ટ હેર સ્ટાઇલમાં ૧૦ મહિના સુધી હેર સ્ટ્રેટ રહે છે અને ટેમ્પરરી કર્યા પછી હેર વૉશ સુધી રહે છે.

**પ્રશ્ન :** ***દુલ્હન શણગારનું તમે કેવી રીતે કરો છો? પેકેજ લ્યો છો? અને એ કેવી રીતે?***

**જવાબ :** તેમાં અમે તેમની ચોઇસ અને ડિમાન્ડ મુજબ પેકેજ સેટ કરી આપીએ છીએ. એમાં આઈબ્રો થી લઈ અને શણગાર સુધીની ફેસિલિટી આપીએ છીએ.

**પ્રશ્ન :** ***અત્યારે દુલ્હન શણગારમાં શું ટ્રેન્ડ ચાલે છે? કેવા પ્રકારનો મેક-અપ ચાલે છે?***

**જવાબ :** અત્યારે દરેક દુલ્હન એવી ડિમાન્ડ રાખે છે કે નેચરલ લુક રહે અને અત્યારે મેક-અપમાં 3D, HD અને 5D ચાલે છે.

**પ્રશ્ન :** ***તમે એકલા જ વ્યવસાય કરો છો કે કોઈ જોડાયેલું છે તમારી સાથે?***

**જવાબ :** ના. હું એકલી નથી. છેલ્લા એક વર્ષથી મારી દીકરી પણ મારી સાથે જોડાઈ છે.

**પ્રશ્ન :** ***તમારી દીકરીના વ્યવસાયની વિશેષતા શું છે?***

**જવાબ :** મહેંદી, મેક-અપ અને હેર સ્ટાઇલ. મહેંદી માટે એ માંડવી તાલુકામાં નામી છે.

**પ્રશ્ન :** ***તમે ખાલી દુલ્હનનો જ શણગાર કરો છો કે પછી દુલ્હનના સગા-સંબંધીઓ હોય એમનો પણ કરો છો?***

**જવાબ :** હા. અમે Siders ને પણ શણગાર કરી આપીએ છીએ.

**પ્રશ્ન :** *તમે જે મેક-અપ કરો છો, એ કેટલો સમય ટકી રહે છે?*

**જવાબ :** ૭ થી ૯ કલાક સુધી.

**પ્રશ્ન :** *રાતે સૂતા પહેલા સ્કીનની શું માવજત લેવી જોઈએ?*

**જવાબ :** સૂતા પહેલા ચહેરો ઠંડા પાણીથી ધોઈ અને કોઈપણ સારી બ્રાન્ડનો મોઈશ્ચરાઈઝર લગાવીને સૂવું જોઈએ.

**પ્રશ્ન :** *મેક-અપને આખી રાત રાખી શકાય છે?*

**જવાબ :** ના. ક્યારેય પણ મેક-અપ રાખીને સૂવું ન જોઈએ.

**પ્રશ્ન :** *તમે એક ગૃહિણી પણ છો. તો આ બંને કાર્યોને તમે કેવી રીતે મેનેજ કરો છો?*

**જવાબ :** મેં પાર્લર માટે એક ટાઈમ સેટ કર્યો છે. સવાર અને સાંજનો અને એના બીજા ભાગના ટાઈમમાં હું ગૃહસ્થી સંભાળું છું. અને આમાં મારા સાસુમા મને ખૂબ મદદ કરે છે. ક્યારેક પાર્લરમાં ખૂબ વ્યસ્ત રહું ત્યારે એ રસોઈ પણ તૈયાર રાખે છે.

***તમને અને તમારી દીકરીને ખૂબ ખૂબ અભિનંદન અને તમારા દરેક સ્વપ્ન પૂરા થાય તેવી શુભેચ્છાઓ સાથે આ ઈન્ટરવ્યૂ અહીં સમાપ્ત કરું છું.***

---

વિચાર મંચ

## કોવિડ-૧૯ અંતર્ગત લોકડાઉન, પણ બાળકોના સર્વાંગી શિક્ષણ માટે નહીં

*– કવિતા બારમેડા*

"જીવનની તૈયારી નથી પરંતુ શિક્ષણ એ જ જીવન છે" – જોન ડેવીની આ પંક્તિ શિક્ષણ જીવનનો સાર આપે છે. છેલ્લા આશરે ૧૮ મહિનાથી સમગ્ર દુનિયા કોવિડ-૧૯ની મહામારી સામે કૂચ કરી રહી છે ત્યારે સૌથી વધુ દિનચર્યા પરિવર્તન થયું હોય તો તે બાળકોનું છે. કોવિડ-૧૯ પહેલા સૌથી વ્યસ્તતાસભર દિનચર્યામાંથી ૧૮ મહિનાથી મહત્તમ ત્રણથી ચાર કલાકની વ્યસ્તતારૂપી દિનચર્યા રહી છે ત્યારે બાળકોના સર્વાંગી વિકાસ માટે પરિવાર દ્વારા બાળકોને દિનચર્યાને અલગ રૂપ આપી, તેમનામાં રહેલી શ્રેષ્ઠતાને બહાર લાવી શકાય.

આ માટે સૌપ્રથમ બાળકોના સ્વાસ્થ્ય માટે પ્રાતઃકાળમાં તેમને યોગ અને ધ્યાનનું મહત્ત્વ સમજાવી, તેમની વય અનુસાર યોગ્ય યોગાસન અને સમય મર્યાદા નક્કી કરીને તેમને શારીરિક તથા માનસિક દૃષ્ટિએ સુદ્રઢ બનાવી શકાય. ત્યારબાદ આજે જ્યારે શાળાઓમાં શારીરિક રીતે શિક્ષણ બંધ છે ત્યારે બાળકની શાળાના ઓનલાઈન ક્લાસીસના સમય અનુસાર બાળકો પોતાના અભ્યાસમાં યોગ્ય રીતે ધ્યાન આપે, અભ્યાસ કરે તથા શાળા દ્વારા અપાતું ગૃહકાર્ય યોગ્ય સમયે કરે તે બાબત પર ખાસ ધ્યાન આપવું જરૂરી છે. કારણકે બાળક ગમે તે વર્ગમાં હોય પરંતુ તેનું Present અભ્યાસીક વર્ષ તેના માટે ખૂબ જ મહત્ત્વનું છે. જેમ પગથિયા ચડવામાં જ્યારે આપણે એક પગથિયું ચૂકી જઈએ ત્યારે હંમેશાં પગથિયા પરથી પડવાનો ભય રહે છે. તેવી જ રીતે બાળક કોઈ પણ વર્ગમાં હોય, તે વર્ગ તેના માટે પગથિયું છે. તેથી તે ચૂકી ન જવાય તે જોવાનું કાર્ય એક પાલક તરીકે ખૂબ જ અગત્યનું છે. આ સાથે બાળક ઘરે રહીને પણ પોતાના ઘરની રીતિ સાથે વાકેફ થાય તે માટે તેમને તેમની શારીરિક ક્ષમતા અનુસાર ઘરની કામગીરીઓમાં તેમનું યોગ્ય યોગદાન લેવું એ પણ એટલું જ જરૂરી છે. આથી તેઓ ઘરની રૂઢીથી પણ ટેવાશે. ઘરની સ્વચ્છતા બાબતે પણ જાગૃત થશે અને સાથે તેઓની શારીરિક કસરત પણ થશે.

આ ઉપરાંત ન માત્ર બાળક પરંતુ પરિવારના દરેક પરિવારનો યક્ષ પ્રશ્ન એટલે કે : આહાર. આજના યુગમાં માત્ર બાળકો જ નહીં પરંતુ મોટેરાઓને પણ સ્વાદિષ્ટ વાનગી પસંદ છે. પરંતુ બાળકોને ફળ - શાકભાજી વગેરેથી થતા લાભ તથા આજના સમયમાં તેમની જરૂરિયાત સમજાવવાથી, બાળક તેને પ્રેમથી આરોગશે તેવું તારણ છે. જરૂર છે, તો માત્ર તેમને પ્રેમથી તેની મહત્તા સમજાવી, તેમની પાસેથી પ્રેમથી કાર્ય કરાવવાની. આ ઉપરાંત સાંજના સમયે પણ બાળકોને ઘરમાં થતી ધાર્મિક પ્રવૃત્તિ તથા ઘરમાં રમી શકાય તેવી, તેમના માનસિક વિકાસમાં ઉપયોગ થાય તેવી રમતો અથવા તો મોટેરાઓ દ્વારા કરવામાં આવતા વાર્તાલાપ ગોઠવી શકાય જેથી તેમના સામાન્ય જ્ઞાનમાં વધારો થઈ શકે.

આજના વ્યસ્ત જીવનમાં આપણે મોબાઈલને જ તારણહાર માની, બાળકોને તે સોંપી એક પાલક તરીકે આપણે આપણી જવાબદારી પૂર્ણ રીતે નિભાવી મુક્ત થયા એવો સંતોષ માની લઈએ છીએ. પરંતુ એ ક્યાંક ને ક્યાંક બાળકને અંધકાર તરફ લઇ જાય છે અને એવા ઘણા કિસ્સા આપણે રોજબરોજ જોઈએ છીએ, વાંચીએ છીએ ત્યારે પાલક તરીકે જો આપણે થોડું વધારે પરંતુ ઉપર્યુક્ત યોગ્ય સમય અને ધ્યાન આપીએ તો બાળકનો સર્વોત્તમ વિકાસ એ આપણે આપણા દ્વારા જ કરી શકીશું.

**મીતા'સ કોર્નર**

# "હોમ સિકનેસ"

**મીતા એન. સોલંકી**

હેલ્લો ફ્રેન્ડ્સ, કેમ છો? આ અંક આપના હાથમાં આવશે ત્યારે નવરાત્રિના પડઘમ વાગવા શરૂ થઈ ગયા હશે.

તહેવારો આપણા જીવનને તરવરતું રાખે છે. ગુજરાતીઓ ખૂબ ઉત્સવ પ્રિય પ્રજા છે.

આજ સંદર્ભની વાત કરું, તો ફેમિલી વગરના ઉત્સવો જ ઝાંખા પડી જતા હોય છે. ઉત્સવ કરવા માટે પોતાના કુટુંબીજન - સ્વજન જોઈએ. એક કરતા વધુ લોકો હોય તો જ ઉત્સવની મજા આવે છે.

આજે હું જે વિષય લઇને આવી છું, તે એ જ કે જેમના સંતાનો કે પ્રિયજનો ભણવા માટે કે ઉચ્ચ અભ્યાસ સાથે નોકરી કરવા માટે વિદેશ ગયા હોય છે. બહાર સેટલ થઈ ગયા હોય છે. તેમના મમ્મી-પપ્પાની સ્થિતિ કફોડી થઈ જાય છે.

સંતાનના ઉચ્ચ અભ્યાસ માટે, જીવનમાં પ્રગતિના ઉચ્ચ શિખર સર કરાવવા માટે મા-બાપ હંમેશાં તત્પર હોય છે.

જ્યારે સીંગલ ચાઈલ્ડ હોય, એ જો વિદેશ જાય તો મમ્મીની જે સ્થિતિ હોય છે તે ન હોવી જોઈએ.

જ્યારથી બાળકે જન્મ લીધો હોય, ત્યારથી બાળક જ જીવનનું કેન્દ્રબિંદુ હોય છે. તેની ખુશી આપણી ખુશી, તેનું દુઃખ, આપણું દુઃખ!

ગૃહિણી માટે સંતાન જ સર્વસ્વ હોય છે. પોતાની જાત ભૂલી જઈ બાળકને જ પોતાનામાં સમાવી લેતી હોય છે. અચાનક સંતાન વિદેશ જાય તો માં ને ઘર ખાલી લાગે છે, આંસુ સારે છે, એકલતા લાગે છે. નવરાશ લાગે છે. થોડી હતાશ પણ થઈ જાય છે. ઘરમાં સૂનકાર લાગે છે.

માત્ર સંતાન વિદેશ જાય ત્યારે જ નહીં, દીકરીને સાસરે વળાવ્યા બાદ પણ આવી જ એકલતા લાગે છે.

એકના એક દીકરાના લગ્ન થઈ જાય ત્યારબાદ દીકરાના જીવનનું કેન્દ્રબિંદુ તેના જીવનસાથી થઈ જાય છે. ત્યારે મા પાસે જો પોતાનું આગવું અસ્તિત્વ ન હોય, કોઈ સામાજીક ક્ષેત્રે જોડાયેલા ન હોય, કોઈ મનપસંદ પ્રવૃત્તિ ન કરતા હોય ત્યારે માનસિક તાણનું પ્રમાણ ઘણું હોય છે. મનોમન મુંઝાતી વ્યક્તિ ડિપ્રેશનનો ભોગ વધુ બને છે.

મારો પ્રશ્ન એ છે કે – આવી સ્થિતિ આવી, એ શું યોગ્ય છે? જવાબ છે : "ના." આ કોઈપણ રીતે યોગ્ય નથી. હા, થોડો ટાઈમ ભલે માઈન્ડ સેટ થતા લાગે, પરંતુ સંતાનને પોતાના સ્વાર્થ માટે બાંધી રાખવો, એ પણ કોઈ રીતે યોગ્ય નથી. તો શું કરવું?

જબરદસ્ત ઉપાય છે : ***મનગમતી પ્રવૃત્તિ કરવી.***

વર્ષોથી બંધ પડેલા મનના તાળાઓને ખોલીને ફરવા જવું, ફ્રેન્ડ સર્કલ સાથે રહેવું, ચિત્રો દોરવા, એમ્બ્રોયડરી, યોગ - પ્રાણાયામ, ક્લબમાં જોડાવું, સેવાકીય સંસ્થાઓમાં સેવા આપવી – અન્ય અનેક પ્રવૃત્તિઓ છે, જે સકારાત્મક રાહ પર તમને લઇ જાય.

એક જ જીવન મળ્યું છે. માત્ર દુઃખી અને દુઃખી થવા જ જન્મ નથી લીધો. પરિવર્તનને ખૂબ ઝડપથી સ્વિકારી લેનારને માનસિક તાણ ઓછી હોય છે.

બાળકોને તેમનું પોતાનું આકાશ છે, તેમને ઉડવા દો. તમે તમારા જીવનમાં જ ખુશ રહો.


ખાસ તો ૫૦થી ૬૦ વર્ષના સમયગાળામાં જીવનના દરેક આયામ પર પરિવર્તન આવે જ છે. સહજભાવે સ્વિકારી લો – "સારા દિવસો પાછા આવશે જ" – એ આશા સાથે.

***Be Happy... Be Healthy....***

---

**ચિત્રકાર : ભૂમિ તરૂણભાઈ સાકરીયા - ભુજ**

**ધોરણ-૭ ● (જન્મ તા. ૦૫-૦૪-૨૦૧૦)**



## અભિનંદન



**દિપાલી હસમુખભાઈ બારમેડા (ભુજ)**
M.Com. (2nd Semester)
૮૩.૬૦% સાથે પાસ કરેલ છે.



**દર્શી દિલીપભાઈ બારમેડા (ભુજ)**
M.Phil. Commerce (Final)
૮૩.૬૯% સાથે પાસ કરેલ છે.
યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાન મેળવેલ છે.

# હું લક્ષ્મણની ઉર્મિલા....

પ્રા. જીનલ જીગર પરમાર

(લક્ષ્મણની પત્ની ઊર્મિલા પોતાના કક્ષમાં અરીસાની સામે ભાલમાં બિંદી મૂકે છે અને સેંથો પૂરે છે ત્યાં જ પોતાના નામનો ઉદ્‌ગાર સાંભળે છે.)

(અરીસામાં જોતાં જોતાં જ)

આ શું સાંભળ્યું મારા કાને?

ઊર્મિલે??!

આવું તો કેવળ મને મારા લક્ષ્મણ જ કહેતા...

(આંખો મિંચી દે છે અને સ્વગત બોલે છે) ના... ના... આ તો ભ્રમ છે... (ને ફરી પોતાનું નામ સંભળાય છે...) (હવે તો એકદમ બેબાકળી ઉભી થઇને પાછળ જુએ છે તો લક્ષ્મણ ઉભા છે.)

આર્ય... આર્ય... આપ...?? આપ સાચે જ પરત આવી ગયા?? ખરેખર...??

હજી બોલો આપના મુખેથી ઊર્મિલે... ઊર્મિલે... મને ખાતરી થાય.

સૌમિત્રેય બોલો... ચૌદ ચૌદ વર્ષથી તરસું છું આ નામ સાંભળવા...

બસ બોલ્યા જ કરો... ઊર્મિલે...ઊર્મિલે... (અત્યંત ઉત્સાહમાં ગાંડી થઇ ગઈ હોય એમ આખા કક્ષમાં આમતેમ ઘૂમે છે. લક્ષ્મણ સાથે એકાદ બે ફેરફુદરડી ફરે છે.)

મારા લક્ષ્મણ આવી ગયા... (ઝરૂખેથી બૂમ પાડી બધાને કહે છે) અરે... સૌ સાંભળો મારા લક્ષ્મણ આવી ગયા. માંડવી, શ્રુતકીર્તિ સાંભળો... મારા લક્ષ્મણ આવી ગયા...

અરે દાસીઓ, તમે શું આમ મૂંગી મૂંગી ઊભી છો... ઝટ કરો... નગરમાં ઢંઢેરો પીટાવો, નંદીગ્રામમાં ભરતને કહેણ મોકલો... મારા પિતા જનકને પણ સંદેશો મોકલાવો કે મારા લક્ષ્મણ આવી ગયા...

અરે કોઈ આરતીની થાળી લઇ આવો, કંકુ અક્ષતથી મારા લક્ષ્મણને વધાવવા છે મને... અરે જલ્દી કરો... (લક્ષ્મણનો હાથ પકડી અરીસાની સામે બેસાડે છે).

થોડીવાર મન ભરીને નીરખી લેવા દો લક્ષ્મણ... ચૌદ વર્ષથી આ નજર તરસે છે આપના દર્શન માટે... આજે મારો શૃંગાર પણ આપ જ કરો. આ ચૌદ વર્ષોથી માથે એક જ ફુલવેણી નાખ્યા કરું છું. આજ આપના હાથે જ મને બીજી વેણી ગુંથીને મારા કેશને સજાવો તો અયોધ્યા નગરીને જાણ થાય કે મારો પતિવિરહ હવે પૂરો થયો છે.

લક્ષ્મણ... લક્ષ્મણ... મને એમ થાય છે કે તમારું નામ બોલ્યા જ કરું... આપને નિરખ્યા જ કરું... આમ અપલક નયને...

મને આપની તો વાત કરો લક્ષ્મણ... કેવા વીત્યા આપના ચૌદ વર્ષ? કેટલીવાર આપને મારી સ્મૃતિ થઈ?

કોને મને?? આપની સ્મૃતિ થતી હતી કે કેમ? (હળવો નિસાસો નાખતા...) ભૂલી જ ક્યાં છું આર્ય આપને? ચૌદ વર્ષ... ૫૧૧૦ દિવસ આપની પ્રતિપલ સ્મૃતિ હતી...

આ ઝરૂખે...

આ આરસીએ...

પેલી આંબાની ડાળે...

આંગણામાં જાઉં તો પાંગરેલી મધુમાલતીમાં, દોડતાં વાદળાઓમાં, આપ જ દેખાયા છો લક્ષ્મણ...

મહેલના સ્તંભે સ્તંભમાં... આપના સંસ્મરણો જાણે એ જ સ્તંભે મને વીંટાળી દેતા હોય... કક્ષમાં આવું તો ઢોલિયે આપનો ખાલીપો પોતાના બાહુપાશ ફેલાવતો બેઠો હોય.. કઇ ક્ષણે યાદ નથી આવ્યા લક્ષ્મણ આપ?? જૂના દોરેલા ચિત્રો ઉપાડું તો આપ જ, નવા ચિત્રો દોરવા પીંછુ ઉપાડું તોય આપ જ... હા, લક્ષ્મણ... સર્વત્ર આપ જ... (ડૂમો ભરાઈ જાય છે) (ઝરૂખા તરફ જતી હોય તેમ)

હા, આ જ ઝરૂખે વારંવાર ઊભી રહી છું. જે ઝરૂખેથી તમે મને છોડીને ગયા હતા. લક્ષ્મણ... લક્ષ્મણ... આપનું નામ રટતાં રટતાં તો જાણે ગીત થઈ ગયું છે હવે...! માતા સુમિત્રાને કોઈ બોલાવતું હોય તો મને સૌમિત્રે-સૌમિત્રે સંભળાયા કરે ને બેબાકળી થઈ બહાર ધસી જાઉં...

ચિત્ર, સંગીત અને સૌની સેવાના સહારે આપની સ્મૃતિઓને પરોવ્યા કરી છે મેં... સદાય હસતી રહી છું. રૂઠી નથી કોઈની સામે... આપના વિના કોની સામે રૂઠું? કોણ રીઝવે પછી મને આપના વિના?

(આખા કક્ષમાં ગોળ ગોળ ફરતી... રાજી થતી બોલે છે..)

લક્ષ્મણ, આ કણેકણમાં આપનો વાસ છે, કણેકણમાં આપની છબી છે. બસ, કોઈ નથી જાણે આપના સિવાય...

(લક્ષ્મણને રામ બોલાવે છે. લક્ષ્મણ બહાર જાય છે અને ઉર્મિલા ગોળ ફરતી અચાનક અટકી જાય છે.)

અરે લક્ષ્મણ, ક્યાં જાવ છો?

રામને કહી દો... થોડીવાર પછી આવું છું... આટલા વર્ષે આવ્યો છો, તો થોડીવાર તો બેસો. (લક્ષ્મણ જતા હોય છે, રોકાતા નથી. એની પાછળ જતા જતા)

લક્ષ્મણ... વંદન, આપને ભ્રાતૃપ્રેમ છે. વંદન છે આપના

ભ્રાતૃપ્રેમને... પણ... પણ...

લક્ષ્મણ... લક્ષ્મણ... (લક્ષ્મણ જતા રહે છે... હવે દરવાજે ઊભીને)

લક્ષ્મણ આમ જાવને, તો ફરી ફાળ પડે છે... મને ફરી એ વિરહ તો નહીં આવે ને? ફરીથી રામ મારા લક્ષ્મણને નહીં લઈ જાય ને?

લક્ષ્મણ, વર્ષો પછી આજે હૈયાને હળવું કરીને કહેવું છે... આપને કહી દેવું જ હતું બધું કે આપે વનવાસ ભોગવ્યો, તો શું મેં પણ અહીં મહેલમાં રહીને વિરહવાસ નથી ભોગવ્યો? આપ વલ્કલ વસ્ત્રોમાં અને મને અહીં આપના વિના રાજરાણીનાં વસ્ત્રો પહેરવા શું ગમ્યા હશે? આપ કંદમૂળ ખાતા હો અને મને અહીં છત્રીસ પ્રકારના ભોજન ગળે ઉતર્યા હશે? આપ ભોંયતળિયે સૂતા હો અને આ સોનાના ઢોલીયે શું મારી આંખો મિંચાણી હશે?

આપને વનમાં કાંટાઓ ખૂંપ્યા હશે, તો શું મને આપના વિરહના કાંટા નહીં ખૂંપ્યા હોય? અરે, અસ્ત્ર-શસ્ત્રથી થયેલા ઘાવને તો 'વિશલ્યકરણી ઔષધિ' ભરી દે છે... પરંતુ છે, આ વિરહના ઘાવને ભરી દે એવી એકેય ઔષધિ??

અરે... ભ્રાતૃપ્રેમમાં આટલા ગળાડૂબ આપ, કે ચૌદ વર્ષ સુધી મને છોડીને જતા રહ્યા તોય 'હું જાઉં છું' એટલું કહેવા સુધીની દરકાર પણ આપે ના કરી??!

આંખમાંથી આંસુને વહાવ્યા વગર, બધાને પ્રસન્ન રાખનારી આ ઉર્મિલાને આજ આપની સામે હૈયાવરાળ કાઢવી હતી... લક્ષ્મણ, ચૌદ વર્ષથી સાચવેલા ડુમાને આજે અશ્રુનાં ધોધમાં વહાવી દેવો હતો.

મને આપની સામે કોઈ ફરિયાદ નથી લક્ષ્મણ... એક અહોભાવ છે તમારા માટે તો...

આમ તો કોઈની સામે ફરિયાદ નથી... પણ...

લક્ષ્મણ...

બસ... લોકો સીતારામ સીતારામ બોલે ત્યારે મારું મન ઝંખતું હોય છે 'લક્ષ્મણ-ઉર્મિ, લક્ષ્મણ-ઉર્મિ' એવું સાંભળવા માટે...

રામ-લક્ષ્મણ-જાનકી આપનાં ત્રણેયની મૂર્તિ મંદિરોમાં નિહાળું ત્યારે આપની જમણી બાજુ ઝંખતી હોઉં છું મારું સ્થાન...

કોઈ તો એકવાર બોલીને સંભળાવો 'લક્ષ્મણ-ઉર્મિ, લક્ષ્મણ-ઉર્મિ...'

(બોલતી બોલતી ઢળી પડે છે...)

## સુબી ફિલ્મ્સ નિર્મિત શોર્ટ ફિલ્મ 'સફાઇ' વડાપ્રધાનના જન્મદિવસે લોન્ચ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે ભુજમાં અનેકવિધ કાર્યક્રમો યોજાયા. મોદીનાં સરાહનીય કાર્યોમાંનું એક, તે દેશમાં 'સ્વચ્છ ભારત - સ્વસ્થ ભારત' અંતર્ગત સફાઇ અભિયાન. આ જ વિચારોથી પ્રેરિત "સફાઈ" નામની શોર્ટ ફિલ્મ ભુજના એક્ટર, ડાયરેક્ટર સુરેશ બીજલાણી 'સુબી'એ બનાવી. જેમાં સફાઈ કર્મીઓનાં સન્માનની વાત ખૂબ જ સારી રીતે વણી લેવાઈ છે.



આ ફિલ્મનું લોન્ચિંગ વડાપ્રધાનનાં જન્મદિને રાજ્યમંત્રી અર્જુનસિંહ ચૌહાણ તથા સાંસદ વિનોદભાઈ ચાવડાનાં વરદ્ હસ્તે કરવામાં આવ્યું. ભુજના જ કલાકારો હેમાલી ચૌહાણ, સુરેશ બીજલાણી, પરાગ પોમલ, કિશોર નટ, વસંત પોમલ તથા પરેશ ગુજરાતીએ સાહજીક અભિનયથી દિલ જીતી લીધા છે, તો નીરવ પોમલ અને સાવન રાજગોરની સિનેમેટોગ્રાફી લાજવાબ છે. સુબી ફિલ્મ્સની આ ફિલ્મ 'યુ-ટ્યુબ' પર જોઈ શકાય છે.

સફાઈ વિશે આમ તો ઘણું લખાયું છે. ઘણાં સૂત્રોનાં માધ્યમથી સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવવામાં આવે છે, પણ ભાગ્યે જ કોઈ સફાઈકર્મીઓ વિશે, એમની તકલીફો વિશે વિચારતા હશે. આ ફિલ્મમાં આવી જ વાત કહેવામાં આવી છે. જે યુ-ટ્યુબ પર Subi Films ચેનલ પર જોઈ શકાય છે. ચેનલને સબસ્ક્રાઇબ કરો અને સારી સારી શોર્ટ ફિલ્મો જુઓ.

આ ફિલ્મનું લોન્ચિંગ થયું ત્યારે સમારંભમાં ઉપસ્થિત ભુજનાં સૌથી મોટા ગણેશ પંડાલના આયોજકોએ ફિલ્મ જોઈ, પ્રભાવિત થઇ, એ રાત્રે સફાઈ કર્મીઓનાં હસ્તે ગણપતિ દેવની આરતી ઉતારી અને સફાઈ કર્મીઓનું સન્માન કર્યું હતું.

***"કચ્છ આજકાલ"માંથી સાભાર***

*ન બોલે તેને બોલાવજો, ન આવે તેને ઘેર જજો, રીસાય તેને રીઝવજો અને આ બધું તેમના ભલા માટે નહીં પણ તમારા ભલાને સારું કરજો. જગત લેણદાર છે, આપણે તેના કરજદાર છીએ.*

**પ્રવાસ**

# ૪૦ વર્ષ પહેલાંની એક રસપ્રદ પ્રવાસ નોંધ

પ્રેષક : રૂમા કંસારા - દિલ્હી

*મારા પૂજ્ય પિતાશ્રી સ્વ. કાંતિલાલ લખમશી પોમલ (રાયપુર - છત્તીસગઢ)ની ઈ.સ. ૧૯૮૧ની ડાયરીમાં પ્રસ્તુત પ્રવાસ નોંધ.*
*— રૂમા કંસારા*



દક્ષિણ ભારતના તીર્થમાં તિરૂપતી પછી બીજું કોઈ મહત્ત્વનું તીર્થ હોય તો એ રામેશ્વરનું કહેવાય. અનેક લોકો રામેશ્વરના તીર્થની ઝંખના સેવતા હોય છે. પૂર્ણ થઇ જાય તો પોતાને ભાગ્યશાળી સમજતા હોય છે. કોઈ પૂછે ક્યાં રામેશ્વર જઈ આવ્યા? ખરેખર તમે ભાગ્યશાળી છો! આવા મીઠા સવાલ-જવાબ લાગે. લોકોની નજરમાં મહાન બની જઈએ. કોઈ આપણને પૂછતું ન હોય, તેવાને સહુ પગે લાગવા આવે, મળવા આવે અને સાથે તેનો થોડો પ્રસાદ મેળવીને પોતાને ધન્ય સમજે. પ્રસાદનું પાન કરી જાણે પોતાનું બધું દુઃખ દૂર થઈ જાય તેવી પ્રસન્નતા તેમના ચહેરા પર જણાતી હોય છે. તેવી શ્રદ્ધા, પ્રેમ અને લાગણી લોકોને આ તીર્થ પ્રત્યે હોય છે.

દૂર સમુદ્રની વચ્ચે ટાપુ ઉપર શંકર ભગવાનનું જૂનું એક મંદિર સિવાય અહીં કશું નથી. છતાં તેનો મહિમા અપરંપાર છે. કેમકે સૌને શ્રી રામચંદ્ર ભગવાન પ્રત્યે અગાધ પ્રેમ છે. એ ભગવાન, જેના પ્રત્યે લોકોને ખૂબ જ ભક્તિભાવ છે, તેનો અહિંયા વાસ છે. અહીંથી જ રામે લંકા ઉપર ચડાઈ કરી, સીતા માતાને મેળવ્યા હતા. ચડાઈ કરતા પહેલાં રામચંદ્ર ભગવાને અહીં શંકર ભગવાનની પૂજા કરી હતી. તેથી તે રામેશ્વર કહેવાયા, ને અહીંનું નામ રામેશ્વર પડ્યું. શંકર ભગવાનનું વિશાળ મંદિર અને તેની સામે વિશાળ નંદીની અહીંનું મહત્ત્વનું આકર્ષણ છે. રાવણ એટલે પાપી. તેથી પાપનો નાશ કરવો; સીતાજી એટલે પુણ્ય, પુણ્યને મેળવવું એ સિદ્ધાંત પર યુધ્ધનું આયોજન અહીં થયું હતું. જેમાં શ્રી હનુમાનજીએ મહત્ત્વનું કાર્ય કર્યું હતું.

આમ, અહીંથી પાપ-પુણ્યના આધાર પર ચડાઈ થઈ હતી, જેમાં શ્રી રામચંદ્રને વિજય મળ્યો અને પાપીનો નાશ થયો. આ બધું અહિંયા સર્જાયું તેથી આ સ્થળ એક યાત્રાનું ધામ બની ગયું. દિવસ જતાં એનું મહત્ત્વ વધતું ગયું. તેથી જે કોઈના ચરણ આ ધરતી પર મૂકાય, તે પોતાને ભાગ્યશાળી સમજે. અમે પણ ભાગ્યશાળી બન્યા. અહીં ટાંગા હતા, જે રૂા. ૧/-માં મંદિર તેમજ સમુદ્રકાંઠે લઈ જતા. પરંતુ અમે બધા એક સાથે એક બસમાં આવી ગયા અને તે પણ ૬૦ પૈસામાં. જેથી મંદિર પાસે પહોંચવામાં વાર ન લાગે. અહીં પણ ૧ ગાઇડ ૧૦ રૂા.માં રાખ્યો હતો. અહીં ગાઈડની જરૂરત ન હતી પરંતુ આટલા બધાને ક્યાં જવું તેનો માર્ગ બતાવવા ૧ વ્યક્તિની જરૂરત હતી, જે અમારી સાથે હતો. અમે સૌ મંદિર પાસે પહોંચી આવ્યા.

ઘણા સમયથી મનમાં જે દર્શનની ભાવના હતી, તે આજે ફળીભૂત થઈ. મંદિરની સામેથી જ ૧ સીધો રસ્તો સમુદ્ર તરફ જાય છે. બહુ દૂર નથી. થોડું ચાલવું પડે છે. ઈશ્વરના દર્શન જેને સાચા મનથી - શુદ્ધ તનથી અને થોડાંક જ ધનથી કરવા હોય, તો સર્વપ્રથમ સૌને એ સાગરમાં સ્નાન કરવાનું હોય છે. ભીને કપડે મંદિરમાં આવવાનું હોય છે. પછી ૨.૫૦ રૂા. ચાર્જ આપી ૨૨ કુંડમાં સ્નાન કરવાનું હોય છે. પછી જ ઈશ્વરના દર્શન તેમને પ્રાપ્ત થાય છે. આ અહીંનો નિયમ છે.

સમુદ્રનો કાંઠો છીછરો છે એટલે નાના-મોટાને નહાવામાં ડર નથી રહેતો, બલ્કે આનંદ આવે છે. અમે સૌ સાથે નહાયા અને સાથે દર્શન માટે રવાના થયા. ઈશ્વરના ધામમાં સમુદ્ર સ્નાનથી અગર માનવીના પાપ ધોવાઈ જતા હોય તો અમે પણ પવિત્ર બની ગયા. હવે રહ્યા મંદિરના ૨૨ કુંડની ૨૨ બાલ્ટીથી મનની શુદ્ધિ કરવાની વાત. માનવીના નાના એવા મગજમાં અનેક ખામીઓ હશે, જેમાંની મહત્ત્વની ૨૨ તો હશે જ. તો એ ઈશ્વરના જળની એક એક બાલટીથી માનવી પોતાની એક એક ખામીને ધોતો, ઈશ્વર પાસે પહોંચે તોજ ઈશ્વરના દર્શન થાય એવું મારૂં માનવું છે. ૨૨ બાલટીથી ૨૨ ખામીઓ કાઢીને જ્યારે આપણે ઈશ્વર પાસે જઇએ, તો સમજો, આપણામાં ઈશ્વરનો વાસ છે. અશુદ્ધિઓને જીવનમાંથી કાઢવી એ બહુ અઘરું કામ છે. જેમણે આ કઠિન કાર્ય ઉપર વિજય મેળવી લીધો, તેની યાત્રા

ખરેખર સફળ થઇ ગઇ લેખાય. આમ, સૌએ ૨૨ કુંડનું સ્નાન કરી ઈશ્વર દર્શન મેળવ્યા. છેલ્લું સ્નાન ઈશ્વરના મંદિરમાંથી આવતું પાણીના છાંટારૂપે હતું. એ જાણે છેલ્લી શુદ્ધિ હતી. ઈશ્વરનો માનવી પ્રત્યેનો છેલ્લો પ્રયાસ હતો. એમાં પણ માનવી પોતાને ન સુધારી શક્યો, તો સમજો એનું ભાગ્ય કમજોર છે.

રામેશ્વર એક વિશાળ અને જૂનું મંદિર છે, જે આખું પથ્થરથી બનેલ છે. અંદર અલગ અલગ બીજા ભગવાનના પણ મંદિરો છે. સાધુઓની ચહલ-પહલ, ભક્તોની ભીડથી મંદિરનો માહોલ આકર્ષક લાગે છે. અહીંની એક વિશિષ્ટતા દેખાઈ, તે નંદીની વિશાળકાય એક જ પથ્થરમાંથી કોતરેલ મૂર્તિ. સૌ કપડાં બદલાવી તૈયાર થઈ ગયા. સ્નાન અને દર્શનથી સૌ તૃપ્ત થયા. પ્રસન્નચિત્તે સંતોષ અનુભવતા સૌ બહાર આવ્યા. ભૂખ લાગી હતી અને એ જ ઇડલી - ઢોંસાનો અમને આસરો હતો. આખા દક્ષિણ ભારતમાં વિશેષ કંટાળો ભાષાથી આવતો અને ભાષાથી પણ વિશેષ કંટાળો ખાવા બાબતનો આવતો હતો. ખાવાના અને ભાષાના સુખથી સૌને વંચિત રહેવું પડે છે. હૃદયમાં યાત્રાની ભાવના અને મનમાં ઈશ્વર રમતા હોય, ત્યાં આવું દુઃખ ગૌણ બની જાય છે. રામેશ્વરની યાત્રા પૂરી.

બસ પકડી, પાછી ટ્રેન પકડી, જ્યારે મંડપમ પહોંચ્યા ત્યારે ૭ વાગી ચૂક્યા હતા. અમને એમ કે અમારા રસોઇયાએ રસોઈ બનાવી રાખી હશે. પરંતુ અહીંથી પવનનો સપાટો ધૂળની માર એવી હતી કે તે જોઈને અમે સમજી ગયા કે મકાનના આધાર વગર રસોઈ ક્યાંથી બની હશે! ખરેખર, બની જ ન હતી. તેથી તરત જ રવાના થઇ કન્યાકુમારી તરફ પ્રયાણ શરૂ કરી દીધું. આ પ્રયાણ પણ આખી રાતનું પ્રયાણ હતું. રસ્તામાં ખાવામાં રાત્રે એ જ ઢોંસા અને ઇડલી લખ્યા હતા. આખી રાત મુસાફરી દરમ્યાન અકળાઈ ગયા હતા. પરોઢિયે ૪ વાગે 'કન્યાકુમારી' પહોંચ્યા.

*(ક્રમશઃ)*

## સ્વામિ વિવેકાનંદના પ્રેરણાદાયક વિચારો : (૨)



**જેમીની કલ્પેશકુમાર સોની**
**મમાયમોરા (માંડવી)**

નમસ્તે. અહીં હું ભારતના પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા પુરુષ એવા સ્વામી વિવેકાનંદ, જે પોતાના શિકાગોમાં ૧૮૯૩ દરમિયાન આપેલા હિંદુ ધર્મના ભાષણ માટે જગવિખ્યાત છે, તેના કેટલાક પ્રેરણાદાયક વિચારોનો ભાગ-૨ રજૂ કરું છું.

★ સખત પરિશ્રમ કરો, દ્રઢ બનો અને પરમેશ્વરમાં શ્રદ્ધા રાખો. કામે લાગી જાઓ. જો તમે કામે લાગી જશો તો સઘળા સાધનો તમને પ્રાપ્ત થશે.

★ 'જીવીએ ત્યાં સુધી શીખીએ.' પણ અહીં એક બાબત ધ્યાનમાં રાખવાની છે કે, જ્યારે આપણે બીજાઓ પાસેથી કંઈ લઇએ ત્યારે તેને આપણી રીત પ્રમાણે અને આપણને અનુકૂળ આવે તેમ ઘડી લેવું જોઈએ.

★ અનંત શ્રદ્ધા અને બળ, એ જ માત્ર સફળતાનું રહસ્ય છે.

★ પવિત્ર અને નિઃસ્વાર્થી થવા પ્રયત્ન કરજો કારણકે સંપૂર્ણ ધર્મ એમાં જ આવી જાય છે.

★ જ્યાં હોય ત્યાં પડ્યા રહેવાનો સ્વભાવ પશુનો છે. સારું શોધવું અને ખરાબ ત્યજવું.

★ જે લોકો આ જીવનમાં નિરંતર નિરાશ અને નિરૂત્સાહી રહે છે, તેઓ કશું કરી શકતા નથી.

★ ધન મેળવવામાં કે ઈશ્વરની આરાધના કરવામાં કે કોઈ કાર્યમાં એકાગ્રતાની શક્તિ જેટલી વધારે, તેટલું તે કાર્ય વધારે સારું છે.

★ મહાન કાર્યો કદી આસાનીથી થઈ શક્યા છે? સમય, ધૈર્ય અને અદમ્ય ઇચ્છાશક્તિ પોતાનું પરિણામ બતાવી આપશે જ.

## પ્રભુએ શું પ્રમાણ્યું?

થવાનું હતું તે થયું,
હવે શું બાકી રહ્યું?

ઘણું જાણ્યું, ઘણું માણ્યું;
ઘણું નાણ્યું, ઘણું તાણ્યું.

પરજનોએ પડકાર્યું,
સ્વજનોએ સ્વિકાર્યું;
સત્સંગે સમાર્યું, સમાજે સ્વીકાર્યું.
પણ....

શું જીવન સાર્થક થયું?
કે સાવ નિરર્થક વહ્યું?

બસ એજ છે અજાણ્યું
પ્રભુએ શું પ્રમાણ્યું?

થવાનું હતું તે થયું
બસ એજ બાકી રહ્યું
કે, શું પ્રભુએ પ્રમાણ્યું?

*– હંસરાજ કંસારા*

સંકલન : લતાબેન સોલંકી - ભુજ

## મારે નિશાળ જવું છે

કોરોના તું જા રે જા ફરી કદી પાછો ના આવ
મને શાળા બહુ યાદ આવે છે, મારે નિશાળે જવું છે
મારે નિશાળે જવું છે....

શાળાની પાટલીઓ પર યુનિફોર્મ પહેરીને
પહેલી લાઈનમાં જ બેસવું છે
મારે નિશાળે જવું છે....

બેન ભણાવે જે બ્લેકબોર્ડ પર,
તેને નોટબુકમાં લખી મગજમાં ઉતારવું છે
મારે નિશાળે જવું છે....

ક્લાસમાં ધીંગામસ્તી કરવા જતાં
મોનિટરની ચાચી ચુગલીથી બેનના હાથે ધોકાવું છે
મારે નિશાળે જવું છે....

ક્લાસમાં બેનની નજર ચૂકાવી
નોટબુકમાં આડુંઅવળું જેમતેમ જી ને તી ચીતરવું છે
મારે નિશાળે જવું છે....

રીસેસમાં ભાઈબંધો સાથે બેસી
એકબીજાના ડબ્બામાંથી ભાવતું ભોજન કરવું છે
મારે નિશાળે જવું છે....

રજા પડે તો મિત્રો સાથે ખો-ખો,
હુ તૂ તૂ તૂ અને લંગડી અંચઈ કરીને રમવું છે
મારે નિશાળે જવું છે....

ઘેર આવી દફતર ઘા કરીને સીધા શેરી મિત્રો સાથે
સ્કૂલની અલક મલકની વાતો કરવા જવું છે
મારે નિશાળે જવું છે....

કાના! ઓ કાના એવું રૂપ ધરી આવજો
કોરોનાનું કાળજુ ચક્રથી હણજો,
દુનિયા રૂપી શાળાને સ્વસ્થ થઈ મધમધવું છે
મારે નિશાળે જવું છે....

– *ટબલી*

---

ટમટમતાં તારલિયા સામે ઉચ્ચ ગગનના
પટપટાવતા પાંખો અમે મસ્ત ગગનમાં.

ફરફરતા ફુદરડાં ને કૂદાકૂદ કરતા
ખળખળતા ઝરણાં અમે અથાગ જગતના.

સરસરતા વાયરા ને કલકલ કાબરિયા
ફોરફોરમતાં ફૂલડાં અમે મહેકતા બાળ વાટીકાના.

રંગરંગના કલ્પચિત્રો ને ભાતભાતની કલ્પવાર્તા કરતા
છબછબીયા કરી રાચતા અમે અપાર બાળ મનમાં.

– *કિષ્ના આર. બુધ્ધભટ્ટી (પ્રાર્થના)*

## ચકી બેન... ચકા ભાઈ...

ચકીબેન માળો બાંધો
ચકાભાઈ માળો બાંધો
મારા ઘરમાં માળો બાંધો.
ચકાભાઈ તમે પીંછા લાવો,
ચકીબેન તમે સળીઓ લાવો
ચકીબેન ચીંચી કરતા જાજો
પીંછા સળી ગોઠવતા જાજો
ચકાભાઈ ચકીબેનને મદદ કરતા જાજો
થાકી જાવ તો આરામ કરતા જાજો
બાજરો બંટી ચણતા જાજો
ઠીબનું પાણી પીતા જાજો
ચકીબેને ઇંડા મૂક્યા બબ્બે,
ચકાભા ચોકી કરતા જાજો
બિલાડા કાગડાથી બચાવતા જાજો
બચ્ચાના મોંમાં વારાફરતી દાણા દેતા જાજો
દાણા ખાઈ બચ્ચા મોટા થાજો
ચીં ચીં ના કલરવથી ઘર ગજાવતા જાજો
પાંખો પસારી નભ સર કરતા જાજો
યાદ તમારી આવશે ખૂબ જ
ક્યારેક ભૂલા પડતા જાજો
કોઈવાર અમને મળતા જાજો

– *ટબલી*

---

## જાણવા જેવું

૧. ખિસકોલી લાલ રંગને નથી જોઈ શકતી.
૨. જ્યારે તમે ખોટું બોલો છો ત્યારે તમારૂં નાક ગરમ થઈ જાય છે.
૩. બંગાળ બેંક, એ ભારતની સૌપ્રથમ બેંક છે, જેમાં ચેક સિસ્ટમ ચાલુ કરવામાં આવી હતી.
૪. એક સર્વેના પ્રમાણે બાળક ૭ વર્ષની ઉંમરથી ખોટું બોલવાનું શરૂ કરી દે છે.
૫. શેમ્પુની શોધ ભારતમાં જ થઇ છે.
૬. એક વ્યક્તિ પોતાના જીવનમાં ૬ વર્ષ સપના જોવામાં વિતાવે છે.
૭. ગરોળીનું હૃદય ૧ મિનિટમાં ૧૦૦૦ વાર ધબકે છે.
૮. ચ્યુઇંગમ તમારા મગજને સ્થિર રાખવાની સાથે મગજને બરાબર કામ કરવામાં સહાય કરે છે.
૯. 'એપ્પલ' કંપનીના ફાઉન્ડર સ્ટીવ જોબ્સની ગાડી પર ક્યારેય નંબર પ્લેટ નથી લાગી.

– *કિષ્ના આર. બુધ્ધભટ્ટી (પ્રાર્થના)*

# આજના યુવાનો માટે પ્રેરણાદાયક પ્રસંગ

અમિત મનસુખલાલ કંસારા - વઢવાણ

## જોરાવરનગરના ગૌતમ કંસારાને હવેલી સંગીતની કલાએ વતનથી વિદેશ સુધીની સફર કરાવી



વઢવાણના ઠાકોર સાહેબ જોરાવરસિંહજીએ ૧૯૨૦માં જોરાવરનગર વસાવ્યું. વઢવાણમાં રહેતા કુમનદાસ ગોકળદાસ જોરાવરવગરમાં સ્થાયી થયા. કુમનદાસના ધર્મપત્ની કાંતાબેનની કુખે તા. ૨૫-૦૯-૧૯૬૬ના રોજ ગૌતમભાઈ કંસારાનો જન્મ થયો. નાનપણમાં જ ગૌતમભાઇને સંગીતનો શોખ. પાંચ વર્ષની ઉંમરથી ઘરના ખાલી ડબ્બા ઉપર તબલા વગાડતા. ગૌતમભાઈએ એસ.એસ.સી. સુધી અભ્યાસ કરી સંગીતની સફર ચાલુ કરી. જોરાવરનગરમાં આવેલ રામજી મંદિરમાં રાત્રે ધૂન-ભજનમાં તબલા વગાડવાનો નિત્યક્રમ દસ વર્ષ સુધી ચાલ્યો. સવારે કંસારા મઠારકામ સાથે તબલા સાથે સંગત - સવારે કંસારા કામ કરતા તબલા ઉપર રીયાઝ કરવાનો સમય ન મળે ત્યારે માટલી બેડા ઉપર વગાડીને રીયાઝ કરી લેતા. ધીરે ધીરે તબલા વાદકમાં તેમનું નામ સુરેન્દ્રનગર જિલ્લામાં થયું. ગૌતમભાઈ કંસારાએ ગુજરાતના ખ્યાતનામ કલાકારો જેવા કે નારાયણ સ્વામી, કાનદાસ બાપુ, બચુભાઈ ગઢવી, પ્રફુલ્લભાઈ દવે, હેમંતભાઈ ચૌહાણ, નિરંજન પંડ્યા, ભાઈલાલભાઈ સોની વગેરે ખ્યાતનામ કલાકારો સાથે તબલાની સંગત કરેલી. તેમની સાથે ભજનમાં તબલા વગાડેલ. વર્ષ ૧૯૯૦થી ૨૦૦૦ની સાલ સુધી રેકોર્ડિંગ લાઇનમાં પણ તેમનું મોટું પ્રદાન રહ્યું. ખ્યાતનામ કલાકારો સાથે સાતસોથી આઠસો કેસેટોમાં તબલાનું વાદન કર્યું. તે દરમ્યાન તેમને નવરાત્રી - રાસ ગરબા - ઓરકેસ્ટ્રા, લગ્ન ગીતો, રીસેપ્શન જેવા સંગીતના ગ્રુપ ચલાવતા ઓર્ગેનાઇઝ કરતા. સંગીત ગૌતમભાઈ કંસારાને ગોડ ગીફ્ટ હતી. તેથી તેમનો મિલાપ વર્ષ ૨૦૦૦ની સાલથી પ.પૂજ્ય ૧૦૮ ગોસ્વામી શ્રી યદુનાથજી મહોદયશ્રી (અમદાવાદ-કડી) સાથે થયો. તેમની સાથે કથામાં તબલા ઉપર સંગત આપવાનો લાભ મળ્યો. તેથી તેમના વાદન, સરળ સ્વભાવ વર્તનથી ખૂબ જ પ્રભાવિત થયા. તેમની સાથે હંમેશાં કથામાં તબલા વાદન કરવાનો આગ્રહ કર્યો. તે તેમણે સ્વીકાર કર્યો. ત્યાર પછી ગૌતમભાઈ કંસારાનું ભાગ્ય ખીલ્યું. હવેલી સંગીતની શુભ શરૂઆત થઈ. યદુનાથજી મહોદય સાથે આખા ભારતમાં કથા કીર્તનમાં વારંવાર જવાનું થયું. વલ્લભકુળના સતત સહવાસથી ગૌતમભાઈ કંસારાની પ્રથમ વિદેશ યાત્રા ૨૦૦૩માં દુબઇ અઝહરબાઈઝાન (બાકુ)થી થઈ. ત્યાર પછી સતત વિદેશ યાત્રાનો સીલસીલો ચાલુ થયો. દુબઇ, મસ્કત, બહેરીન, તાન્ઝાનીયા, દારેસલામ, નૈરોબી તેમજ યુરોપના અનેક દેશોમાં કથામાં અવારનવાર મહારાજશ્રી સાથે તબલાની સંગત આપવાનો લહાવો મળ્યો.

વર્ષ ૨૦૧૬માં યદુનાથજી મહારાજશ્રીએ ક્રુઝ (સ્ટીમર)માં વેનિસથી એથેન્સ યુરોપ ટુરમાં ભવ્ય સાત દિવસની કથાનું આયોજન કરેલ. તેમાં ગૌતમભાઈ કંસારાને તબલા વાદનનો લાભ મળેલ. જે તેમના માટે જીવનનો યાદગાર પ્રસંગ બન્યો. કથા દરમ્યાન પ્રખર કીર્તનકાર મંગલદાસ બાપોદરા સાથે ગૌતમભાઈનો મિલાપ થયો. ત્યારથી ગૌતમભાઈ હવેલી સંગીતની વિશેષ શરૂઆત થઈ. ગૌતમભાઈએ મંગલદાસ બાપોદરા સાથે રસિયા ગાન, યમુનાજીના એકતાલીસ પદ, અષ્ટ સખાના કીર્તનોમાં તબલા વાદન અને પખાવાજ વગાડવાનો મોકો પ્રાપ્ત થયો. મંગલદાસ બાપોદરા સાથે ગૌતમભાઈએ કીર્તનના અનેક કાર્યક્રમો કર્યા.

ગૌતમભાઈ કંસારાએ સંતવાણી, ડાયરો, ભજન, રાસ ગરબા, ઓરકેસ્ટ્રા, લગ્નગીતો વગેરેમાં તબલાવાદન, ઢોલક વાદન કર્યું પણ હવેલી સંગીત તેમના માટે નવો વિષય હતો. હવેલી સંગીતનો એકતાલ શીખવા દિવસના ૧૬ કલાક સુધી તેમણે રીયાઝ કર્યું. આવું સતત ૨૨ દિવસ સુધી રીયાઝ કરેલ. ત્યારબાદ અનેક તાલ શીખવા માટે તેમણે ખૂબ જ મહેનત કરી. આજે હવેલી સંગીતમાં તબલા અને પખાવાજમાં મોટી સિધ્ધિ હાંસલ કરી છે. આજે પણ તેઓ વિદ્યાર્થીની માફક તબલા વાદનમાં નવું નવું શીખતા જ રહે છે, જે આજના યુવાનો માટે પ્રેરણાદાયક છે.

ગૌતમભાઈ કંસારા સંગીત ક્ષેત્રે સંગીતના સર્વોચ્ચ શિખરો સર કરે એવી અભ્યર્થના. સમસ્ત કંસારા સમાજ ગૌતમભાઈને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

*ભાગ્ય અને જૂઠ પાસેથી જેટલી વધુ ઉમ્મીદ રાખશો તે એટલું જ વધુ નુકસાન કરશે. પરંતુ કર્મ અને સચ્ચાઇ પર જેટલું વધુ જોર આપશો, તે હંમેશાં અપેક્ષાથી પણ વધુ આપશે.*

# શ્રદ્ધાંજલિ



| • જન્મ • | • સ્વર્ગવાસ • |
|---|---|
| ભાદરવા સુદ-૪ | શ્રાવણ વદ-૫ |
| તા. ૧૨-૦૯-૧૯૫૩ | તા. ૨૭-૦૮-૨૦૨૧ |


## સ્વ. સોની રમેશભાઈ વેલજીભાઈ પોમલ

*જીવન એવું જીવી ગયા કે સૌના હૃદયમાં વસી ગયા...*
*આપનો નિખાલસ અને માયાળુ સ્વભાવ સદાય અમારો માર્ગદર્શક બની રહેશે.*
*પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે....*


| | | | |
|---|---|---|---|
| ગં.સ્વ. દમયંતીબેન રમેશભાઈ પોમલ | અમદાવાદ | – | પત્ની |
| હર્ષદભાઈ રમેશભાઈ પોમલ | અમદાવાદ | – | પુત્ર |
| દક્ષાબેન હર્ષદભાઈ પોમલ | અમદાવાદ | – | પુત્રવધૂ |
| નીલેશભાઈ રમેશભાઈ પોમલ | અમદાવાદ | – | પુત્ર |
| મનીષાબેન નીલેશભાઈ પોમલ | અમદાવાદ | – | પુત્રવધૂ |
| ભાવનાબેન રાજેશભાઈ કટ્ટા | ભુજ | – | દીકરી |
| રાજેશભાઈ શંભુલાલ કટ્ટા | ભુજ | – | જમાઈ |
| માનસીબેન સ્મિતકુમાર સોલંકી | ભુજ | – | દોહિત્રી-જમાઈ |
| પ્રિન્સી, ભવ્યા, પાર્થ, ઝીલ, પ્રણય | અમદાવાદ | – | પૌત્ર-પૌત્રી |
| ઇવા - ઇસા | ભુજ | – | દોહિત્રી |

**સ્વ. સોની વેલજીભાઈ હેમરાજભાઈ પરિવારના**

**જયશ્રી કૃષ્ણ**


yogisafe.com
Hetan soni
09824302030
Yogi
SINCE 1980
SECURE BY YOUR TRUST
SAFE | STRONG ROOM DOOR | LOCKERS
વિશ્વાસ રાખો આપ એક વિશાળ અને
ઉત્તમ ઉત્પાદક સાથે જોડાયેલા છો
Ahemdabad Office :
Yogi Safe : 161/1, M.G. Haveli Main Road,
Opp. Abhyuday Co. Op. Bank, Manek Chowk, Ahmedabad-380001 Ph: 079-22110025
Company offices
AHMEDABAD • SURAT • BANGALORE • MYSORE
USHA Industries
An ISO 9001:2000 Company
Manufacturer of : SAFE / STRONG ROOM DOOR / LOCKERS
CUSTOMER CARE : 09825244191

RNI No. GujGuj/2005/16692/Posted at PSO Ahmedabad.




Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad- 380 021. Published at: Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chanlla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00